# અહલે સુન્નત વ જમાઅત

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)
૧-ફેબ્રુઆરી-૨૦૦૪
ઝીલ્ હજ્જ-મુહર્રમ શરીફ
હિ.સ.૧૪૨૪-૨૫
વર્ષ : ૦૧ અંક : ૦૨, સળંગ અંક : ૦૨

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |

★ સ્થાપક અને પ્રકાશક ★
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

★ પત્ર વ્યવહારનુ સરનામું ★
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

★ માનદ તંત્રી ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આ "બરકાતે ખ્વાજા" (માસિક) "ઈસ્લામિક વેલ્ફેર મિશન" દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ "ટેકનો પ્રિન્ટ" કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

## ✪ હમ્દે બારી તઆલા ✪

ક્યા બયાં હો હમ્દ તેરી માલિકે અર્શે અઝીમ,
હદ નહીં લુત્ફો કરમકી તેરે અય રબ્બે કરીમ.

હે કલામે પાક શાહિદ ફૈસલા હૈ યે અટલ,
હૈ પનાહ હર એક શય કો ઝાત હૈ તેરી કદીમ.

જિસસે હમ પહચાને તુઝકો ઔર તેરે મહબૂબકો,
તૂને બખ્શી હૈ ઈલાહી હમકો વો અકલે સલીમ.

દેખકર આષારે જલ્વા ખા ગએ ગશ એક દમ,
ક્યા તેરે દીદારકો આસાન સમઝે થે કલીમ.

★ ★ ★
★ ★
★

નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

તા. ૧-૨-૨૦૦૪ ... આપનું લવાજમ ... "બરકાતે ખ્વાજા"
થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક)

## ફેબ્રુઆરી-૨૦૦૪

## અનુક્રમણિકા


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | તંત્રી લેખ | પટેલ શબ્બીર અલી રઝવી | ૦૪ |
| ૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | લેખક : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૭ |
| ૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૪. | શિફા શરીફ | લેખક : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૫ |
| ૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૨ |
| ૬. | ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૬ |
| ૭. | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | લેખક : હઝરત મુફતી શરફુલ હક્ક رحمۃ اللہ علیہ અનુવાદક : હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૮ |
| ૮. | બુરી નજરથી બચો | લેખક : મુફતી મુહમ્મદ અમીન ફૈસલાબાદી અનુવાદક : મૌલાના મોહસિન મક્કી (સેગવા) | ૩૨ |
| ૯. | બાબરી મસ્જિદથી શિક્ષણના કેસરીયાકરણ સુધી | કાર્યાલય | ૩૬ |
| ૧૦. | ફતવા વિભાગ | મુફતી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૪૧ |
| ૧૧. | બરકાતે ખ્વાજાની ટપાલ | કાર્યાલય | ૪૪ |


**એક જરૂરી નોંધ :** **"બરકાતે ખ્વાજા"** (માસિક)ના પ્રકાશન કાર્યની સરળતાને ખાતર પ્રકાશન સ્થળ **આમોદ**ને બદલે **દયાદરા** કરવામાં આવ્યું છે જેથી હવેથી પ્રકાશક : **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** રહેશે જેની નોંધ લેશો. *–તંત્રી (બરકાતે ખ્વાજા)*

**અઝ : કારી નસીર એહમદ રઝવી** (મુદર્રિસ દારુલ ઉલૂમ બુખારીયા ફૈઝુર્રસૂલ, ચાંચવેલ)

તાજદારે એહલે સુન્નત હે ઈમામ અહમદ રઝા
ચશ્મએ ફૈઝે રિસાલત હે ઈમામ અહમદ રઝા

વો મુજદ્દિદ ચૌદવી હિજરી કે બેશક ! લા જવાબ
માહતાબે ઈલ્મો હિકમત હે ઈમામ અહમદ રઝા

જિસ્કે દમસે હો ગયા કોહરામ બરપા નજદમેં
કાતએ કુફ્રો દલાલત હે ઈમામ અહમદ રઝા

સુન્નિયત કી લાજ રખી હે જિન્હોંને તા હયાત
પાસબાને દીનો મિલ્લત હે ઈમામ અહમદ રઝા

કહ દિયા દાનિશ્વરોંને આપકો બે મિષ્લ ગુલ
ગુલશને તૈય્બાહ કી નકહત હે ઈમામ અહમદ રઝા

કી બગાવત આપસે જિસને વો મુર્તદ હો ગયા
શાહે બતહા કી અમાનત હે ઈમામ અહમદ રઝા

આ ગએ વો બાતિલોં કે વાસ્તે બનકર એતાબ !
એહલે સુન્નત કી કયાદત હે ઈમામ અહમદ રઝા

ખમ કિયા એહલે અરબને સરકો જિસ્કે સામને
વો મુજદ્દિદે દીનો મિલ્લત હે ઈમામ અહમદ રઝા

ફૈઝ જારી હી રહેગા તા કયામત અય "નસીર"
મખ્ઝને ફૈઝાને રહમત હે ઈમામ અહમદ રઝા

# શોહદાએ કર્બલાનો સંદેશ અને આપણે !

તંત્રી લેખ......

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આ અંક આપના હાથમાં આવશે ત્યારે ઈદે અદહાની કુર્બાનીના મુબારક દિવસો પસાર થઈ રહ્યા હશે. આપણો પ્યારો મઝહબ આપણને જગા જગા કુર્બાનીનો આદેશ આપે છે ક્યાંક માલની કુર્બાની તો ક્યાંક જાનની કુર્બાનીના પ્રસંગોથી ઈસ્લામી ઈતિહાસ ભરાયેલો છે. મઝહબે હક્કની રક્ષા ખાતર ડંકાની ચોટ પર એલાને હક્ક કરવાની ખાતર શહાદત વહોરનારાઓની ઈસ્લામી ઈતિહાસમાં કમી નથી, દીનની રક્ષાને ખાતર પોતાના લોહીનો છંટકાવ કરીને જમીનને લાલ રંગથી ભરી દેનારા જવાંમર્દો મુજાહિદોની લાશો આજે પણ પોકારી પોકારીને કહી રહી છે કે :–

હે મુસલમાનો ! જે મકસદને ખાતર અમે લોહી વેર્યું છે, તેને એળે જવા ન દેશો ! કર્બલાની ધરતી આજે પણ જાણે કહી રહી છે કે આ ભૂમી પર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લાડલા નવાસા, જન્નતી જવાનોના સરદાર, ઈમામે હુસૈન رضی اللہ عنہ એ કેવળ અને કેવળ પોતાના નાનાજાનના પ્યારા દીન ઈસ્લામની રક્ષાને માટે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી શરીઅતની રક્ષાના માટે પોતાના ખાનદાનના યુવાનોની જ નહીં નાનાં બાળકોની ઠંડી પડતી લાશો જોઈ છતાં આપનાં કદમો નથી ડગમગ્યા અને છેવટે પોતાની જાન પણ રાહે ખુદામાં કુર્બાન કરી દીધી. અને પોતાના આશિકોને બોધ આપ્યો કે, હે મારા ચાહકો ! જો શરીઅતની રક્ષાને કાજે અગર જાનનું નઝરાણુ પણ આપવાનું થાય તો પાછા હટશો નહીં, જાનને રાહે હક્કમાં કુર્બાન કરીને પણ શરીઅતની હિફાઝત કરજો !

**હે ઈમામે હુસૈનના આશિકો ! સાંભળો!** આપણાથી ઈમામે હુસૈનને કેટલી મહોબ્બત હતી કે આપણને ગુમરાહીથી બચાવવા માટે આપે યઝીદ પલીદ સાથે કોઈ ગૈર શરઈ સમાધાનની ફોર્મ્યૂલા ન ઘડી, ન શરીઅત વિરૂધ્ધનું એકતા સંમેલન રાખ્યું ! અને ફાસિકો ફાજિર બદ્કારની બયઅતથી ઈન્કાર કર્યો, પોતાના તથા પોતાના ખાનદાનના જીવનની શાંતિને જ હોડમાં નથી મૂકી બલ્કે પોતાના તથા ખાનદાનના બાળકોના અસ્તિત્વને પણ યઝીદ પલીદના જુલ્મ સામે શરીઅતની રક્ષા કાજે ભેટ ચઢાવી દીધું. હે ઈમામે હુસૈનના ચાહકો ! ઈમામે હુસૈન પાસે પણ બાપનું દિલ હતું, કયો બાપ પોતાની ઔલાદને કાંટો પણ વાગે તે પસંદ કરે ! જ્યારે આજે આપના નવજવાન બેટાઓની લાશો કફન તથા કબ્ર વિના કર્બલાની ધૂળમાં તડપી રહી છે ! હે આશિકે હુસૈન ! તારી પાસે પણ દિલ છે તારી પણ ઔલદ છે, જ્યારે તું થોડી તકલીફ ઔલાદને પડે તે સહન નથી કરી શકતો તો ઈમામે હુસૈનના જિગર પૂછ કે, અય હુસૈન ! હું આપની મહોબ્બતનો દાવેદાર છું ! અરે ! હું તો આપનો દીવાનો છું ! આપે યઝીદીઓના હાથે ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા અલી અકબર તથા ઝોહરાના લાલ, મુસ્તફાના નૂરે નઝર નન્ના મુન્ના અલી અસ્ગર તથા અન્ય આલે

રસૂલ શાહઝાદાઓને શા માટે ખાકો ખૂનમાં તડપવા દીધા ? અય હુસૈન ! તમે અહલે બયતની પાકીઝા ઔરતોને બેસહારા દુશ્મનોના ઘેરાવમાં છોડીને શહાદત કેમ વહોરી ? શું તમને તમારાં ઘરનાં બાળકો, ઔરતોની ચિંતા ન હતી ?! તો જવાબ મળશે કે :–

હે મારી મહોબ્બતના દાવેદાર ! યઝીદ ફાસિકો ફાજિર હતો, ખુલ્લમ ખુલ્લા ગુનાહિત કામો કરનાર હતો, શરાબી હતી, બદ્કાર હતો, શરીઅત વિરૂદ્ધ વર્તીને હરામ કામો કરનારો હતો, સૌથી પ્રથમ મુસલમાનોમાં દાઢી મૂંડાવનાર યઝીદ જ હતો. આવા પાપી શખ્સે મુસલમાનોના અમીરુલ્ મો'મિનીન બનવા માટે મારી પાસે બયઅત માટે અતિ આગ્રહ કર્યો પણ મેં તેની બયઅત ન સ્વીકારી અને :–

**સરદાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**

શરીઅતે મુસ્તફાની રક્ષા કાજે મેં સર કપાવવાનું પસંદ કર્યું પણ એક ફાસિકો ફાજિરના હાથમાં હાથ ન આપ્યો. દીન તથા શરીઅતની મહોબ્બત સામે સર્વ મહોબ્બતોને કુર્બાન કરી આપી. તો હે મારા ચાહક ! હે મારી મહોબ્બતનો દમ ભરનાર ! તું પણ મારી આ કુર્બાનીની લાજ રાખજે ! આલે રસૂલના ગુલશનના ઉમદા ફૂલોની કુર્બાનીની શરમ રાખજે ! આ આલે રસૂલના કર્બલામાં ઉડેલા લોહીના ફુવારાઓની લાજ રાખજે ! કર્બલાના શહીદોની કુર્બાનીની કદર સમજજે ! અને હુસૈની કિરદાર અપનાવજે ! યઝીદી કિરદારવાળો ન થતો ! શરીઅતના હુકમોનું ઉલ્લંઘન ન કરતો ! દાઢી ન મુંડાવતો ! હરામ કામો ન કરતો !

હે ઈમામે હુસૈનની દીવાનીઓ ! તમે પણ બેપર્દા થઈને આવારાઓની જેમ બજારો, ગલીઓમાં ભટકશો નહીં ! પોતાના શાહઝાદાઓ ખાકો ખૂનમાં તડપતા જોયા છતાં કોઈ જૂઠો પણ એવી રિવાયત નથી કરી શક્યો કે ખાનદાને અહલે બયતની ઔરતોએ પોતાના પર્દાને ત્યજ્યો હોય ! કે ચીચીયારીઓ કે બૂમો પાડીને પોતાના જિગરના ટૂકડાઓના મૌત પર આક્રંદ કર્યું હોય ! હે ઈસ્લામી બહેનો ! તમો પણ લાજ શરમને નેવે મૂકશો નહીં ! અને શરીઅતની પાબંદ બનજો ! નમાઝની પાંબદ રહેજો ! જૂઠ, ચુગલી, ગીબતથી બચજો !

આ છે ઈમામે હુસૈનનો સંદેશ ! દરેક આશિકે હુસૈન, આશિકે આ'લે રસૂલના માટે, પરંતુ અફસોસ ! હજારો અફસોસ ! કે આજકાલ કહેવાતા આશિકો પાસે દાવાઓના ડુંગર તો છે પણ સાબિતી માટે રાઈ જેટલીયે દલીલ નથી ! બલ્કે હાલત એ છે કે દા'વો આશિકે હુસૈનનો છે, દા'વો તો આશિકે રસૂલ તથા આશિકે આલે રસૂલનો છે પણ કિરદાર યઝીદના ચાહક જેવો છે ! આજે કહેવાતા ચાહકોની દિનચર્યા જુઓ તો સેંકડો હરામ કામોની ચેઈન જોવા મળશે !

સૌથી વિશેષ જોવામાં આવે તો આંખ કે જે અલ્લાહ તબારક વ તઆલાની અતા કરેલ અણમોલ નેઅમત છે તો તેના થકી પળ પળ ગુનાહો કરવામાં આવી રહ્યા છે ! પર સ્ત્રીઓના નાચ નખરા અને પર સ્ત્રીઓના ચહેરા તથા અંગોને આંખો ફાડી ફાડીને લોકો જોતા રહે છે અને ગુનાહનો જાણે એહસાસ પણ વર્તાતો નથી ! **વરસે ૫૦–૧૦૦ રૂા. ની કિતાબ કે ધાર્મિક અંક ન ખરીદી શકનારા ટેલીવિઝન તથા વિવિધ ચેનલોને જોવા માટેની સિસ્ટમો ખરીદવા હજારો રૂપિયા ખુશી ખુશી ખર્ચી નાખે છે ! વરસે ૧૦૦ રૂા. દીની ઈલ્મ આપનાર અંક ન ખરીદી શકનાર દર મહીને ૧૫૦–૨૦૦ રૂા. ટી.વી. ચેનલો ચલાવનારાને ખુશીથી આપી દે છે !** અને પછી શું જોવાનું ?! માં, બાપ, ભાઈ, બહેન, અડોશ પડોશના છોકરા છોકરીઓ સૌ સમુહમાં શરમને પણ શરમાવે તેવાં બેહયાઈભર્યાં દશ્યોવાળા પ્રોગ્રામો, ટી.વી. સીરીયલો તથા ફિલ્મોને જોઈને

પોતાની દીની અખ્લાકી જિંદગીને પાયમાલ કરી રહ્યાં છે. ટી.વી.ના પર્દા પર શું કે બજારો ગલીઓમાં શું, જેઓ નામહરમ સ્ત્રીઓને જોતા રહે છે તથા યુવાનો યુવતીઓની જે બેશરમી સાથે ભેળસેળ થતી રહે છે તેના માટે શરીઅતમાં શું હુકમ છે ? ફર્માવ્યું નબી કરીમ ﷺ એ કે :–

"પ્રથમવાર જોવું ગલતી છે, બીજીવાર ઈરાદાપૂર્વક જોવું ગુનોહ કરવું છે અને ત્રીજીવાર જોવું તબાહી છે. માણસનું સ્ત્રીના શારીરિક સૌંદર્ય (ચહેરો, વાળ, હાથ, પગ વગેરે)ને જોવું ઈબ્લીસનાં તીરોમાંથી એક ઝેરમાં બોળેલ તીર છે. જે મુસલમાન તેને અલ્લાહના ડરને કારણે તથા અલ્લાહ પાસેથી ઈનામો પ્રાપ્ત કરવાની ઉમ્મીદમાં છોડી આપશે તો અલ્લાહ તઆલા તેના સબબે તેને એવી ઈબાદત નસીબ કરશે જે તેને તેની ઈબાદત તથા નજરની પાકીઝગીની મીઠાશ નસીબ કરશે.

બીજી હદીષમાં છે કે "કિયામતના દિવસે દરેક આંખ પોતાના કોઈ ન કોઈ ગુનાહને કારણે રડતી હશે સિવાય તે આંખના કે જેને ખુદાની હરામ કરેલ ચીજ જોવાથી રોકી દેવામાં આવી."

એક હદીષમાં છે કે, "જે આંખ હરામથી ભરાશે તેમાં કિયામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે."

એક જગાએ ફર્માવ્યું, "જે શખ્સ અલ્લાહ અને કિયામત પર ઈમાન રાખે છે તે કોઈ (નામહરમ) સ્ત્રીની સાથે એકાંતમાં ન મળે કે જેની સાથે તેનો કોઈ મેહરમ ન હોય કેમ કે એ બેની સાથે ત્રીજો શૈતાન હોય છે.

બીજી હદીષમાં છે કે, **"કોઈ શખ્સ કોઈ (નામહરમ) સ્ત્રી સાથે કે જેની સાથે તેનો મહરમ ન હોય એકાંતમાં ન મળે, નહીં તો ક્યાં તો પુરૂષ ગુનાહનો ઈરાદો કરી બેસશે ક્યાં તો સ્ત્રી." અર્ઝ કરવામાં આવી કે, "યા રસૂલલ્લાહ ! જો તે બંનેવ નેક બુઝુર્ગ હોય તો પણ ?! ફર્માવ્યું કે ભલે તેઓ મરયમ બિન્તે ઈમરાન (હઝરત ઈસા عليه السلام નાં વાલિદા) અને હઝરત યહયા ઈબ્ને ઝકરિયા عليه السلام પણ કેમ ન હોય ?!**

હઝરત મૈમૂન ઈબ્ને મહરાન رحمة الله عليه ફર્માવે છે કે, **"કોઈ નામહરમ સ્ત્રીની પાસે ન જાવ ! ભલે તમે કહો કે હું તેને કુર્આને પાકની તા'લીમ આપીશ."**

આ છે ઈસ્લામની તથા શરીઅતની પાકીઝગીની તા'લીમ ! અને આજે આ તા'લીમથી દૂરી તથા તેના પર અમલથી મોઢુ ફેરવવાના કારણે માહોલની ખરાબીઓનો હાલ આપણી સમક્ષ જ છે. તો **નાચગાનની મેહફિલો જે ટી.વી. થકી ઘરે ઘર રચાઈ ગઈ છે અને સ્ત્રી પુરૂષની ભેળસેળ અને મનોરંજનની લચ્છેદાર મેહફિલો એ યઝીદી કિરદારના નમૂના છે, સાચો હુસૈની કદાપિ એવા કામો કરી શકતો નથી !**

આપણી શાદીઓ જોઈ લો ! કઈ ચીજ એવી થાય છે જે અલ્લાહ વ રસૂલને નારાજ કરનાર ન હોય ! આ નગ્નભર્યા શોર્ટ કટ સ્લીવલેસ ડ્રેસો, આ આરપાર દેખાતાં ચુસ્ત વસ્ત્રો અને આ બેશરમીભરી હરકતો તથા બેન્ડબાજા, મ્યૂઝિકની ધાંધલ ધમાલમાં શરમનું ઠંડા કલેજે ખૂન કરવામાં આવી રહ્યું છે, તેને ન કોઈ હુસૈની કહેવાતો પતિ રોકી રહ્યો છે, ન બાપ રોકે છે ન સમાજમાં એના વિશે કોઈ ચિંતાથી ચર્ચા કરી એને રોકવા કદમ ઉઠાવવાનો પ્રયાસ થાય છે. જાણે આ ચીજો ગુનોહ જ નથી એ રીતે બધું સામાન્ય થતુ જઈ રહ્યું છે !

**ઈસ ગુલિસ્તાંમેં મગર દેખનેવાલે હૈ નહીં**
**દાગ જો સીનેમેં રખતે હોં વો લાલે હી નહીં**

મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં શોહદાએ કરબલાના વસીલાથી મુસલમાનોને નેક હિદાયત આપે. *(આમીન)*

# તફસીરે ઝિયાઉલ કુર્આન

★ ★ અઝ ★ ★
ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

(કાર્યાલય)

હપ્તો : ૦૨

إِيَّاكَ نَسْتَعِينُ ۝ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيمَ ۝

**તારાથી મદદ માંગીએ[૧૦]**
**ચલાવ અમને[૧૧] સીધા માર્ગ પર**

**૧૦.** એટલે અમે ઈબાદત કેવળ તારી જ કરીએ છીએ એ જ રીતે મદદ પણ કેવળ તારી જ માંગીએ છીએ તું જ હકીકી કારસાઝ છે હકીકી માલિક છે. દરેક હાલતમાં તારા સમક્ષ સવાલ માટે હાથ ફેલાવીએ છીએ. પરંતુ એનો એ મતલબ નથી કે આ આલમે અસબાબમાં સબબોથી નજર ફેરવી લેવામાં આવે. બીમાર પડે તો ઈલાજથી દૂર રહે, રોજીની તલાશ વેળા રોજીનાં માધ્યમોથી અલિપ્તતા, ઈલ્મ પ્રાપ્તિ માટે ઉસ્તાદની સોહબતથી વિમુખ થવું, આ કાર્ય પદ્ધતિથી ઈસ્લામ અને તૌહીદને કોઈ સંબંધ નથી, કેમ કે તે જે શાફી (શિફા આપનાર), રઝઝાક તથા હકીમ છે તેણે એ પરિણામોને આ સબબોથી સંબંધિત કરેલાં છે. તેણે જ એ સબબોમાં તાસીર રાખેલી છે જેથી હવે એ સબબો થકી મદદ લેવી એ ગૈરથી મદદ ગણાશે નહીં. એ જ પ્રમાણે એ સર્વ સબબોમાં સૌથી અધિકતર મજબૂત અને અતિ અસરકારક સબબ દુઆ છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "દુઆ તો તકદીરને પણ ફેરવી નાખે છે." અને એમાં પણ કહેવાપણુ નથી કે ખુદાના મહબૂબોની સાથે અલ્લાહ તઆલાનો વાયદો છે કે તેઓ તેમની આ'જિઝાના તથા નિયાઝમંદાના ઈલ્તિજાઓને જરૂર કબૂલિયતનો શરફ બખ્શે છે. જેમ કે હદીષે કુદ્સી જેને ઈમામ બુખારી તથા અન્ય મુહદ્દિષોએ રિવાયત કરી છે, એમાં છે કે અલ્લાહ તઆલા પોતાના મકબૂલ બંદાઓ વિશે ઈર્શાદ ફર્માવે છે. وَإِنْ سَأَلَنِي لَأُعْطِيَنَّهُ وَلَئِنِ اسْتَعَاذَنِي لَأُعِيذَنَّهُ "જો મારો મકબૂલ બંદો મારાથી માંગશે તો હું જરૂર તેનો સવાલ પૂરો કરીશ, અને જો તે મારાથી પનાહ તલબ કરશે તો હું જરૂર તેને પનાહ આપીશ." તો જો હવે કોઈ શખ્સ મહબૂબાને ઈલાહીની બારગાહમાં ખાસ કરીને હબીબે કિબ્રીયા صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુઝૂરમાં કોઈ નેઅમતની પ્રાપ્તિના માટે અથવા કોઈ મુશ્કેલીને નિવારવાના માટે દુઆની અપીલ કરે છે તો એ પણ ગૈરની મદદ તથા શિર્ક નથી, બલ્કે અયન ઈસ્લામ તથા અયન તૌહીદ છે. હા ! જો કોઈ વલી, શહીદ તથા નબીના વિશે કોઈનો અકીદો એવો હોય કે એ મુસ્તકિલ બિઝ્ઝાત (જાતે પોતે રબની અતા વિના) છે અને ખુદા ન ચાહે તો પણ એ કરી શકે છે તો એ શિર્ક છે, અને એવું ન કરનાર મુશ્રિક નથી. આ હકીકતને હઝરત શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ એ અત્યંત વિસ્તારપૂર્વક પોતાની તફસીરમાં લખ્યું છે. અને તેનો સાર મૌલાના મહમૂદુલ હસન સાહબે પોતાના હાશિયાએ કુર્આનમાં આવા સમૃદ્ધ શબ્દોમાં વર્ણન કર્યું છે :–

આ આયતે શરીફાથી જાણવા મળ્યું કે તેની ઝાતે પાકના સિવાય કોઈનાથી હકીકતમાં મદદ માંગવી બિલ્કુલ નાજાઈઝ છે, હાં ! જો કોઈ મકબૂલ બંદાને કેવળ અલ્લાહની રહમતનો વાસ્તો અને ગૈર મુસ્તકિલ (ઝાતી નહીં, અતાઈ) સમજીને તેનાથી

જાહેરી મદદ માંગે તો એ જાઈઝ છે કેમ કે આ મદદ તલબ કરવી હકીકતમાં હક્ક તઆલાથી જ મદદ માંગવું છે.

અને આ પ્રકારની ઈસ્તેઆનત (મદદ) તો ઉમ્મતીની પાક હસ્તીઓનો હમેશાંથી નિયમ રહ્યો છે. હઝરત શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہ જનાબ રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم માં અર્ઝ કરે છે :–

**(અર્થ)** : "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમે મને પનાહ આપનારા છો જ્યારે મુસીબતો તૂટી પડે દિલમાં પોતાના નિર્દયા પંજા ખૂંપી દે."

દારુલ ઉલૂમ દેવબંદના બાની અર્ઝ કરે છે :–

**મદદ કર અય કરમે અહમદી કે તેરે સિવા**
**નહીં હૈ કાસિમે બેકસકા કોઈ હામીયે કાર**

**૧૧.** શબ્દકોષમાં હિદાયતનો અર્થ છે લુત્ફો ઈનાયત (કૃપા) થકી કોઈને નિયત મંઝિલે પહોંચાડી દેવું. અલ્લાહ તઆલાની અઝમત તથા કિબ્રિયાઈના વર્ણન પછી, તેના સતત ઈનામોના સ્વીકાર કર્યા પછી આપણા બંદાપણા અને કમજોરીનું એલાન કર્યા બાદ ઈન્સાન હવે પોતાના રહ્માન તથા રહીમ રબની સમક્ષ દુઆ માટે હાથ ફેલાવીને જાણે અર્ઝ કરે છે કે હું કમજોર છું, નફ્સનાં પ્રપંચો અને શૈતાનના દાવ પેચ ઘણા જ સખ્ત છે. ખૂદ તું મારી દસ્તગીરી ફર્માવ, તારા લુત્ફો કરમથી મને સીધા માર્ગે અડગતાથી ચાલતા રહેવાની તૌફીક બખ્શ અને પોતાની રઝાની મંઝિલ સુધી પહોંચાડ. કુર્બ (નિકટતા) તથા વિસાલે ઈલાહીના આ મકામ પર પહોંચીને મો'મિન એકલો પોતાની જાતના માટે હિદાયત નથી માંગતો બલ્કે આખી ઉમ્મતે મુહમ્મદિયહ્ માટે હિદાયતનો તલબગાર છે. કહે છે કે **ઈહ્દિના** "અમને સૌને હિદાયત આપ." કેમ કે જો ઈસ્લામની હિદાયત અમુક લોકો પૂરતી મર્યાદિત રહેશે તો તેની વિ□વ્યાપી બરકતો તથા ફયૂઝોનો ઈઝહાર કઈ રીતે થશે. પૂર્વ તથા પશ્ચિમમાં જે ગુમરાહીઓમાં ઠોકરો ખાઈ રહ્યા છે તેનાથી કઈ રીતે છુટકારો પામી શક્શે અને **કુન્તુમ્ ખૈર ઉમ્મતિન્ ઉખ્રિજત લિન્નાસ**ની તા'બીર કેવી રીતે થશે. હિદાયતના અગણિત દરજાઓ છે, એકથી એક બુલંદ એકથી એક આ'લા છે. મો'મિન જ્યારે દુઆ માંગે છે તો તેનો મકસદ એ હોય છે કે તેને તેના વર્તમાન કુર્બ તથા હિદાયતથી અરફા તથા આ'લા મકામ પર બિરાજમાન કરવામાં આવે. અથવા શૈતાનની વસવસાઅંદાઝી તથા નફ્સની કમજોરીના કારણે કદમ લપસી જવાનો જે હર પળ ખતરો છે તેનાથી તેને મેહફૂઝ રાખવામાં આવે. અને તે એ રાહ પર અડગતા નસીબ થાય અને તે જીવનના અંતિમ □સ સુધી શૈતાનના દરેક દાવપેચને નિષ્ફળ બનાવતો હિદાયતના માર્ગે આગળ વધતો જાય.

وهذا الدعاء من المؤمنين ومن النبي صلى الله عليه وسلم
مع كونهم على الهداية لطلب التثبت او طلب
مزيد الهداية فان الالطاف والهدايات من الله تعالى لا تتناهى

(મઝહરી)

| صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ۬ غَيْرِ الْمَغْضُوْبِ |
|---|
| **રસ્તો તેનો જેના પર તેં ઈનામ ફર્માવ્યું[૧૨]. ન તેમનો જેમના પર ગઝબ** |

| عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۟ |
|---|
| **થયો અને ન ગુમરાહોનો[૧૩].** |

**૧૨.** આ શબ્દો વડે રાહે હક્કનો એવો નિર્દેશ કરી દીધો કે જેથી પૂર્વગ્રહ અને જીદથી દૂર રહીને જે તેની તલાશ કરવાવાળો હોય તે તેને પહેચાની શકે. ફર્માવ્યું, જે લોકોને મેં ઈનામ તથા ઈકરામ ફર્માવ્યું છે, જે માર્ગે તેઓ ચાલી રહ્યા છે તે જ સીધો માર્ગ છે અને એ લોકોના વિશેપણ સ્પષ્ટતા કરી આપી مِنَ النَّبِيِّيْنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَاءِ وَالصّٰلِحِيْنَ કે મારું

ઈનામ નબીઓ, સિદ્દીકો, શહીદો તથા નેક બંદાઓ પર છે. હવે ખૂદ વિચારી લો કે કયા માર્ગે આ પવિત્ર હસ્તીઓનાં પગોના નિશાનો છે ? હઝરત સિદ્દીક તથા ફારૂક તથા ઉષ્માન તથા હૈદર, સહાબાએ કિરામ, અહલે બયતે એઝામ કઈ જમાઅતના પેશ્વા છે ? અને ઔલિયાએ કિરામનો ક્રમ તે સમયથી લઈને આજ સુધી કઈ જમાઅતથી જાહેર થઈ રહ્યો છે ?

**૧૩.** જમહૂર ઉલમાની નજીક **મગ્દૂબ**થી મુરાદ યહૂદી છે અને **દ્દાલ્લીન**થી મુરાદ ઈસાઈ છે અને ઈર્શાદે નબવીથી પણ તેનું જ સમર્થન થાય છે.

**મસ્અલહ્** : જ્યારે માણસ સૂરએ ફાતેહા પઢે તો સુન્નત એ છે કે ''આમીન'' કહે. એનો અર્થ છે استجب **(ઈસ્તજબ)** એટલે છેવટમાં પછી વિનવણી કરે કે હે મૌલા કરીમ ! જે દુઆ મેં કરી છે તેને કબૂલ ફર્માવ.

## ✪ સૂરએ બકરહ્ની ઓળખ ✪

بسم الله الرحمن الرحيم

હુઝૂર કરીમ ﷺ જ્યારે હિજરત કરીને મદીના મુનવ્વરામાં તશરીફ લાવ્યા તો આ સૂરત નાઝિલ થઈ. અહીં ઈસ્લામી દા'વતના જે સંબોધન પામનારા હતા (જેમને સંબોધન થયું તેઓ) મક્કાવાસીઓથી મઝહબી, વૈચારિક તથા સામાજિક દષ્ટિથી વિવિધ હતા. ખૂદ ઈસ્લામી દા'વત જે સંજોગોમાં પ્રવેશી રહી હતી તેની જરૂરિયાતો તથા તકાઝાઓ પણ તદ્દન નવા હતા. એટલા માટે આપણને મક્કી સૂરતોના એતબારથી સ્પષ્ટ તથા દેખીતો ફરક જોવા મળે છે. આ સૂરત ૪૦ રુકૂઅ તથા ૨૮૬ આયતો પર આધારિત છે, જેના શબ્દો ૬૦૩૧ તથા અક્ષર (હર્ફો)ની સંખ્યા ૨૦,૦૦૦ છે.

મક્કાવાસીઓ મુશ્રિક તથા મૂર્તિપૂજક હતા. વહી, નબુવ્વત, કિયામત વગેરેનો કોઈ ખયાલ તેમના દિમાગોમાં ન હતો. કત્લો ગારત તથા લૂટમારમાં તેઓ ગર્વ તથા લિજ્જત અનુભવતા હતા. એટલા માટે મક્કામાં જે સૂરતો નાઝિલ થઈ એમાં બાતિલ અકીદાઓ તથા ખરાબ અમલોની ઈસ્લાહનો હેતુ રહેતો હતો. યષરબના મૂળ વતનીઓ જો કે અન્સાર હતા છતાં સત્તા યહૂદીઓના હાથમાં હતી અને અન્સારો ધાર્મિક તથા દિમાગી રીતે યહૂદીઓથી ખૂબ પ્રભાવિત હતા. યહૂદી એહલે કિતાબ હતા એટલા માટે વહી, રિસાલત, કિયામત, જન્નત, દોઝખ વગેરે પર તેમનું ઈમાન હતું, પરંતુ બદ્કિસ્મતીથી તેઓ પોતાની કૌમી ઉચ્ચતાના નશામાં એટલી હદે મસ્ત હતા કે તેઓ એ કલ્પના જ કરી શકતા ન હતા કે તેમના સિવાય નબુવ્વત કોઈ અન્યને પણ અતા કરવામાં આવી શકે છે. અમલી દષ્ટિએ તેમની અધોગતિની એ હાલત હતી કે તેઓ નહીં જેવા દુનિયાવી લાભના ખાતર તૌરાતની સ્પષ્ટ આયતોનો ઈન્કાર કરવામાં બલ્કે તેમાં તેહરીફ (ફેરફાર) કરવામાં જરાય ખચકાટ ન અનુભવતા. વેપારની મંડીઓ પર તેમનો કબજો હતો. યષરબની ફળદ્રુપ જમીનો તથા ખીલેલા બાગો તેમની માલિકીમાં આવી ચૂકયા હતા. ઈલ્મ તથા દાનિશમાં અન્સારને તેમના સાથે કોઈ નિસ્બત જ ન હતી. કાયદેસર રીતે નહીં પણ અમલી રીતે હુકૂમત યહૂદીની હતી.

જ્યારે રહમતે દો આલમ ﷺ એ મદીનામાં કદમે પાક રાખ્યો ત્યારે આ સંજોગો હતા અને આપે યહૂદીઓ તથા અન્સારને ઈસ્લામની દા'વત આપી. યહૂદી તો અકળાઈ ઉઠયા, તેમને તેમની મહાનતા તથા ઉચ્ચતાના મહેલો ધરાશયી થતા દેખાવા લાગ્યા. ક્યાં તેમની ખૂદબીની અને ખૂદપરસ્તી અને ક્યાં એક નવા ધર્મને કબૂલ કરવાની તથા એક નવા રસૂલના ફર્માબરદારીની દા'વત ! યહૂદી કેવી રીતે એ ધર્મ સ્વીકારી લેતા ?! તેમની સમક્ષ તો રુકાવટોના કેટલાયે પહાડો હતા, એકથી એક બુલંદ અને એકથી એક કઠિન ! હવે કુર્આનનું

કામ એ હતું કે એ રુકાવટોને દૂર કરે અને એ આકાશ આંબતી પહાડીઓને જમીનથી મિલાવે. એટલા માટે મદીના તય્બાહમાં જે પ્રથમ સૂરત નાઝિલ થઈ તેના કેટલાયે રુકૂઅ યહૂદીઓની સુધારણાના માટે વકફ છે.

બીજી નવી સ્થિતિ જેનાથી મદીનામાં ઈસ્લામને વાસ્તો પડયો તે એ હતી કે અન્સારની મોટાભાગની વસ્તીએ ઈસ્લામ સ્વીકારી લીધા પછી અને મક્કાથી મુસલમાનોની હિજરત પછી ઈસ્લામ વિખેરાયેલા તથા વેરવિખેર વ્યક્તિઓનો ધર્મ રહ્યો ન હતો બલ્કે એક જમાઅત તથા એક કૌમનો દીન બની ગયો હતો, અને કૌમ પણ એવી જેમાં તરક્કી તથા પ્રગતિની પુષ્કળ કાબેલિયતો જાગૃત થઈ રહી હતી. હવે જરૂરત એ વાતની હતી કે એવા મજબૂત પાયા પર તેમની તન્ઝીમ (સંકલન) કરી દેવામાં આવે કે એની કષરત વહદતમાં ખોવાઈ જાય, અને કોઈ ખૂણો એવો ન રહે જેમાં અવ્યવસ્થા પોતાના કદમ જમાવી શકે. અને હવે જરૂરત હતી એવા કાનૂનની જે તેમના દીવાની તથા ફોજદારી કેસોનો ફેંસલો કરે, એવા આર્થિક બંધારણની જે અદ્લો ઈન્સાફ પર આધારિત રહીને આર્થિક ખુશહાલીનો જામિન થાય, સીરત તથા અખ્લાકના એવા ખોળીયાની જેમાં કૌમની દરેક વ્યક્તિ પોતાના કિરદારને ઢાળે જેથી તેની ખૂબીઓ તથા નેકીઓ સામુહિક રંગ અપનાવી લે. તેને જરૂરત હતી એક એવા દસ્તૂરની જેના પર તેમની આલમગીર રાજનીતિનો પાયો રાખવામાં આવે. આ મહત્વની જરૂરતને લક્ષમાં રાખીને આ સૂરતમાં કાનૂન, અખ્લાક, દસ્તૂર તથા રાજનીતિના મોટાભાગના કાયદા તથા કાનૂનો વર્ણન કરી દેવામાં આવ્યા.

એક અન્ય ચીજ પણ વિચારવા પાત્ર છે કે મક્કી જિંદગીમાં તો મુસલમાન કાફિરોના જુલ્મો સિતમ સહન કરતા અને ચુપ થઈ જતા. મદીના પાકમાં જ્યારે મુસલમાન એકત્ર થઈ ગયા તો કાફિરોએ પોતાની સામુહિક શક્તિ વડે ઈસ્લામને મિટાવવાનો ઈરાદો પણ કરી લીધો. બીજી બાજુ અલ્લાહ તઆલએ પણ પોતાના બંદાઓને કુફ્ર સાથે ટક્કર લેવાની ઈજાઝત આપી દીધી અને તેમને એ દર્શાવ્યું કે **પોતાની બેકસી તથા બેબસી અને વિરોધીની શક્તિ તથા વિશાળતાથી ન ગભરાવ! વિજયી તો તે જ થાય છે જેની સાથે મારું સમર્થન તથા મદદ સામેલ હોય છે,** અને તે તમારી સાથે છે, યકીનન ! તમે જ ગાલિબ તથા મન્સૂર છો.

ઈસ્લામી કૌમ માટે કિબ્લાને નિશ્ચિત પણ કરી આપ્યો જેથી તેમના ધ્યાનનું જાહેરી કેન્દ્ર પણ એક જ થઈ જાય અને તેમની ઈબાદતો વેરવિખેર બની પોતાનું જમાઅતી હુસ્ન ન ખોઈ બેસે.

જો આ બાબતોને ધ્યાનમાં રાખીને તમે સૂરએ બકરહનો અભ્યાસ કરશે તો કદાચ અધિક લાભદાયી પુરવાર થશે. *(ક્રમશઃ)*

## યાદ શક્તિ વધારવાનો અમલ

**રોટલીના ત્રણ ટુકડાઓ પર નીચે પ્રમાણે લખીને સવારમાં ખાલી કોઠે મધ અથવા ઝૈતૂનના તેલ સાથે ખાવું. ૨૧ દિવસ સુધી આ અમલ કરતા રહેવું.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ — **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

سَلٰمٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ — **સલામુન કવ્લુમ્મિર્રબ્બિર્રહીમ**

يَا عَلِيْمُ يَا عَلِيْمُ يَا عَلِيْمُ — **યા અલીમુ ! યા અલીમુ ! યા અલીમ**

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય) હપ્તો : ૦૨

## ★ ઈમાન વિશે બયાન[૧] ★

### હદીષ

રિવાયત છે, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ અમે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર હતા એવામાં એક સાહબ અમારી સામે જાહેર થયા[૨], જેમનાં કપડાં ઘણા જ સફેદ, વાળ ખૂબ જ કાળા[૩] તેમના પર મુસાફરી કરવાની અસરો જણાતી ન હતી અને અમારામાંથી કોઈ તેમને ઓળખતુ પણ ન હતું[૪]. અટલે સુધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે બેઠા અને પોતાના ઘુટણો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘુટણો શરીફ સાથે અડાડી દીધા[૫] અને પોતાના હાથ પોતાની જાંગો પર રાખ્યા[૬] અને અર્ઝ કરી, હે મુહમ્મદ ! (صلی اللہ تعالیٰ علیہ وسلم) મને ઈસ્લામ વિશે જણાવો[૭] ! ફર્માવ્યું કે ઈસ્લામ એ છે કે તમે ગવાહી આપો કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ છે[૮] અને નમાઝ કાયમ કરો, ઝકાત આપો, રમઝાનના રોઝા રાખો, કા'બાનો હજ્જ કરો જો ત્યાં સુધી પહોંચી શકો[૯]. અર્ઝ કરી કે, ''સાચુ કહ્યું !'' તો અમને એના પર આશ્ચર્ય થયું કે હુઝૂરને પૂછે પણ છે અને સમર્થન પણ કરે છે[૧૦] ! અર્ઝ કરી કે મને ઈમાનના વિશે બતાવો. ફર્માવ્યું કે અલ્લાહ અને તેના ફરિશ્તાઓ, કિતાબો તેના રસૂલો તથા આખરી દિવસને માનો[૧૧] અને સારી બુરી તકદીરને માનો[૧૨]. અર્ઝ કરી, ''તમે સાચા છો !'' અર્ઝ કરી, મને એહસાનના વિશે બતાવો. ફર્માવ્યું, અલ્લાહની ઈબાદત એવી રીતે કરો કે જાણે તેને જોઈ રહ્યા છો[૧૩], જો એ ન થઈ શકે તો ખયાલ કરો કે તે તમને જોઈ રહ્યો છે[૧૪]. અર્ઝ કરી કે કિયામતની ખબર આપો[૧૫]. ફર્માવ્યું કે જેને પૂછી રહ્યા છો તે કિયામતના બારામાં પ્રશ્નકર્તા કરતા અધિક જાણનાર નથી[૧૬]. અર્ઝ કરી કે કિયામતની કેટલીક નિશાનીઓ જ બતાવી દો[૧૭]. ફર્માવ્યું કે લોંડી પોતાના માલિકને જન્મ આપશે[૧૮] અને ઉઘાડા પગો અને નગ્ન શરીરોવાળા ફકીરો, બકરીઓના ચરાવનારાઓને મહેલોમાં ગર્વ કરતા જોશો[૧૯]. રાવી ફર્માવે છે કે પછી સાઈલ ચાલ્યા ગયા. હું થોડીકવાર રોકાયો. હુઝૂરે મને ફર્માવ્યું, હે ઉમર ! જાણો છો આ સાઈલ કોણ છે ? મેં અર્ઝ કરી, અલ્લાહ તથા રસૂલ જાણે[૨૦] ! ફર્માવ્યું, આ હઝરત જિબ્રઈલ તમને તમારો દીન શીખવાડવા આવ્યા છે[૨૧]. *(મુસ્લિમ)* અને અબૂ હુરૈરહ્ صلی اللہ تعالیٰ علیہ وسلم એ થોડાક ફેરફારની સાથે રિવાયત કરી. તેમની રિવાયતમાં છે કે જ્યારે તમે ઉઘાડા પગો તથા ઉઘાડા શરીરોવાળા બહેરા ગુગાંઓને જમીનના બાદશાહ જુઓ. કિયામત એ પાંચમાંથી છે જેને ખુદા સિવાય કોઈ નથી જાણતુ. પછી આ આયત તિલાવત કરી કે, ''કિયામતનો ઈલ્મ અલ્લાહને જ છે તે જ વરસાદ વરસાવે છે[૨૨]. *(મુસ્લિમ તથા બુખારી)*

## ★ સમજુતી ★

**૧.** ઈમાનનો શાબ્દિક અર્થ છે : અમ્ન આપવો. શરીઅતમાં ઈમાન તે ઈસ્લામી અકીદાઓનું નામ છે જેને માનીને ઈન્સાન અલ્લાહના અઝાબથી અમ્નમાં આવી જાય છે એટલે કે તમામ તે ચીજોને માનવી જે હુઝૂર રબની તરફથી લાવ્યા, કેમ કે ઈમાન કેવળ માનવા તથા સમર્થન કરવાનું નામ છે એટલા માટે એમાં માત્રા (માપ) અશક્ય છે, હા ! કૈફિયતમાં વધારો ઘટાડો શક્ય છે. ઈમાન ઈબાદતનું મૂળ છે એટલા માટે તેને પ્રથમ વર્ણન કર્યુ.

**૨.** એ હઝરત જિબ્રઈલ عليه السلام હતા જે માનવ સ્વરૂપે હાજર થયા હતા જેવી રીતે બીબી મરયમની પાસે પુરૂષના રૂપમાં ગયા. ફરિશ્તો તે નૂરાની મખ્લૂક છે જે વિવિધ સૂરતો (રૂપો) અપનાવી શકે છે. જિન તે અગ્નિથી બનેલ મખ્લૂક છે જે દરેક પ્રકારના રૂપમાં બની જાય છે પણ રૂહ તે જ રહે છે. જેથી આ પુનર્ગમન નથી.

**૩.** તે મુસાફિર ન હતા નહીં તો તેમના વાળ તેમજ લિબાસ ધૂળમાં ભરેલા હોત. યાદ રાખશો કે હઝરત જિબ્રઈલના વાળ કાળા, કપડાં સફેદ હોવાં બશરી રૂપની અસર હતી, નહીં તો તે ખૂદ નૂરી છે જેથી લિબાસ તથા કાળા વાળોથી પર છે. હારૂત મારૂત ફરિશ્તા માનવ રૂપમાં આવીને ખાતા પીતા બલ્કે સંભોગ પણ કરી શકતા હતા. મૂસાનો અસા સાપના રૂપમાં આવીને સર્વ કાંઈ ગળી ગયો હતો, એવી જ રીતે આપણા હુઝૂરની નૂરી બશરમાં ખાવા, પીવા, નિકાહ તથા બશરિયતના હુકમો હતા. રોઝાએ વિસાલ (સહરી ઈફતારી વિનાના રોઝામાં) નૂરાનિયતની જલ્વાગરી હતી તો ખાધા પીધા વિના લાંબો અરસો પસાર કરી દેતા હતા. આજે સેંકડો વર્ષોથી હઝરત ઈસા عليه السلام ખાધા પીધા વિના આસ્માનો પર જલ્વાગર છે એ નૂરાનિયતનો ઝહૂર છે.

**૪.** એટલે તે મદીનાના રહેવાસી ન હતા નહીં તો તેમને ઓળખતા હોત. હુઝૂર તો તેમને સારી રીતે ઓળખતા હતા જેમ કે આગલા લખાણથી જાહેર છે.

**૫.** એટલે કે હુઝૂરની અતિ નજીક બેઠા. જાણવા મળે છે કે હુઝૂરે હઝરત જિબ્રઈલને ઓળ ખી લીધા હતા, નહીં તો પૂછત કે તમે કોણ છો અને આ રીતે મને અડીને કેમ બેઠા છો ?

**૬.** જેવી રીતે નમાઝી અત્તહિય્યાતમાં ઘુટણો વાળીને બેસીને છે. આજકાલ ઝિયારત કરનારાઓ રોઝા મુબારકા પર નમાઝની જેમ ઉભા રહીને સલામ અર્ઝ કરે છે, એ અદબની અસ્લ (દલીલ) આ હદીષ છે. હઝરત જિબ્રઈલે કિયામત સુધીના મુસલમાનોને હુઝૂરની બારગાહમાં હાજરીનો અદબ શીખવાડી આપ્યો અને બતાવી આપ્યું કે નમાઝીની જેમ અહીં ઉભા થવું અથવા બેસવું હરામ નથી. હા ! સજદો અથવા રુકૂઅ હરામ છે.

**૭.** ઈસ્લામ ક્યારેક ઈમાનના અર્થમાં થાય છે ક્યારેક એના સિવાયના અર્થમાં થાય છે. અહીં બીજા અર્થમાં છે એટલે જાહેરનું નામ ઈસ્લામ છે બાતિની અકીદાઓનું નામ ઈમાન છે, એટલા માટે અહીં શહાદત તથા અમલોનો ઉલ્લેખ થયો. યાદ રાખશો કે હવે હુઝૂરને કેવળ "યા મુહમ્મદ" કહીને પોકારવું હરામ છે. (એટલે કે ઝાતી નામથી પોકરવાને બદલે સિફતી નામથી એટલે યા રસૂલલ્લાહ ! યા નબીયલ્લાહ ! વગેરેથી પોકારવું જોઈએ.) રબ ફર્માવે છે لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ *(પારા-૧૮, સૂ. નૂર, આ. ૬૩)* આ બનાવ લગભગ આ આયતના નુઝૂલથી પહેલાં થયો અથવા ફરિશ્તા આ આયતથી અપવાદ છે. *(મિર્કાત)*

**૮.** કલ્મો પઢવાનો મતલબ સર્વ ઈસ્લામી અકીદાઓને માની લેવું છે, જેમ કે કહેવામાં આવે છે કે નમાઝમાં અલ્હમ્દુ પઢવું વાજિબ છે. એટલે કે પૂરી સૂરએ ફાતિહા પઢવી. જેથી આ હદીષની બિના પર એવું નથી કહી શકાતુ કે તમામ ઈસ્લામી ફિર્કા

જેમ કે મિર્ઝાઈ, ચકળાલ્વી વગેરે મુસલમાન છે, કેમ કે એ લોકો ઈસ્લામી અકીદાઓથી હટી ગયા.

૯. એમાં જાહેરી રીતે હઝરત જિબ્રઈલથી સંબોધન છે અને હકીકતમાં મુસલમાનોને, નહીં તો ફરિશ્તાઓ પર નમાઝ, રોઝા, હજ્જ વગેરે અમલો ફર્ઝ નથી. રબ ફર્માવે છે :– وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ *(પારા–૪, સૂ. આલે ઈમ્રાન, આ. ૯૭)*

યાદ રાખશો કે આ અમલો ઈસ્લામનો ભાગ નથી કે તેને છોડનારો કાફિર થઈ જાય, અહીં ઈસ્લામના કમાલનો ઉલ્લેખ છે. અમલો ત્યજનારા મુસલમાન તો હોય છે પણ કામિલ નથી.

૧૦. કેમ કે પૂછવું એ ન જાણવાની નિશાની છે અને તસ્દીક (સમર્થન) કરવું જાણવાની નિશાની છે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ પાછલી તમામ આસ્માની કિતાબોથી વાકેફ છે કેમ કે રબ તઆલાએ હુઝૂરના બારામાં ફર્માવ્યું :–

مُصَدِّقًا لِّمَا مَعَكُمْ *(સૂ. બકરહ, રૂકૂઅ–૫, આ. ૪૧)*

૧૧. યાદ રાખશો કે (હદીષના શબ્દો) **અનિલ્ ઈમાન**માં ઈમાને ઈસ્લાહી મુરાદ છે અને **અન્તૂઅ્**માં ઈમાને લુગ્વી એટલે માનવું, જેથી આ **તારીફુશ્શૈઈ બિનફ્સિહી** પણ નથી. અને એમા દૌર પણ નથી. તમામ ફરિશ્તાઓ, નબીઓ, કિતાબો પર ઈજમાલી (સામુહિક રીતે) ઈમાન પૂરતુ છે જ્યારે કુર્આન તથા સાહિબે કુર્આન પર તફસીલી ઈમાન લા'ઝિમ છે.

૧૨. એ રીતે કે દરેક ભલી બુરી વાત જે અમે કહી રહ્યા છીએ તે અલ્લાહના ઈલ્મમાં પહેલેથી જ છે અને તેનું લખાણ થઈ ચૂક્યુ છે તકદીર અલ્લાહના ઈલ્મમાં પહેલેથી જ છે અને તેનું લખાણ થઈ ચૂક્યું છે. તકદીરના અર્થમાં છે. તકદીરના બે પ્રકાર છે : **મુબરમ** તથા **મોઅલ્લક**. મુબરમમાં તબદીલી નથી થઈ શકતી અને મોઅલ્લક તકદીર દુઆ, અમલો વગેરેથી બદલાઈ શકે છે. ઈબ્લીસની દુઆથી તેની ઉમર વધી ગઈ : **ફઈન્નક મિનલ મુન્ઝરીન** હઝરત આદમ عليه السلام ની દુઆથી દાઊદ عليه السلام ની ઉમર સાઈઠ વરસને બદલે સો વરસની થઈ ગઈ. તકદીરની પૂરી ચર્ચા અમારી 'તફસીરે નઈમી' ત્રીજા પારામાં જુઓ.

૧૩. એટલે કે રબે ફર્માવ્યું لِلَّذِيْنَ اَحْسَنُوا الْحُسْنٰى *(પારા–૧૧, સૂરએ યૂનુસ, આ. ૨૬)* વગેરે, આ આયતોમાં એહસાનનો મતલબ શો છે ? જવાબ મળ્યો કે અમલમાં ઈખ્લાસ (નિખાલસતા).

૧૪. કે જો તું ખુદાને જુએ છે તો તારા દિલમાં કેટલા પ્રમાણમાં તેનો ડર હોત ! અને કેટલી રીતે તું સંભાળીને અમલ કરત ! એ જ પ્રમાણે ખૌફની સાથે દિલ લગાડીને દુરુસ્ત અમલ કર.

૧૫. આમ તો દરેક જ સમયે સમજો કે અલ્લાહ તમને જોઈ રહેલ છે પણ ઈબાદતની હાલતમાં તો ખાસ કરીને ખયાલ રાખો તો ઈન્શાઅલ્લાહ ! ઈબાદત આસાન થઈ જશે, દિલમાં હુઝૂરી તથા આજિઝી પેદા થશે, આંખોમાં આંસૂંઓ આવશે. અલ્લાહ આપણને સૌને નસીબ કરે. *–આમીન.*

૧૬. કે કયા દિવસે, કઈ તારીખે અને કયા મહીને, કયા વરસમાં થશે. જાણવા મળે છે કે જિબ્રઈલે અમીનનો એ અકીદો છે કે હુઝૂરને અલ્લાહ તઆલાએ કિયામતનો ઈલ્મ આપ્યો છે કેમ કે જાણનારને જ પૂછવામાં આવે છે. અહીં જિબ્રઈલે અમીન હુઝૂર ﷺ ની ઈમ્તિહાન અથવા આ'જિઝી દર્શાવવા તો પ્રશ્ન નથી કરી રહ્યા, બલ્કે એ દર્શાવવા ચાહે છે કે હુઝૂર ﷺ ને કિયામતનો ઈલ્મ તો છે પણ તેનો ઈઝહાર ન કર્યો. યાદ રાખશો કે હુઝૂરે અન્ય પ્રસંગોએ કિયામતનો દિવસ પણ જણાવી દીધો, મહીનો પણ અને તારીખ પણ જેમ કે ફર્માવ્યું : જુમ્આના દિવસે થશે, દસમી તારીખ અને મોર્હરમના મહીનામાં થશે.

૧૭. અહીં ઈલ્મની નફી (નકાર) નથી, નહીં તો ફર્માવવામાં આવત **લા અઅ્લમ** (હું નથી

જાણતો) બલ્કે ઈલ્મમાં વિશેષતાનો નકાર છે. એટલે કે એનો મને આપનાથી વિશેષ ઈલ્મ નથી. મકસદ એ છે કે હે જિબ્રઈલ ! અહીં લોકોનો મજમો છે અને કિયામતનો ઈલ્મ અસ્રારે ઈલાહી (ખુદાના રહસ્ય)માંથી છે, એ રાઝ મારી પાસે શા માટે ખોલાવો છો ? હક્ક એ છે કે અલ્લાહ તઆલાએ હુઝૂરને કિયામતનો ઈલ્મ પણ આપ્યો. (તફસીરે સાવી વગેરે) એટલા માટે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ પ્રશ્ન કર્યો. કિયામતના ઈલ્મની તેહકીક અમારી કિતાબ "જાઅલ હક્ક, ભાગ–૧ માં જુઓ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ જવાબથી જાણવા મળ્યું કે હુઝૂરે અહીં જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ને ઓળખી લીધા હતા.

**૧૮.** એટલે કે જો કિયામતની ખબર આપવું મસ્લેહતની વિરૂધ્ધ છે તો તેની ખાસ નિશાની જ બતાવી દો. આ પ્રશ્નથી જાણવા મળે છે કે હુઝૂરને કિયામતનો ઈલ્મ હતો. નિશાનીઓ જાણકારને જ પૂછવામાં આવે છે.

**૧૯.** એટલે કે ઔલાદ નાફર્માન થશે, પુત્રીઓથી એવું વર્તન કરશે જેવું કોઈ લોંડી સાથે કરે, તો જાણે કે માં પોતાના માલિકને જન્મ આપશે. એની અન્ય પણ તફસીરો છે.

**૨૦.** એટલે કે દુનિયામાં એવી ક્રાંતિ સર્જાશે કે નીચ લોકો ઈજ્જતવાળા બની જશે અને શરીફ લોકો ઝલીલ (બેઈજ્જત) થઈ જશે, જેમ કે આજે જોવામાં આવી રહ્યું છે. સિંકદર ઝુલ્કરનૈને હુકમ આપ્યો હતો કે કોઈ ધંધાદારી પોતાના બાપદાદાનો ધંધો નથી છોડી શકતો જેથી વિ□ની વ્યવસ્થામાં ભંગાણ ન પડે. *(અશ્અતુલ્ લમ્આત)* જાણવા મળ્યું કે નીચ લોકોનું પોતાનો ખૂદનો ધંધો ત્યજીને ઊંચા બની જવું એ કિયામતની નિશાનીઓમાંથી છે અને એનાથી વિ□વ્યવસ્થાની તબાહી છે.

**૨૧.** એ સહાબીઓનો અદબ છે કે ઈલ્મ અલ્લાહ વ રસૂલના સુપ્રત કરે છે. એના પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂરનો ઝિક્ર અલ્લાહની સાથે મેળવીને કરવો શિર્ક નથી, બલ્કે સહાબીઓની સુન્નત છે. એવું કહી શકીએ છીએ કે, **"અલ્લાહ રસૂલ જાણે," "અલ્લાહ રસૂલ ફઝ્લ કરે," "અલ્લાહ રસૂલ રહમ ફર્માવે," "અલ્લાહ રસૂલ ભલુ કરે."** બીજુ એ કે હુઝૂરને ખબર હતી કે પ્રશ્નકર્તા જિબ્રઈલ હતા, નહીં તો આપ કહી આપત કે મને પણ ખબર નથી કે એ કોણ હતા !

**૨૨.** એટલે કે એટલા માટે આવ્યા હતા કે તમારી સમક્ષ મારાથી સવાલો કરે તો જવાબો સાંભળીને દીન શીખી લો. એનાથી જાણવા મળ્યું કે મુસલમાનો પર હુઝૂરની ઈતાઅત (આજ્ઞાપાલન) વાજિબ છે ન કે જિબ્રઈલની ઈતાઅત. કેમ કે અહીં જિબ્રઈલે હાજરજનોને ખૂદ નથી કહી આપ્યું કે, હે લોકો ! હું જિબ્રઈલ છું ! મારાથી ફલાણી ફલાણી વાત શીખી લો ! બલ્કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કહેવડાવ્યું જેથી લોકોના માટે સ્વીકાર પાત્ર બને. જિબ્રઈલનો અર્થ છે : "અબ્દુલ્લાહ" જિબ્રનો અર્થ શબ્દ અને ઈલ = અલ્લાહ, ઈબ્રાની ભાષામાં.


**"બરકાતે ખ્વાજા" માસિકના માનવંતા આજીવન ગ્રાહકો**

૧. હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબ
*(મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર)*

૨. જનાબ હાફેઝ ઐયૂબ અહમદ મોટલી–દયાદરા
*(અલ્ હિજાઝ ટૂરવાળા, ફોન : ૨૬૨૨૯૯–ભરૂચ)*

**સાપ્તાહિકના ગ્રાહક બનો !**

**"આજ તક"** (સાપ્તાહિક)

★ છૂટક નકલ રૂા. ૩/– ★ વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–

સરનામું
એપેક્ષ કોમ્પ્યુટર વર્કસ,નં. ૧૮,
નગરપાલિકા શોપિંગ સેન્ટર,જેલ રોડ,
મુ. **માંગરોલ**, જિ. જુનાગઢ, ફોન નં. ૨૨૨૮૭૬

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ
# شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

(કાર્યાલય)

હપ્તો : ૦૧

**હઝરત કાઝી અયાઝ માલિકી ઉન્દલુસી قدس سرہٗ ઘણા જ મહાન બુઝુર્ગ થઈ ગયા. ઈલ્મો ફઝ્લના સમંદર હતા અનેક ખૂબીઓના માલિક હતા. આપે આ અણમોલ, અજોડ તથા ઈમાન અફરોઝ કિતાબ લખી છે જે હજારો રાહે રાસ્તથી ભટકેલાઓને ઈમાનની દૌલતથી માલામાલ કરી રાહે રાસ્ત પર લાવનારી તથા ઈમાનવળાઓના ઈમાનને મજબૂત કરનારી કિતાબ છે. ઈશ્કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની દૌલત જાને ઈમાન છે અને નબીની શાન બારગાહે ખુદાવંદીમાં શું છે તે સમજાવી દિલોમાં ઈશ્કે નબીની શમ્અને પ્રજ્વલિત કરી ગુમરાહીના અંધકારને ભગાડનાર વર્ણનો હાલના પુરફિતન દૌરમાં વાંચવાં અતિઆવશ્યક છે. દુનિયાની દૌલત કે જે આંખો ખુલ્લી છે ત્યાં સુધી જ સાથ આપી શકે છે તેની પાછળ ગાંડા જેમ દોડી આજકાલ લોકો હમેશાંની દૌલત ઈમાન કે જે આખેરતમાં આગથી બચાવનારી છે તેની પરવા નથી કરતા તેવાઓને વિનંતિ કે ગફલતમાં ન રહેશો નહીં તો ક્યાંક પસ્તાવાનો સમય ન આવે અને આવી કિતાબો વાંચો જેથી ગુમરાહીથી બચી શકો. આ હેતુથી "શિફા શરીફ"ના લેખો ક્રમશઃ આપણા માસિક અંકમાં શરૂ કરીએ છીએ, એનો જરૂરથી અભ્યાસ કરશો. આ લેખો ઈમાનનું રક્ષણ ચાહનારાઓ માટે દીવાદાંડી સમાન છે. –*તંત્રી***

بسم اللہ الرحمٰن الرحیم

*(વિભાગ–૧)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મકામ તથા મર્તબો ★

એમાં સૈયેદેના મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની તે અઝીમુશ્શાન કદરો મંઝિલત (માન મર્તબા)નું બયાન છે જે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કૌલન્ વ ફેઅલન્ બતાવી છે. ફકીહ કાઝી ઈમામ અબુલ ફઝ્લ અયાઝે (લેખકે) ફર્માવ્યું છે : અલ્લાહ તઆલા તેને તૌફીક બખ્શે અને સીધા માર્ગે (રાહે રાસ્ત) ચાલતો રાખે કે જેને અલ્લાહ તઆલાએ ઈલ્મની દૌલતથી કાંઈક હિસ્સો અથવા થોડી ઘણી સુઝબુઝ અતા કરી છે તેના પર એ બાબત છુપી નથી કે અલ્લાહ عزوجل એ આપણા નબી મોહતશિમ સૈયેદેના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઘણો માન તથા મર્તબો આપ્યો છે અને આપને એવા ફઝાઈલ તથા કમાલો તથા ઉચ્ચ ખૂબીઓથી નવાઝ્યા છે જે કેવળ આપનો જ હિસ્સો છે અને તેને (સૌને) એકત્ર કરવું શક્ય નથી તેમજ આપના અઝીમુશ્શાન મકામને એટલા પ્રમાણમાં બુલંદ ફર્માવવામાં આવ્યા છે કે જીભો તથા કલમો તેને બયાન કરી શકવાથી આ'જિઝ તથા લાચાર છે.

મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફઝાઈલ તથા વિશિષ્ટતાઓમાંથી અમુક તે બાબતો છે જેની અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાની કિતાબ (કુર્આને કરીમ)માં સ્પષ્ટતા ફર્માવી છે અને એ જલીલ નિસાબમાં એનાથી ખબરદાર કર્યા છે અને એ અખ્લાક તથા આદાબના સબબે આપની તા'રીફ તથા તૌસીફ કરી છે અને

પોતાના બંદાઓને તેમની ઈત્તેબાઅ (અનુસરણ)ના DF8[pE F FKPV < FC عزوجل એ પોતાના આ ફઝ્લો કરમના સબબ આપણા આકા વ મૌલા સૈયેદેના મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખી મખ્લૂકાત પર ફઝીલત બખ્શી, અગ્ર સ્થાને કર્યા તથા મુમતાઝ કર્યા, પાક સાફ કર્યા, પછી આપની મદહોષના (પ્રશંસા) વર્ણન કરી, પછી આપને કામિલ જઝા અતા ફર્માવી, કેમ કે અવ્વલ તથા આખિર ફઝ્લો કમાલનો માલિક તે જ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત છે અને દુનિયા તથા આખેરતમાં હકીકી હમ્દો ષના એ જ ઝાત માટે છે.

ફઝાઈલે મુસ્તફામાં અમુક તે ચીજો છે જેનાથી આપને પૂરા જલાલ તથા કમાલની સાથે સજાવીને તથા વિશિષ્ટ કરીને પોતાની મખ્લૂક પર જાહેર ફર્માવ્યા અને મહાસિને જમીલા (મહાન ખૂબીઓ) તથા અખ્લાકે હમીદા (ઉચ્ચ સંસ્કારો), કરામતવાળા દીન અને અસંખ્ય ફઝાઈલથી આપને ખુસૂસિયત બખ્શી તેમજ જાહેર મો'જિઝાઓ, ઉઘાડી દલીલો તથા તરી આવતી બુઝુર્ગીની સાથે આપનું સમર્થન કર્યું જેને આપના સમકાલિનોએ જોયું-અનુભવ્યું. જેને જોનારાઓએ જોયું અને બાદમાં આવનારાઓ સુધી જેનો યકીની ઈલ્મ પહોંચ્યો, એટલે સુધી કે તેની હકીકતનો ઈલ્મ આપણા સુધી પહોંચ્યો અને તેમના અન્વારનો અબરે કરમ આપણા ઉપર પણ વરસ્યો. તે મહબૂબ પર અલ્લાહ તઆલાના બેશુમાર દુરૂદ હજો.

લેખક رحمۃ اللہ علیہ પોતાની સનદની સાથે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, મેઅરાજની રાત્રે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમક્ષ બુર્રાક પેશ કરવામાં આવ્યું જે લગામ તથા ઝીનથી સજ્જ હતું. સવારીના સમયે બુર્રાક ઉછળવા કૂદવા લાગ્યું (એ ખુશી પ્રદર્શિત કરવાના માટે હતું) તો હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ તેને કહ્યું, હે બુર્રાક ! તું મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ આવી હરકત કરી રહ્યું છે ! જ્યારે કે તારી પીઠ પર એવો કોઈ શખ્સ સવાર નથી જે અલ્લાહ તઆલાની નજીક તેમના કરતાં મોઅઝ્ઝમ તથા મુકર્રમ હોય. રાવીનું બયાન છે કે આટલું સાંભળતાં જ બુર્રાક પસીનો પસીનો થઈ ગયું.

*(પ્રકરણ-૧)*

## ★ કુર્આને પાકમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસા ★

અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જે મદહો ષના (તા'રીફ) કરી અને અલ્લાહ તઆલાની બારગાહમાં આપને જે અઝીમ (મહાન) મર્તબો તથા ઈજ્જત છે તે જ આ પ્રકરણનો મૂળ વિષય છે. કુર્આન મજીદમાં એવી ઘણી આયતો છે જે હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઝિક્રે જમીલ પર આધારિત તથા આયતો ખૂબીઓ તથા કમાલો અને તા'ઝીમ તથા માન મર્તબાને વર્ણવે છે. અમે તે આયતોને એકત્ર કરી છે જેનો ભાવાર્થ જાહેર તથા સ્પષ્ટ છે. આ પ્રકરણને અમે દસ ખંડોમાં વિભાજીત કરેલ છે. (વબિલ્લાહિ તૌફીક)

## ★ કુર્આની આયતો થકી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું સમર્થન તથા સાક્ષી ★

આ ખંડમાં તે આયતોનો ઉલ્લેખ છે જે હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસા તથા આપની ખૂબીઓ તથા ઉચ્ચ કમાલોના બારામાં આવેલ છે, જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :-

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

''બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (પડે) છે. તમારી ભલાઈના ખૂબ જ ચાહવાવાળા, મુસલમાનો પર અતિશય મહેરબાન. (પારા-૧૧, સૂરએ તૌબા, આયત-૧૨૮)

ફકીહ અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે કેટલાક કારીઓએ આ આયતનો શબ્દો اَنْفُسِكُمْ ના ફેને ઝબર સાથે પઢયો છે, જ્યારે કે જમહૂરની કિરાઅત પેશની સાથે છે.

ફકીહ કાઝી અબુલ ફઝ્લ (કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ) અલ્લાહની તૌફીકથી ફર્માવે

છે :– ''જાણવું જોઈએ કે અહીં સંબોધન મો'મિનીનથી છે અથવા અહલે અરબથી અથવા અહલે મક્કાથી, અથવા તમામ ઈન્સાનોથી, જેમ કે આ ખિતાબ (સંબોધન)ના બારામાં મુફસ્સિરોનો મતભેદ છે. એટલે આ અઝીમુશ્શાન રસૂલને તેમનામાં મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા) જેને તેઓ સારી રીતે જાણે છે, તેમના મકામ તથા મન્સબ (મર્તબા)ને જાણે છે, તેમના સિદ્ક (સચ્ચાઈ) તથા અમાનતને જોતાં જૂઠ તથા અશુભેચ્છાનો તેમના પર આક્ષેપ ન લગાડી શક્યા, જ્યારે કે તે ખૂદ તેમનામાંથી છે. અને અરબનો કોઈ કબીલો એવો નથી જેની સાથે રસૂલલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ની રિશ્તેદારી ન હોય, અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વગેરેની દૃષ્ટિએ ઈર્શાદે બારી તઆલા : إِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبَىٰ થી એ જ મુરાદ છે, જેનો મતલબ એ છે કે આપ તેમનામાં સૌથી અશરફ, અરફા તથા અફઝલ છે.

જો أَنْفَسِكُمْ ના فَ ને ઝબરના લેહાઝથી જોઈએ તો એ મદહો ષના (વખાણ)ની હદ છે. પછી એ વસ્ફ (ખૂબી)ના બાદ પ્રશંસાપાત્ર ખૂબીઓ વર્ણન કરી અને ખૂબ જ પ્રશંસાઓની સાથે આપની તા'રીફ કરી અને બતાવ્યું કે તેમને એ વાતની ઘણી લાલચ છે કે લોકો રુશ્દો હિદાયતથી લાભવંત થઈને ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ જાય, અને દરેક તે વાત તેમને ભારે લાગે છે જે લોકોના માટે દુનિયા તથા આખેરતમાં નુકસાનકર્તા હોય, એવી વાતોથી આપને તકલીફ થતી હતી, તેમજ હમેશાં મુસલમાનો પર આપની ચશ્મે ઈનાયત તથા નિગાહે કરમ રહેતી હતી.

અમુક અકાબિરે (મહાન બુઝુર્ગોએ) ફર્માવ્યું કે આ આયતમાં અલ્લાહ તઆલાએ બે અસ્માએ હુસ્ના (મુબારક નામો રઊફ તથા રહીમ) પોતાના મહબૂબ صلی اللہ تعالی علیہ وسلم ને અતા કર્યાં.

આ વિષય બીજી આયતમાં આ પ્રમાણે વર્ણન પામ્યો છે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ إِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ أَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ج وَإِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝

''બેશક ! અલ્લાહનું મહાન એહસાન થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યો, જે તેમના પર તેની આયતો પઢે છે અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમત શીખવાડે છે અને તે જરૂર એનાથી પહેલાં ગુમરાહીમાં હતા.'' *(પારા–૪, સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૪૬)*

એક અન્ય આયતમાં આ પ્રમાણે ઈર્શાદ છે :–

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْأُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَإِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝

''તે જ (ખુદા) છે જેણે અનપઢોમાં તેમનામાંથી એક રસૂલ મોકલ્યા કે તેમના પર તેની આયતો પઢે છે અને તેમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમતનો ઈલ્મ અતા કરે છે અને બેશક ! તેઓ એનાથી પહેલાં ખુલ્લી ગુમરાહીમાં હતા.'' *(પારા–૨૮, સૂરતુલ જુમ્આ, આયત–૨)*

એના બારામાં એ પણ ઈર્શાદે બારી તઆલા છે :–

كَمَا أَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ۝

''જેમ કે અમે મોકલ્યા તમારામાં એક રસૂલ, તમારામાંથી કે તમારા પર અમારી આયતો તિલાવત કરે છે અને તમને પાક કરે છે અને કિતાબ તથા પુખ્તા ઈલ્મ શીખવાડે છે અને તમને તે તા'લીમ ફર્માવે છે જેનો તમને ઈલ્મ ન હતો.'' *(પારા–૨, સૂરએ બકરહ, આયત–૧૫૧)*

હઝરત અલી ઈબ્ને અબૂ તાલિબ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم એ ઈર્શાદે બારી

તઆલા : أَنْفُسِكُمْ ના બારામાં ફર્માવ્યું કે એ હસબો નસબ (વંશવેલો) તથા સસુરાલના વિશે છે, કેમ કે મારા બાપ દાદાઓમાં હઝરત આદમ عليه السلام થી લઈને કરાબ સુધી કોઈ પણ ઝિના થકી પેદા નથી થયું બલ્કે સૌ નિકાહના થકી અસ્તિત્વમાં આવ્યા. ઈબ્ને કલબી જણાવે છે કે નબી કરીમ صلى الله تعالى عليه وسلم ની પાંચ ઉમ્મહાત (માંઓ)ના હાલત મેં માલૂમ કર્યા પરંતુ કોઈનામાં ઝિના તથા જાહિલિયતની કોઈ અસર જોવા ન મળી. (સુબ્હાનલ્લાહ !)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ઈર્શાદે ખુદાવંદી : وَتَقَلُّبَكَ فِي السَّاجِدِينَ ની તફસીરમાં ફર્માવે છે કે, "આપ એક નબીથી બીજા નબીની તરફ મુન્તકિલ થતા રહ્યા, ત્યાં સુધી કે હે મહબૂબ ! તમને મબ્ઊષ ફર્માવવામાં આવ્યા."

હઝરત જા'ફર ઈબ્ને મુહમ્મદ એટલે ઈમામ જા'ફર સાદિક رضي الله عنه (વફાત : હિ.સ. ૧૪૮) ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ મખ્લૂકને પોતાની ફર્માંબરદારી (ઈતાઅત)થી આ'જિઝ જોઈને એ બાબતની મઅરેફત અતા ફર્માવી જેથી તે સમજી શકે કે ખિદમત થકી તેઓ મંઝિલે મકસૂદ સુધી નથી પહોંચી શકતા, જેથી પોતાના તથા તેમની વચ્ચે પોતાની તખ્લીક (સર્જન) શ્રેષ્ઠ નમૂનાને વાસ્તો બનાવ્યો જે સૂરતના લેહાઝથી ખૂદ તેમની જાત (જિન્સ)માંથી છે અને જેની ખૂબી એ છે કે તે સરાપા રાફત તથા રહમત છે, તેને મખ્લૂકની પ્રતિ એવા મુકમ્મલ સફીર તથા પ્રતિનિધિ બનાવીને મોકલ્યા કે તેની ફર્માંબરદારીને પોતાની ફર્માંબરદારી અને તેની મુવાફેકતને પોતાની મુવાફેકત ઠરાવી દેતાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું :– مَنْ يُطِعِ الرَّسُولَ فَقَدْ أَطَاعَ

"જેણે રસૂલનો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો." *(પારા–૫, સૂરએ નિસાઅ્, આયત–૧૧)*

અને અલ્લાહ તઆલાએ એ પણ ફર્માવ્યું છેઃ– وَمَا أَرْسَلْنَاكَ إِلَّا رَحْمَةً لِّلْعَالَمِينَ "અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ જહાનવાળાઓ માટે." *(પારા–૧૭, સૂરએ નિસાઅ્, આયત–૧૦૭)*

હઝરત અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને તાહિર عليه رحمة الرحمن ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ને રહમતની ઝીનતથી સરાપા સજ્જ કર્યા છે. આપને રહમતનું એવુ પૂતળુ બનાવવામાં આવ્યું છે જેના સર્વ ગુણો તથા ખૂબીઓ ખુદાની મખ્લૂકના માટે રહમત જ રહમત છે. આ બારગાહેથી જેને રહમતની થોડી પણ ભીખ મળી ગઈ તે બંને જહાનોની કામયાબી તથા કામરાની હાંસલ કરી ગયો અને દરેક બુરાઈથી મેહફૂઝ થઈ ગયો અને બંને જહાનોમાં પોતાની મુરાદ પામી ગયો. હે સાંભળનાર ! શું તારી એ વાત પર નજર નથી કે તેમના વિશે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે وَمَا أَرْسَلْنَاكَ إِلَّا رَحْمَةً لِّلْعَالَمِينَ ફર્માવ્યું છે. તો તેમની હયાત પણ રહમત છે અને તેમની વફાત પણ રહમત છે, જેમ કે સરવરે કૌનો મકાં صلى الله تعالى عليه وسلم એ ખૂદ ફર્માવ્યું છે કે, "મારી હયાત પણ તમારા માટે બેહતર છે અને મારું વિસાલ ફર્માવી જવું પણ તમારા માટે બેહતર છે." કેમ કે આપે એ પણ ફર્માવ્યું છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ ઉમ્મત પર રહમ કરવા ચાહે છે તો ઉમ્મતની મૌજૂદગીમાં નબીની રૂહ કબ્ઝ કરી લે છે તો તે નબી પોતાની ઉમ્મતના માટે બખ્શિશનો મુકદ્દમો અને નજાતનો ઝખીરો બની જાય છે.

ઈમામ અબુલ લૈષ સમરકંદી رحمة الله عليه એ શબ્દ "રહ્‌મતુલ્‌લિલ્ આલમીન"ના બારામાં ફર્માવ્યું છે કે આપ તમામ જિન્નાત તથા માનવોના માટે રહમત છે. બીજું કથન એ છે કે આપ સર્વ મખ્લૂકના માટે રહમત છે. મો'મિનના માટે એ લેહાઝથી રહમત છે કે તેમને હિદાયત આપના સબબે મળી, મુનાફિકોના માટે એ કારણે રહમત છે કે તેમને આપના સદકામાં કત્લથી અમાન મળી, કાફિરો માટે એ રીતે રહમત છે કે આપના સબબે તેમના માટે અઝાબ પાછળ ઠેલાઈ ગયો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما (વફાત : હિ.સ. ૬૮)એ ફર્માવ્યું છે કે સૈયેદેના વ

મૌલાના રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સૌ મો'મિનો તથા કાફિરોના માટે રહ્‍મત છે. જ્યારે આ વાતને સામે રાખવામાં આવે કે પોતાના નબીઓને જૂઠ લાવનારી ઉમ્મતો પર કેવા કેવા અઝાબ આવ્યા હતા, તો એ વખતે ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું "રહ્‍મતુલ્‍ લિલ્‍આલમીન" હોવું સારી રીતે દિમાગમાં સમાય જશે.

હિકાયત છે કે ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને પૂછયું કે મારી રહમતથી શું તમને પણ કાંઈ હિસ્સો મળ્યો છે ? રૂહુલ અમીને અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! હું મારી આકેબતના બારામાં ડરતો કાંપતો રહેતો હતો પરંતુ હવે મુત્મઈન છું કે આપની કદમ બોસીના સદકામાં અલ્લાહ તઆલાએ આ નુસ્ખાએ કીમિયા (કુર્આને કરીમ)માં મારી તા'રીફ ફર્માવી છે, જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :–

ذِیْ قُوَّۃٍ عِنْدَ ذِی الْعَرْشِ مَکِیْنٍ ۝ مُطَاعٍ ثَمَّ اَمِیْنٍ ۝

"જે કુવ્વતવાળો છે, અર્શના માલિકની હુઝૂર ઈજ્જતવાળો છે, ત્યાં તેનો હુકમ માનવામાં આવે છે, વળી અમાનતદાર છે." *(પારા–૩૦, સૂરએ તકવીર, આયત–૨૦, ૨૧)*

ગુલશને અહલે બયતના નખ્લે સદાબહાર એટલે ઈમામ જાફર સાદિક ઈબ્ને ઈમામ મુહમ્મદ બાકિર رحمۃ اللہ علیہ એ ઈર્શાદે બારી તઆલા :–

فَسَلٰمٌ لَّکَ مِنْ اَصْحٰبِ الْیَمِیْنِ *(પારા–૨૭, સૂ. વાકિઆ, આ. ૯૧)* (તો હે મહબૂબ ! તમારા પર સલામ જમણી તરફવાળાઓથી)ના બારામાં ફર્માવ્યું છે કે એનો મતલબ એ છે કે હે મહબૂબ ! તમારા સદકામાં જમણી તરફવાળાઓ પર સલામતી છે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં આ પ્રમાણે ફર્માવ્યું છે :–

اَللّٰہُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِہٖ کَمِشْکٰوۃٍ فِیْہَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِیْ زُجَاجَۃٍ ؕ اَلزُّجَاجَۃُ کَاَنَّہَا کَوْکَبٌ دُرِّیٌّ یُّوْقَدُ مِنْ شَجَرَۃٍ مُّبٰرَکَۃٍ زَیْتُوْنَۃٍ لَّا شَرْقِیَّۃٍ وَّغَرْبِیَّۃٍ یَّکَادُ زَیْتُہَا یُضِیْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْہُ نَارٌ ؕ نُوْرٌ عَلٰی نُوْرٍ ؕ یَہْدِی اللّٰہُ لِنُوْرِہٖ مَنْ یَّشَآءُ ؕ وَیَضْرِبُ اللّٰہُ الْاَمْثَالَ لِلنَّاسِ ؕ وَاللّٰہُ بِکُلِّ شَیْءٍ عَلِیْمٌ ۝

"અલ્લાહ નૂર છે આસ્માનો અને જમીનોનું. તેના નૂરનું દષ્ટાંત એવું છે કે જાણે એક તાક કે તેમાં ચિરાગ છે, તે ચિરાગ એક ફાનસમાં છે, તે ફાનસ જાણે એક સિતારો છે, મોતી જેવો ચમકતો, રોશન થાય છે બરકતવાળા ઝાડ ઝૈતૂનથી, જે ન પૂર્વનો ન પશ્ચિમનો, નજીક છે કે તેનું તેલ ભડકી ઉઠે ભલે તેને આગ ન સ્પર્શે. નૂર પર નૂર છે. અલ્લાહ પોતાના નૂરની રાહ બતાવે છે જેને ચાહે છે અને દષ્ટાંત વર્ણન કરે છે લોકોના માટે અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે." *(પારા–૧૮, સૂ. નૂર, આ.–૩૫)*

તેની તફસીરના બારામાં હઝરત કઅબ અને ઈબ્ને જુબૈર رضی اللہ عنہما એ ફર્માવ્યું :–

"અહીં બીજા શબ્દ નૂરથી મુરાદ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે અને ખુદા તઆલાનો ઈર્શાદ તેના નૂરના દષ્ટાંતથી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરનું દષ્ટાંત મુરાદ છે."

સહલ ઈબ્ને અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ નો કૌલ છે કે આસ્માન તથા જમીનવાળાઓને હિદાયત આપનાર અલ્લાહ તઆલા છે. પછી ફર્માવ્યું કે હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું મુબારક નૂર જ્યારે **અસ્લાબ** હતું ત્યારે તેનું દષ્ટાંત તાકની જેમ હતું જેની સિફત (ખૂબી) એવી જ હતી અને **મિસ્બાહ** એટલે ચિરાગથી આપનું કલ્બે અત્હર (પવિત્ર દિલ) મુરાદ છે **ઝુજાજત** એટલે કાચ આપનો સીના મુબારક છે જાણે તે એક રોશન સિતારો છે કેમ કે તેની અંદર ઈમાન તથા હિકમતનો ખજાનો છે. શજર મુબારકથી હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم નું નૂર મુરાદ છે જેનું શજર મુબારકથી દષ્ટાંત આપવામાં આવ્યું છે. અને یَکَادُ زَیْتُہَا یُضِیْٓءُ નો મતલબ છે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નબુવ્વત (આષારે નબુવ્વત) તેમના કહેવાથી પહેલાં લોકોમાં જાહેર થઈ ગઈ જેમ કે આ ઝૈતૂન. આ આયતની તફસીરમાં અન્ય પણ ઘણા કથનો છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

અને અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં એના સિવાય અન્ય કેટલાયે પ્રસંગે નૂર કહ્યું અને સિરાજે મુનીર ઠરાવ્યા છે. જેમ કે હબીબની નઅત કહેતાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું છે :–

قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ ۝

"બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ." *(પારા–૬, સૂરએ માઈદા, આયત–૧૫)*

બીજી જગાએ ફર્માવ્યું છે :–

اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا وَّدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا ۝

"બેશક ! અમે તમને મોકલ્યા હાઝિરો, નાઝિર, ખુશખબરી અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ તેના હુકમથી બોલાવતા અને ચમકાવી દેનાર સૂરજ." *(પારા–૨૨, સૂરએ અહઝાબ, આયત–૪૬)*

અને આ બારામાં એ પણ ઈર્શાદે બારી તઆલા છે :–

اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ ۝ وَوَضَعْنَا عَنْكَ وِزْرَكَ ۝ الَّذِيْٓ اَنْقَضَ ظَهْرَكَ ۝ وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۝ فَاِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ۝ اِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ۝ فَاِذَا فَرَغْتَ فَانْصَبْ ۝ وَاِلٰى رَبِّكَ فَارْغَبْ ۝

"શું અમે તમારો સીનો વિશાળ ન કર્યો તમારા પરથી તમારો તે બોજ ઉતારી લીધો જેણે તમારી પીઠ તોડી હતી. અને અમે તમારા માટે તમારો ઝિક્ર બુલંદ કરી દીધો, તો બેશક ! દુશ્વારીની સાથે આસાની છે, તો જ્યારે તમે નમાઝથી ફારિગ થાવ તો દુઆમાં મહેનત કરો અને તમારા રબની જ તરફ આગળ વધો." (પારા–૩૦, સૂ. અલમ નશ્રહ્)

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આપનો શરહે સદર ઈસ્લામની સાથે થયો છે. સહલ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નૂરે રિસાલતની સાથે. અને હઝરત હસન رضی اللہ عنہ ફર્માવે છે કે આપના કલ્બ મુબારકને એ રીતે ઈલ્મ તથા હિકમતથી ભરી દેવામાં આવ્યો હતો કે વસવસાઓનો અવકાશ જ રહ્યો ન હતો. એના અર્થોમાં એ પણ કથન છે કે શું અમે તમારા કલ્બે મુબારકને એટલુ પાક નથી કરી આપ્યું કે તમને વસવસા તકલીફ ન પહોંચાડી શકે, અને તમારા ઉપરથી તે બોજ ઉતારી લીધો છે જેણે તમારી કમ્મર તોડી રાખી હતી. એક કૌલમાં જહાલતના દિવસોનો બોજ છે. એક કૌલ એ છે એનાથી મુરાદ રિસાલતની જિમ્મેદારીઓનો બોજ છે જે તબ્લીગના કારણે ઉતરી ગયો છે. આ કૌલને માવર્દી તથા સલ્લમી رضی اللہ عنہما એ વર્ણન કર્યો છે. એ પણ કહેવામાં આવ્યું છે કે અમે તમને લગઝિશોથી બચાવી લીધા છે (સુરક્ષિત રાખ્યા છે.) આ કૌલને સમરકંદી رحمۃ اللہ علیہ એ નકલ કર્યો છે. અને **વરફઅ્ના લક ઝિક્રક**ની તફસીરમાં યહ્યા ઈબ્ને આદમ علیہ الرحمۃ والرضوان એ કહ્યું છે કે અમે નબુવ્વતની સાથે તમારી બોલબાલા કરી દીધી છે. એ પણ કહેવામાં આવ્યું છે કે જ્યારે મારો ઝિક્ર થશે તો સાથે સાથે તમારો ઝિક્ર પણ થશે, જેમ કે કલ્મા તૈયેબહ્ **લાઈલાહ ઈલ્લલાહ**ની સાથે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** કહેવામાં આવે છે. અને એ પણ કહેવામાં આવે છે કે અઝાન થકી આપનો ઝિક્ર બુલંદ કરવામાં આવ્યો છે.

ફકીહ કાઝી અબુલ ફઝ્લ (કાઝી અયાઝ માલિકી) رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એ અલ્લાહ عزوجل ની તરફથી આ બાબતનું બયાન છે કે અલ્લાહ عزوجل ની બારગાહમાં નબી કરીમ صلی اللہ تعالی علیہ وسلم ની ખૂબ જ કદરો મંઝિલત (માન મર્તબો) છે અને ખાલિક તથા માલિકની નજીક આપનો રુત્બો ઘણો જ બુલંદ છે અને આપ તેની નજીક ઘણા જ બુઝુર્ગ છો, એટલા માટે આપના કલ્બે મુબારક (દિલ)ને ઈમાન તથા હિદાયતના માટે ખોલી દેવામાં આવ્યું અને ઈલ્મની હિફાઝત હિકમતની રક્ષા માટે તેને વિશાળ કરી દેવામાં આવ્યું. અને જાહિલિયતની બાબતોનો બોજ

આપના ઉપરથી હટાવી દીધો અને જેહાલતની આદતોને આપની દષ્ટિમાં ધૃણાસ્પદ ઠરાવી દેવામાં આવી, અને આપના દીનને તમામ દીનો પર ગાલિબ (ચડિયાતો) કરી દીધો અને નબુવ્વત તથા રિસાલતના બોજની તકલીફોને આપનાથી દૂર કરી દેવામાં આવી એ રીતે કે જે કાંઈ અલ્લાહ તઆલાએ આપના પર નાઝિલ કર્યું તે આપ લોકો સુધી પહોંચાડી આપ્યું.

આ સ્થિતિ એ બાબતે સ્પષ્ટ દલીલ પૂરી પાડે છે કે બારગાહે ખુદાવંદીમાં આપનો જલીલુલકદર (મહાન) મકામ તથા ઉચ્ચ રુત્બો અને ઝિક્ર મુબારક ખૂબ જ ઊંચો છે અને હક્ક સુબ્હાનહૂ વ તઆલાએ આપના નામ નામીને પોતાના ઈસ્મે ગિરામી (પાકનામ) સાથે મિલાવ્યું છે. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

હઝરત કતાદા رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૮) ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ આપના ઝિક્રને દુનિયા તથા આખેરતમાં બુલંદ કરી આપ્યું છે, તો કોઈ ખતીબ, કોઈ મોઅઝ્ઝિન તથા કોઈ નમાઝી એવો નથી જે **લાઈલાહ ઈલ્લલ્લાહ**ની સાથે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ની શહાદત ન આપતો હોય.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૪)થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એકવાર જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે મારો તથા આપનો રબ ફર્માવે છે કે, શું તમે જાણો છો કે આપના ઝિક્રને કઈ રીતે બુલંદ કરવામાં આવેલ છે ? મેં કહ્યું કે, અલ્લાહ તઆલા જ સારી રીતે જાણે છે. (જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ) કહ્યું કે, રબ ફર્માવે છે કે જ્યારે ઝિક્ર કરવામાં આવે છે તો મારી સાથે તમારો ઝિક્ર જમીલ પણ કરવામાં આવે છે. (صلی اللہ تعالیٰ علیہ وسلم)

ઈબ્ને અતા رحمۃ اللہ علیہ એ **વરફઅ્ના લક્ક ઝિક્રક**ની તફસીરમાં કહ્યું છે કે મેં (અલ્લાહે) ઈમાનની પરિપૂર્ણતાને એ વાત પર મૌકૂફ રાખી છે કે મારી સાથે તમારો (મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمનો) ઝિક્ર પણ કરવામાં આવે. તેમ જ મેં તમારા ઝિક્રને મારા ઝિક્રનો હિસ્સો ઠરાવ્યો છે. જેથી જેણે તમારો ઝિક્ર કર્યો તો જાણે કે તેણે મારો ઝિક્ર કર્યો છે.

જા'ફર ઈબ્ને મુહમ્મદ رضی اللہ عنہما (ઈમામ જા'ફર સાદિક)એ ઝિક્રની બુલંદીના બારામાં ફર્માવ્યું છે કે જે શખ્સ પણ મને રબૂબિયતની સાથે યાદ કરશે તે તમારો રિસાલતની સાથે ઝિક્ર કરશે. અને અમુક ઉલમાએ એની તફસીરમાં શફાઅતની પ્રતિ નિર્દેશ કર્યો છે, કેમ કે એ વખતે આપની શાનની રફઅત (ઉચ્ચતા) સૌની સમક્ષ હશે અને દોસ્તો, ચાહકો ઉપરાંત ઈન્કાર કરનારાઓ, હસદખોરો તથા ઝબાનદરાઝ કરનારા પણ એ બાબતનો સ્વીકાર કરવા સિવાય કોઈ ચારો પામશે નહીં.★

......અને એની તફસીરમાં કે રબ તઆલાએ આપના ઝિક્રને પોતાના ઝિક્રની સાથે બુલંદ કર્યું છે. એ પાસુ પણ સમાયેલ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપની ઈતાઅત (ફર્માંબરદારી)ને પોતાની ઈતાઅતની સાથે અને આપના નામ નામીને પોતાના ઈસ્મે ગિરામી (પાક નામ)ની સાથે મિલાવ્યું છે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :– وَاَطِیْعُوا اللّٰہَ وَالرَّسُوْلَ ''અને અલ્લાહ તથા રસૂલના ફર્માંબરદાર બનો.'' *(પારા–૪, સૂરએ આલે ઈમ્રાન, આયત–૧૩૨) ક્રમશ :*

---

★ મૌલાના હસન રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ એ શાને મુસ્તફાની આ જલ્વાગરી (મહેશરમાં)ના બારામાં લખ્યું છે :–

*ફકત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મહશર કા*
*કે ઉન્કી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી એ આ બાબતે મુન્કિરોને આ રીતે સમજાવ્યા છે :–

*આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉનસે*
*કલ ન માનેંગે કિયામતમેં અગર માન ગયા*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


હપ્તો : ૦૨

## ★ ધાર્મિક તથા અખ્લાકી ખબરો ★

**(૧)** મસ્જિદોને રસ્તા બનાવી લેવામાં આવશે. **(૨)** કારીઓની અધિક્તા થશે, હશ્રાતુલ અર્દની (બેક્ટેરીયાની) જેમ જોવા મળશે. **(૩)** આલિમો તથા ફકીહોની ઉણપ વર્તાશે. **(૪)** બુરા ફકીહો થશે. **(૫)** મુત્તકી મુફ્તી દુર્લભ થઈ જશે કે જાડો તાજો માજો માણસ શોધતાં શોધતાં દુબળો થઈ જશે તેમ છતાં પણ પામશે નહીં. **(૬)** હજારો લોકો નમાઝ પઢશે પણ એક પણ મુસલમાન હશે નહીં. **(૭)** કુર્આને કરીમને શરમની ચીજ સમજવામાં આવશે. **(૮)** ઈસ્લામનાં કામ એવા લોકો કરશે જે ખૂદ મુસલમાન હશે નહીં. (જેમ કે આપણે જોઈ રહ્યા છીએ કે પશ્ચિમી કૌમો કુર્આન તથા હદીષ, તારીખ તથા સિયર વગેરે પર ખૂબ જ ઉમદા કામ કરી રહેલ છે અને એવા લોકો દીનનું કામ કરી રહ્યા છે જેઓ જાહેરી રીતે બેદીન જણાય છે. ઉપરાંત બદ્અકીદા નામના મુસલમાનો પણ ઈસ્લામના નામે શું નથી કરી રહ્યા ?)

**(૧)** કેવળ જાન પહેચાનવાળા સાથે અલૈક સલૈક થશે. **(૨)** બેહયાઈ, બદ્ઝબાની આમ થઈ જશે. **(૩)** બુરા પડોશીઓ હશે. **(૪)** સગાઈઓ ખત્મ થઈ જશે. **(૫)** સ્ત્રીઓ બાગી બની જશે. **(૬)** નાના માણસોની ખૂબ દેખભાળ થશે અને મોટેરાઓ પ્રતિ ધ્યાન આપવામાં આવશે નહીં. (પ્રગતિશીલ દેશોમાં વૃધ્ધ માબાપોને ઘરોએથી કાઢી મૂકવામાં આવે છે, ગવર્નમેન્ટ તેમની દેખભાળ રાખે છે, તેમની પોતાની ઔલાદ પૂછતી પણ નથી.) **(૭)** ઝિનાકારીથી શરમ રહેશે નહીં. (પ્રગતિશીલ દેશોમાં આ ચીજ આમ છે સૌની સામે, કોઈ હયા નથી.) **(૮)** બદ્માશ લોકો ચાલતી સ્ત્રીની છેડછાડ કરશે, છેડતી કરનાર હસશે તો તેની સાથે તેના સર્વ સાથીઓ હસશે. (મોટા શહેરોમાં આ વબા સામાન્ય છે. જેને આજે આપણે ખૂદ જોઈ રહ્યા છીએ.) **(૯)** સ્ત્રીઓ વડીલો તથા વૃધ્ધોને તતડાવશે. (પૂર્વ તથા પશ્ચિમમાં આ વબા આમ છે.) **(૧૦)** સાચો મિત્ર અને હલાલનો માલ દુર્લભ થઈ જશે.

## ★ તા'લીમી તથા તદરીસી ★

**(૧)** ઈલ્મ આમ થઈ જશે. પુરૂષ, સ્ત્રી, બાળક, ગુલામ, આઝાદ સૌ પઢશે. (ભણશે.)

## ★ સંસ્કારિક તથા સામાજિક ★

**(૧)** સ્ત્રીઓ કપડાં પહેરલ હોવા છતાં નગ્ન હશે. **(૨)** માથાઓ પર ખાંધ જેવી ચીજ (એટલે હેટ અથવા એવા પ્રકારની ટોપી) હશે. **(૩)** સ્ત્રીઓ ઘમંડભેર (ઠસ્સાભેર) ચાલશે. **(૪)** પુરૂષો સ્ત્રીઓ સાથે મળતાપણુ પેદા કરશે અને સ્ત્રીઓ પુરૂષ સાથે મળતાપણુ પેદા કરશે. **(૫)** માથાઓ પર ગીતો (ઈયર ફોન) વાગી રહ્યા હશે. **(૬)** લોકો બજારોમાં એ રીતે ચાલશે કે તેમની જાંગો દેખાશે (એટલે સ્ત્રીઓ સ્કર્ટ પહેરશે અને પુરૂષો હાફ પેન્ટ (ચડ્ડા) વગેરે. **(૭)** દાઢીઓ સાફ કરવામાં આવશે. **(૮)** ખૂબસૂરત ચામડાના જોડા પહેરશે અને તેને ખૂબ

ચમકાવશે. (૯) પુરૂષ શણગાર કરશે. (૧૦) જાત જાતનાં ભોજનો ખાશે, વિવિધ પ્રકારનાં શરબતો પીશે, વિવિધ સ્ટાઈલના કપડાં પહેરશે અને ચીકણી ચટાકેદાર વાતો કરશે. આ ઉમ્મતના બુરા લોકો હશે. (અલ્લાહુ અકબર ! જેમને આપણે શરીફ તથા પ્રગતિશીલ સમજતા હતા તે જ બુરા નીકળ્યા !)

## ★ સાયન્ટિફિક તથા ટેકનિકલ ★

**(૧)** સખાવાની જેમ સવારીઓ હશે (એટલે મોટરો, ટ્રક, બસો વગેરે...) **(૨)** સમય એક બીજાની નજીક થઈ જશે અને જમીન સંકોચાઈ જશે. (એટલે અર્વાચીન પ્રકારનાં સંદેશ વ્યવહારનાં સાધનો તાર, ટેલીફોન વગેરે અને ટ્રાન્સપોર્ટિંગ (વાહન વ્યવહાર)નાં સાધનો મોટર, રેલ્વે, જહાઝ વગેરે શોધાશે જેના કારણે એક સ્થળથી બીજા સ્થળનાં અંતરો ટૂંક સમયમાં કપાશે. **(૩)** વરસ મહીનો થઈ જશે, મહીનો અઠવાડિયુ અને અઠવાડિયુ એક દિવસ અને દિવસ એક ઘડી. **(૪)** કલમ જાહેર થશે. (આ ઈર્શાદમાં ફાઉન્ટન પેન, પેન્સિલ, ટાઈપ રાઈટર, પ્રિન્ટિંગ પ્રેસ વગેરે સૌ આવી ગયાં.) **(૫)** જોડાની દોરી વાતો કરશે અને તે બધું સંભળાવી દેશે જે એની પાછળ ગીબત ઘરમાં થતી રહી. (ટેપ રેકોર્ડર અને એ પ્રકારનાં આધુનિક સાધનોની તરફ સ્પષ્ટ નિર્દેશ છે.) **(૭)** એક શહેરનો વેપારી બીજા શહેરના વેપારી સાથે મશ્વેરો કરશે. (ટેલીફોન પ્રતિ સ્પષ્ટ નિર્દેશ છે. આજકાલ એના થકી શહેર શહેર, દેશ દેશ વેપારીઓ આપસમાં મશ્વરા કરે છે.

## ★ વ્યાપારિક તથા આર્થિક ★

**(૧)** વ્યાપાર આમ થશે. **(૨)** દૌલતની રેલમછેલ હશે. **(૩)** સ્ત્રી તથા પુરૂષ ભેગાં મળીને વેપાર કરશે. **(૪)** વ્યાજથી કોઈ બચશે નહીં, જે બચશે તેને વ્યાજની ધૂળ જરૂર પહોંચશે. **(૫)** ફૂરાતથી સોનાનો ખજાનો જાહેર થશે. (પેટ્રોલને "કાલા સોના" કહેવામાં આવે છે એના અગણિત ખજાનાઓ એ ઈલાકામાં નીકળશે.) **(૬)** ફુરાતથી સોનાનો પહાડ જાહેર થશે તો લોકો એના બારામાં સાંભળીને એના તરફ જશે. જેના કબ્જામાં એ હશે તે કહેશે કે જો અમે અન્ય લોકોને એને લઈ જવાની રજા આપીશું તો તેઓ પૂરે પૂરું લઈ જશે. એના માટે લોકોને કત્લ કરવામાં આવશે. (તેલની વર્તમાન વિ□ સ્તરની ખેંચતાણ, શાહ સઊદની કત્લ તથા વિવિધ કૌમની આ મસ્અલા પર આપસમાં ખેંચતાણ, વળી હાલનો ઈરાક પરનો અમેરિકાનો હુમ્લો અને તેના પર કબ્જો, ત્યાંના લોકોની અસંખ્ય ખૂનામરકી થવી.....વગેરે એના પર સાક્ષી છે.) **(૭)** ઘણી ખાણો નીકળશે જેના પર કેવળ કમીનાઓનો કબજો હશે. (જેમ કે મોટા ભાગની ખાણો ખુદા વ રસૂલના દુશ્મનો તથા માનવ જાતને તબાહ કરનારાઓના કબ્જામાં છે.)

## ★ રાજનૈતિક તથા રાષ્ટ્રિય ★

**(૧)** મુસલમાન મુસલમાનને કત્લ કરશે અને મૂર્તિપૂજકોને છોડી દેશે. (મુસલમાન મુસલમાનને પ્રથમ દિવસથી કત્લ કરી રહ્યા છે પણ મૂર્તિપૂજકો વાળી વાત ત્યારે ઉપસ્થિત થઈ જ્યારે હિંદની આઝાદીની ચળવળમાં અમુક મુસલમાનોએ મુસલમાનોને છોડીને મૂર્તિપૂજકો સાથે મિત્રતા કરી અને બાંગલાદેશની ચળવળના વખતે પણ જોઈ લીધું કે મુસલમાને મુસલમાનને કત્લ કર્યા અને મૂર્તિપૂજકોને દા'વત પણ આપી. **(૨)** કેટલાક ફિત્ના મુશ્રિકો સાથે ભળી જશે, કેટલાક ફિત્ના મૂર્તિઓની પૂજા શરૂ કરાવશે. **(૩)** એ લોકો ઈસ્લામથી એવા નીકળી જશે જેવી રીતે તીર નિશાનથી. (પાક.માં તથા અન્ય બીજા ઈસ્લામી દેશોમાં જે લોકો કૌમ પરસ્તી અથવા રાષ્ટ્ર પરસ્તી તથા નિશાન પરસ્તીની દા'વત આપે છે તેઓ ઈસ્લામથી આ જ પ્રમાણે દૂર છે જેમ કે તીર નિશાનેથી છટકીને દૂર જઈને પડે છે.) **(૪)** જેહાદનો બસ શોરોગુલ હશે. (જેમ કે આપણે જોઈ રહ્યા છીએ કે ઈસ્લામી દુનિયાના મહત્વના મામલાઓ, વિરોધો, હડતાલો ઠરાવોને ભેટ ચઢી જાય છે.) **(૫)** અપ્રમાણિકને અમીન

બનાવવામાં આવશે. (૬) હાકિમો બદ્અમલ તથા બદ્કિરદાર થશે.

## ★ ડૉક્ટરી તથા ઈલાજને લગતી ★

(૧) કુકર્મોથી (વ્યભિચાર, સજાતીય સંભોગ) વગેરેથી નવી નવી બીમારીઓ પેદા થશે. (૨) લોકો અચાનક મરશે. (૩) લકવો તથા હાર્ટ ફેઈલ (દિલ બંધ થવું) આમ થઈ જશે.

આ ગયબી ખબરનામુ તમે જોયું ?! અને જોયું કે કેવી કેવી 'નામાલૂમ' ખબરો છે ! જે આજે આપણે આપણી આંખોથી જોઈ રહ્યા છીએ અને ઈબ્રતના નિશાન બનેલા છીએ ! એવી ઘણી આયતો તથા હદીષો મૌજૂદ છે જે આ કિતાબમાં વિખરાયેલી પડી છે. આવો ! અભ્યાસ કરો ! અને ઈમાન તથા યકીનને તાજગી અર્પો.

અહીં એક બાબતની સ્પષ્ટતા જરૂરી સમજું છું. ફાઝિલ લેખકે અમુક આયતો તથા હદીષોની એવી તાવીલો (અર્થઘટનો) કરી છે જેમાં કહેવાપણુ છે અને એકમતી દર્શાવવી મુશ્કેલ જણાય છે. આયતો તથા હદીષોની એ હદ સુધી તાવીલ કરવામાં આવવી જોઈએ જ્યાં સુધી તે ઈજાઝત આપે અને હકીકત તો એ છે કે કોઈ તાવીલની પણ જરૂરત નથી. સમય આપોઆપ આયતો તથા હદીષોની સ્પષ્ટતા કરતો જઈ રહ્યો છે. જમાનાથી વધીને કોણ મુફસ્સિર હશે ?! જે આયતોની ભૂતકાળમાં તાવીલો કરવામાં આવી હવે તે મળતી જઈ રહી છે અને આયતોના અર્થો તથા ભાવાર્થો ખૂદ બ ખૂદ સ્પષ્ટ થતા જઈ રહ્યા છે. દા.ત. કુર્આને કરીમમાં જાનવરોની દુનિયાની સાથોસાથ વનસ્પતિઓના માટે પણ ફર્માવ્યું કે જોડાં જોડાં પેદા કર્યા. જેનો અર્થ મુફસ્સિરોએ અધિક્તા તથા પુષ્કળ પ્રમાણનો કર્યો છે, પરંતુ હવે સાબિત થઈ ચૂક્યુ છે કે જે રીતે પ્રાણીઓની દુનિયામાં નર તથા માદા છે અને જન્મ તથા મરણનો ક્રમ છે, બરાબર એ જ પ્રમાણે વનસ્પતિની દુનિયામાં પણ નર તથા માદા છે અને જન્મ તથા મરણનો ક્રમ પણ છે. ખૈર ! જે દલીલોથી એકમતી નથી થઈ શકતી તેની વિગત આ પ્રમાણે છે :–

**(૧)** સૂરએ મુરસિલાત *(આયત ૧ થી ૭)*થી બોમ્બવર્ષા તથા હુમ્લો કરતાં વિમાનો બાબતે દલીલો. **(૨)** સૂરએ અન્આમ *(આયત–૬૫)*થી બોમ્બો માટે દલીલ . **(૩)** સૂરએ યૂનુસ *(આયત–૨૪)*થી એટમ બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, સબમરીન, મિસાઈલો તેમજ અર્વાચીન શહેરી જીવન તથા ઈમારતો, વગેરે પર દલીલો. **(૪)** સૂરએ તકવીર *(આયત–૫)*થી ચિડીયાઘર પર દલીલ તથા એ જ પ્રકારની સૂરત *(આયત–૩)*થી પહાડી સડકો પર દલીલ. **(૫)** હદીષે પાકના શબ્દો **સૂરતુલ મસાજિદ**થી ફોટોગ્રાફી તથા કેમેરા પર દલીલો.

પરંતુ આટલી મહત્વની કિતાબમાં અમુક વાતોના મતભેદથી તેનું મહત્વ ઓછુ નથી થતું, એ ખરેખર કદરને પાત્ર છે અને ફાઝિલ લેખક મુબારકબાદને પાત્ર છે કે તેમણે હકાઈક (સચ્ચાઈઓ)ને એક ઠેકાણે ભેગી કરીને આંખો ખોલી નાખી છે. વિખેરાયેલા મોતીઓથી એવી માળા બનાવી છે જે ઈમાન તથા યકીનના ગળામાં ખૂબ જ શોભે છે.

ફાઝિલ અરબી લેખકની સાથે સાથે ફાઝિલ ઉર્દૂ અનુવાદક **મૌલાના ગુલામ મુહીય્યુદીન અહમદમિયાં બરકાતી** ઝૈદુલ મજદહૂ પણ મુબારકબાદના અધિકારી છે કે તેમણે એક ઉર્દૂ ભાષી તબકાને આટલી સારી તથા લાભદાયી કિતાબથી માહિતગાર કર્યા, દિલને તાજગી તથા રૂહને જિંદગી બખ્શી. ફાઝિલ અનુવાદક નવયુવાન આલિમ છે ખૂબ જ નમ્રતા, સભ્યતા તથા અદબવાળા જાણે જાહેરી તથા બાતિની ખૂબીઓથી માલામાલ છે. તેમના વાલિદે માજિદ મૌલાના મુફતી ખલીલખાં સાહબ બરકાતી رحمۃ اللہ علیہ સિંધના વિશિષ્ટ આલિમે દીન છે તથા દારુલ ઉલૂમ અહસનુલ બરકાત (હૈદ્રાબાદ–સિંધ)ના સદર મુદર્રિસીન છે.

"રહમતે હક્ક બહા ન મી જોયદ." ફાઝિલ અનુવાદકને એક અફઘાની વેપારી પાસેથી આ


કિતાબ અરબીમાં "મુતાબિકતુલ્ ઈખ્તિરાઆતિલ્ અસરિય્યહ્ લિમા અખ્બરબિહી સૈયદુલ બરિય્યહ્"ની ચોથી આવૃત્તિ *(કાહિરા, પ્રેસ, ઈ.સ. ૧૯૬૯, હિ.સ. ૧૩૭૮)* મળી. વળી અલ્લાહ તઆલાએ (ઉર્દૂ) અનુવાદની વાતની તેમના દિલમાં ઈલ્કા કરી અને ખુદાના ફઝ્લથી સાચી કોશિશ પછી આ કામ સંપૂર્ણ થઈ ગયું. તર્જુમાની મુશ્કેલીઓને સામે રાખવામાં આવે તો આ તર્જુમાને એક કામયાબ અનુવાદ કહી શકાય છે. અનુવાદ કરવો એ ખરેખર એક શરીરમાંથી રૂહ કાઢીને બીજા શરીરમાં રાખવું છે. કામયાબ તર્જુમો જાતે પોતે એક સર્જન છે બલ્કે અમુક સંજોગોમાં એનાથીયે વિશેષ ! કેમ કે તર્જુમો કરતી વખતે માણસની સોચ પાબંદ હોય છે, કેમ કે ખૂદ લખવામાં સંપૂર્ણ આઝાદી હોય છે, અલ્બત્ત ! લેખનકાર્યમાં વિશાળ ઈલ્મ તથા દ્રષ્ટિની જરૂરત હોય છે અને અનુવાદમાં ભાષા પર પ્રભુત્વ તથા નિપૂણતાથી કામ ચાલી જાય છે.

વાસ્તવિક રૂપમાં આ કિતાબ એક જીવંત મો'જિઝો છે જે આ સદીમાં જાહેર થયો છે, પહેલાં પણ જાહેર થઈ શકતો હતો પરંતુ મો'જિઝાની ખાસ ખૂબી એ છે કે તે પોત પોતાના સમયોમાં જાહેર થાય છે. ઈન્શાઅલ્લાહુ તઆલા આ ઈલ્મે ગયબના મો'જિઝાથી હજારો ભટકી ગયેલાઓ સહી માર્ગ પામશે અને લાખો બીમારો તંદુરસ્તી મેળવશે. આ કિતાબ ખાસ કરીને તે યુવાનો માટે તિર્યાક તથા અકસીર છે જેમના દિલો દિમાગને આધુનિક સંસ્કૃતિએ ડસી લીધેલા છે, અને તે વડીલોના માટે પણ જેઓ સરવરે દો આલમ ﷺ પર ઈમાન ધરાવતા હોવા છતાં પણ હજી સુધી ઈમાનની મીઠાશથી વંચિત છે. દુઆ છે કે મૌલા તઆલા આ કિતાબને અધિકથી અધિક મકબૂલ ફર્માવે, આપણને સૌને હિદાયત બખ્શે અને ફાઝિલ (ઉર્દૂ) અનુવાદકના માટે આખેરતનો ઝખીરો બનાવે. *(આમીન)*

**–મુહમ્મદ મસઊદ અહમદ**
**(પ્રિન્સિપાલ ગવર્નમેન્ટ કોલેજ–મઠી–સિંધ)**
*[૧૧–રબીઉષ્ષાની, હિ.સ. ૧૩૯૬, ૧૨–એપ્રિલ, ઈ.સ. ૧૯૭૬]*

## આહ ! પીરે તરીકત ઉસ્માન ગની કુરૈશી ચલ બસે !

**મિર્ઝાપુર** : અમદાવાદ ખાતે પીરે તરીકત આમિલે શરીઅત હઝરત કિબ્લા ઉસ્માનગની કુરૈશી નક્શબંદી મુજદ્દિદી رحمۃ اللہ علیہ તા. ૧૯–૧૨–૨૦૦૩ રાત્રે ૧૦.૩૫ કલાકે આ ફાની જગતને અલવિદા કહી અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. આપે જીવનભર સુન્નિયતની અજોડ ખિદમત કરી છે. બઝમે રૂકનુદ્દીન નક્શબંદી મુજદ્દિદી સંસ્થા થકી મહાન બુઝુર્ગોની, મસાઈલ તથા તસવ્વુફની સીરતની..... વગેરે અણમોલ કિતાબો ઈસ્લામી જગતને ભેટ ધરી છે. આપે વરસો સુધી દા.ઉ. શાહે આલમ–અમદાવાદના પ્રમુખ તરીકે રહીને ખિદમત આપી તથા આખરી ઉમરમાં સરખેજ રોઝા પાસે દા.ઉ. સિદ્દીકે અકબર, મુજદ્દિદ અલ્ફેષાની મસ્જિદ બની ચૂકેલ છે જેની ઈફતેતાહ હાલમાં તા. ૨૧–૧૨–૨૦૦૩ ના રોજ શાનો શૌકતથી કરવામાં આવી હતી. અહીં હઝરત બાકી બિલ્લાહ મેડિકલ રીસર્ચ સેન્ટર પણ બનાવવામાં આવશે. આ જ સ્થળે ખાનકાહે ઉષ્માનિયામાં આપની દફનવિધિ ગુજરાતભરમાંથી તેમજ ગુજરાત બહાર બેંગ્લોર, મહારાષ્ટ્ર વગેરેએથી મુરીદો તેમજ ઉલમા તથા મશાઈખ અને સુન્ની અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવી. આપ પાબંદે શરઅ બુઝુર્ગ હતા કદી બેપર્દા ઔરતોને સામે આવવા દેતા ન હતા. આપના ફરઝંદો જનાબ ઈકબાલ સાહબ, જનાબ ડો. સાદિક સાહબ વગેરે પણ સર્વ આપના તરીકા પર જ ખાનકાહે નકશબંદિયા મુજદ્દિદિયા થકી કૌમની ખિદમતમાં લાગેલા છે. માહનામા હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ પણ આપની જ ભેટ છે. મૌલાના અલિફ નક્શબંદી–ભૂજ, મૌલાના અસ્લમ નક્શબંદી તથા અન્ય નામી ગિરામી આલિમો તથા પટેલ શબ્બીર અલી રઝવી વગેરે સુન્ની કાર્યકરોએ હાજરી આપી હતી. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં હઝરત શાહ ઉસ્માનગની કુરૈશી નક્શબંદી મુજદ્દિદીની મગફેરત ફર્માવે તથા આપના દરજ્જાઓને બુલંદથી બુલંદ ફર્માવે અને આપના મુરીદો, ચાહકો, સાહબઝાદાઓને સબ્રે જમીલ આપે તથા સુન્નિયતની નિઃસ્વાર્થ ખિદમત કરતા રહેવાની તૌફીક આપે. *–આમીન (તંત્રી)*



# ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત



હપ્તો : ૦૨

✍:પટેલ શબ્બીર અલી રઝવી

**રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ**
**બાજ કિસ નહરસે લેતા નહીં દરયા તેરા**
**મઝરએ ચિશ્તો બુખારાઓ ઈરાકો અજમેર**
**કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા**

*(આ'લા હઝરત)*

## ☆ હઝરત ખ્વાજાના મઝારથી ઘણા ફયૂઝો તથા બરકતો મળે છે ☆

એક સવાલના જવાબમાં આ'લા હઝરતે ખ્વાજા સાહબનો ઉલ્લેખ કરતાં ફર્માવ્યું :–

''......હઝરત ખ્વાજાના મઝારથી ઘણા બધા ફયૂઝો તથા બરકતો હાંસલ થાય છે. મૌલાના બરકાત અહમદ સાહબ મર્હૂમ જેઓ મારા પીર ભાઈ તથા મારા વાલિદ માજિદ رحمۃ اللہ علیہ ના શાગિર્દ હતા તેમણે મને વર્ણન કર્યું કે મેં મારી આંખોથી જોયું કે એક હિન્દુ જેના માથાથી પગો સુધી ફોલ્લા હતા, અલ્લાહ જ જાણે કે કેટલા હશે ?! તે બપોરે આવતો અને દરગાહ શરીફની સામે ગરમ કાંકરીઓ અને પથ્થર પર આળોટતો અને કહેતો કે ખ્વાજા ! અગન લાગી છે ! ....... ત્રીજા દિવસે જોયું કે સારો થઈ ગયો છે. *(મલ્ફૂઝાત, પેજ–૩૨૪)*

આ'લા હઝરતે ફર્માવ્યું કે ભાગલપુરથી એક ભાઈ દર વર્ષે અજમેર શરીફ હાજર થતા રહેતા હતા. એક વહાબી રઈસથી મુલાકાત થઈ તેણે કહ્યું કે મિયાં ! દર વર્ષે કયાં જયા કરો છો ? બેકાર આટલા રૂપિયા ખર્ચ કરો છો ! તેમણે કહ્યું કે, ચાલો ! ઈન્સાફની આંખથી જુઓ પછી તમને ઈખ્તિયાર છે. ખૈર, એક વરસે તે સાથે આવ્યો. જોયું કે એક ફકીર સોટો લઈને રોઝા શરીફની આસપાસ ચક્કર મારી રહ્યો છે અને એવું પોકારી રહ્યો છે કે, ''ખ્વાજા ! પાંચ રૂપિયા લઈશ અને એક કલાકની અંદર લઈશ ! અને એક જ માણસ પાસેથી લઈશ !'' જયારે તે વહાબીને ખયાલ આવ્યો કે હવે ઘણો સમય પસાર થઈ ગયો છે, એક કલાક થઈ ગયો અને હજી સુધી તેને કોઈએ કાંઈ નથી આપ્યું, તો ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢીને તેના હાથમાં રાખતાં કહ્યું કે, ''મિયાં ! તમે ખ્વાજા સાહબથી માંગી રહ્યા છો ! ભલા એ શું આપશે ! લો હું આપુ છું !'' ફકીરે તે પાંચ રૂપિયા તો ખિસ્સામાં રાખી દીધા અને એક ચક્કર લગાડીને જોરથી કહ્યું કે, ખ્વાજા ! તારા પર કુર્બાન જાઉં ! અપાવ્યા પણ કેવા ખબીષ મુન્કિર પાસેથી !'' (અલ્ મલ્ફૂઝાત, પેજ–૩૨૬, ૩૨૭)

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ હુઝૂર સૈયેદના ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ ના સંબંધે ઘણા વાકયાઓ પોતાની કિતાબોમાં ઠેક ઠેકાણે નકલ કરેલા છે એને એક ઠેકાણે સંકલિત કરવાની જરૂર છે. કેટલાક માણસો છે જેઓ પોતાની શક્તિ અનુસાર કાંઈ ન કાંઈ કરતા રહે છે. પણ માલદાર **તબકો** તોષા તથા **ન્યાઝ** પર લાખો રૂપિયા ખર્ચ કરી નાખે છે, પરંતુ જયારે એ જ **તોષો** તથા **ન્યાઝ** જેની કરવામાં આવે **તે બુઝુર્ગના જીવનચરિત્ર પર, આપની દીની ખિદમતો પર, આપની શરીઅતની પાબંદી તથા તકવા સંબંધે તેમજ આપના આદેશો સંબંધે કિતાબ છપાવવાની વાત આવે છે તો ચહેરાનો રંગ બદલાય જાય છે !** આપણી સુન્ની જમાઅતમાં જે લોકો લેખનકાર્યમાં, સંપાદન કાર્યમાં શોખ ધરાવે છે તેમને સહાય કરી પ્રોત્સાહિત કરવા જોઈએ તો આવા ગલત ખયાલો ફેલાવનારાઓથી અવામ ગુમરાહી તરફ જતી બચી શકે અને એ અતિ જરૂરી તથા અતિ સવાબનું કાર્ય છે અને તે બુઝુર્ગની બારગાહમાં સવાબનું

અણમોલ નઝરાણુ ગણાશે.

મઝહબ તથા મસ્લકની રક્ષા માટે સાહિત્ય મહત્વનો રોલ ભજવે છે. આ'લા હઝરતે પોતે "સુન્નિયતની પ્રગતિ" માટે દસ મુદ્દાનો જે કાર્યક્રમ દર્શાવ્યો છે, તેમાં આ બાબત પર ખૂબ ધ્યાન કરવા જણાવ્યું છે પણ આપણી જમાઅતના સમજદાર લોકોએ આ તરફ ધ્યાન નથી કર્યું જ્યારે કે વિરોધી જમાઅતો આ ક્ષેત્રે આગળ નીકળી ગઈ છે અને તેનાં નુકસાનો આપણી સમક્ષ છે. (એ મુદ્દો એ છે કે જે માણસ જે કામની લાયકાત ધરાવતો હોય તેને રોજી રોટીની ચિંતાથી મુક્ત કરી દો અને તેની પાસેથી તે કામ લો. જે લખી શકે છે તેની પાસેથી તેવું કામ લો, જે અન્ય કામ કરી શકે તેનાથી તેવું કામ લો.)

## ☆ આ'લા હઝરત અને બખ્તિયાર કાકી ☆

એક જણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાને બિસ્મિલ્લાહ ખ્વાનીની રસ્મની ઉંમરના વિશે સવાલ કર્યો તો તેનો જવાબ આપે હુઝૂર સૈયદ કુત્બુદ્દીન બખ્તિયાર رضی اللہ عنہ ના હવાલાથી આપ્યો.

સવાલ કરવામાં આવ્યો કે હુઝૂર ! બિસ્મિલ્લાહ ખ્વાની કરાવવાની ઉંમર શરીઅતની રૂએ નિશ્ચિત છે ? તો આપે જવાબ આપ્યો :–

"શરીઅતની રૂએ કાંઈ નિશ્ચિત નથી, હા ! મશાઈખે કિરામને ત્યાં ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસ નિશ્ચિત છે. હઝરત ખ્વાજા કુત્બુલહક્ક વદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ઉમર જે દિવસે ચાર વરસ, ચાર મહીના, ચાર દિવસની થઈ તો બિસ્મિલ્લાહ ખ્વાનીનો પ્રોગ્રામ નક્કી થયો, લોકોને બોલાવવામાં આવ્યા. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ પણ તશરીફ લાવ્યા. બિસ્મિલ્લાહ પઢાવવા ચાહ્યું તો ઈલ્હામ થયો કે, થોભો ! હમીદુદ્દીન નાગોરી આવે છે તે પઢાવશે. આ તરફ નાગોરમાં કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ને ઈલ્હામ થયો કે જલ્દી જાવ ! અને મારા બંદાને બિસ્મિલ્લાહ પઢાવ ! કાઝી સાહબ તુરત જ તશરીફ લાવ્યા અને આપને ફર્માવ્યું, "સાહબઝાદા ! પઢો ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રિહીમ** !" આપે પઢ્યું, **અઊઝુ બિલ્લાહિ મિનશ્શય્તાનિર્રજીમ, બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.** અને શરૂથી લઈને પંદર સીપારા મોઢે સંભળાવી દીધા ! હઝરત કાઝી સાહબ અને ખ્વાજા સાહબે સાહબઝાદાને આગળ પઢવા જણાવ્યું તો કહ્યું કે, "મેં મારી માના પેટમાં આટલા જ સાંભળ્યા હતા અને એટલા જ એમને યાદ હતા જે મને પણ યાદ થઈ ગયા....." *(મલ્ફૂઝાત, પેજ–૪૧૪)*

**આંખવાલા તેરે જોબનકા તમાશા દેખે**
**દીદાએ કોર કો કયા આયે નઝર ? કયા દેખે!**

તબીઅત ચાહે છે કે ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદરઝા رضی اللہ عنہ ના કલમને ચૂમી લેવામાં આવે ! પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની જે અકીદત આપણને આપની બારગાહથી મળે છે તે અન્ય ઠેકાણે ખૂબ જ ઓછી જોવા મળશે. બાતિલ કુવ્વતો હમેશાં હક્કની વિરૂધ્ધ અવાજો ઉઠાવતી રહી છે અને તેમની એ કોશિશ હોય છે કે પહેલાં તે ઉમ્મતના સ્તંભોમાંની શખ્સિયતોને નિશાન બનાવવામાં આવે જેમના થકી દીન તથા શરીઅતનો ભરમ કાયમ છે, અને જેમના કદમોમાં લોકો પોતાનું સર્વસ્વ કુર્બાન કરવા તત્પર રહે છે. તો જ્યારે તે શખ્સિયત શંકાસ્પદ થઈ જાય (કોઈ ખોટો આક્ષેપ લગાડીને) તો તેનું મિશન અને તેની તા'લીમાત ખૂદ બ ખૂદ શંકાસ્પદ થઈ જશે ! પણ જેમને રબ તઆલા સારું દિલ આપે છે તેમને ખરા ખોટા વચ્ચે તફાવત કરવાની કાબેલિયત પણ આપી દે છે. તેઓ સુની સુનાઈ વાતો પર કદી ભરોસો નથી કરતા જ્યાં સુધી કે આંખોથી નથી જોઈ લેતા અને તે સમય સુધી જીભ નથી ઉઘાડતા.

હુઝૂર સૈયેદેના ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ થી એક જણે સવાલ કર્યો કે હુઝૂર ! "કાકી"નો શો અર્થ છે અને એની નિસ્બત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકીથી શાથી થઈ ? તો જવાબ આપ્યો :–

"હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં કેટલાક મુસાફરો હાજર થયા. આપના ત્યાં તે સમયે કાંઈ ખાવા પીવાનો સામાન હતો નહીં, તો ગયબથી રોટલીઓ (કાક) આવી જે સૌને માટે પૂરતી થઈ ગઈ. ત્યારથી આપ "કાકી" મશહૂર થઈ ગયા........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૧૧૫, ૧૧૬) (ક્રમશઃ)*

# કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત
અલ્લામા મુફ્તી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

હપ્તો : ૦૨

હું (લેખક) વારંવાર સ્પષ્ટ કહી ચૂક્યો છું કે આ'લા હઝરત પોતાના સમકાલિન આલિમોથી દરેક પ્રકારના ઈલ્મમાં ઉચ્ચતમ સ્થાને બિરાજમાન હતા. અને એની દલીલ ફક્ત ફતાવા રઝવિય્યહ્નો ભાગ–૧ લો જ છે.

આપની દરેક કૃતિ રિસર્ચની એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી હોય છે કે પોતાના કે પારકા કોઈને એમાં જરા સરખો પણ વધારો ઘટાડો કરવાનો મોકો ન મળી શકે. જે વિષય ઉપર પણ આપે કલમ ઉઠાવી તેમાં તે ચર્ચાઓ, દલીલો, શંકાઓ દરેક પાસાંઓ વિસ્તૃત રીતે એવી દલીલસભર રજુઆતો કરી, છણાવટ કરી છે કે, વાંચકને માટે કોઈપણ શંકા કુશંકાનું સ્થાન ન રહે.

ઉલ્માએ હરમૈન શરીફ (મક્કા–મદીના) આ'લા હઝરતની અમુક કિતાબો જોઈ એટલા બધા પ્રભાવિત થયા કે એમણે એક અવાજે કહ્યું કે :–

ليس على الله بمستنكر ان يجمع العالم في واحد

એ આ'લા હઝરતને લાગુ પડે છે.

**અર્થાત** : "અલ્લાહ તઆલા માટે એ વાત અશક્ય નથી કે તે આખી દુનિયા એક જ વ્યક્તિમાં ભેગી કરી દે અને એ વાત આ'લા હઝરત અહમદ રઝા પર લાગુ પડે છે."

અને એમના એક ફત્વાનો અભ્યાસ કર્યા પછી તો ફર્માવ્યું કે, "જો ઈમામ અબૂ હનીફા એમને જોઈ લેતા તો તેઓની આંખોને ઠંડક પહોંચતી (ખુશી ઉત્પન્ન થાત) અને પોતાના શાગિર્દોમાં શામેલ કરી લેત."

પરંતુ લોકોમાં કેટલાય એવા લોકો પણ છે કે જેઓ તમામ ખૂબીઓ અને ફઝીલતો ઉપર પરદો નાંખી દેવા પોતાની નફ્સાનિયત, દુશ્મની અને ઈર્ષાને કારણે એમને (આ'લા હઝરતને) બદનામ કરવા રાત–દિવસ પ્રોપેગન્ડા કરે છે કે, **"એમણે તો એમના બીજાઓને સિવાય કાફિર કહી મુસલમાનોને પરસ્પર લડાવી ફિત્ના ફસાદ ફેલાવવા સિવાય બીજું કશું જ કર્યું નથી."**

એટલા જ કારણે આજના અઝીમુશ્શાન અહમદ રઝા સેમિનારમાં કે જેમાં દેશના દરેક વર્ગના મહાન આલિમો, પ્રોફેસરો, રિસર્ચ કરનારાઓ આ'લા હઝરતની જિંદગીના વિવિધ પાસાઓ ઉપર પોત પોતાની ઈલ્મી રોશની નાંખશે, મેં પોતે નક્કી કર્યું કે મસ્લએ તકફીર (કુફ્રના મસ્અલા) પર કંઈક લખું. સેમિનારના કાર્યકતાઓની પણ એ જ ઈચ્છા હતી.

જે લોકો મેદાને મેહશરમાં રબ તઆલા સમક્ષ હાજર થઈ પોતાના અમલોના રજ રજ માત્રના હિસાબ દેવા પર એતેકાદ ધરાવે છે તેમનાથી મારી નમ્ર વિનંતિ છે કે તેઓ ગૃપબંદીની ઈર્ષા અદેખાઈને દિલમાંથી કાઢી મારા લખાણને ખૂબ જ ઠંડા દિલે શાંતિથી દયાતનદારી સાથે વાંચી વિચારી વાસ્તવિકતાના ઊંડાણ સુધી પહોંચવાની કોશિશ કરે. આ બાબતે અમુક પાયાની વાતો સમજી તેને પોતાના દિમાગમાં બેસાડી લો, જે વાતોમાં બધા ફિર્કા (ગૃપ) વાળાઓ એકમતે છે અને જે કુફ્રના મસ્અલાની પાયાની બાબત છે.

## ★ શું કોઈને કાફિર કહેવું ગુનોહ છે ? ★

આ બાબતમાં સૌ પ્રથમ એ ચર્ચા આવે છે કે

કોઈ માણસ પોતાની જાતને મુસલમાન કહે છે, એનો એ દા'વો પણ છે કે હું અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યો છું, પરંતુ તેનાથી એવું કોઈ કામ થઈ જાય અથવા જીભથી એવી કોઈ વાત બોલાઈ ગઈ કે જેનાથી ખરેખર કુફ્ર થતું હોય તો શું એવી પરિસ્થિતિમાં તેને કાફિર કહેવું ગુનોહ છે કે કાફિર કહેવું ફર્ઝ છે ? એને કાફિર કહેવું ભાગલાવાદી ગણાય કે પછી ભાગલા દૂર કરનાર કહેવાય ? ફિત્નો ફેલાવનાર ગણાય કે ફિત્નો દૂર કરનાર ?!

અમે આ સવાલના જવાબ માટે તે લોકો કે જેઓ ઈન્સાફની દષ્ટિથી સાચી પરિસ્થિતિ જાણવા ઈચ્છતાઓને મસાઈલની કિતાબોમાં બાબુલ મુર્તદ (ઈમાન લાવ્યા પછી ઈસ્લામથી ફરી જનાર)નો અભ્યાસ કરવાની તકલીફ લેવા વિનંતિ કરીશું. આ વિષયમાં સેંકડો વર્ષથી આપણા મહાન ઉલમા અને મોહદ્દિષોએ અકીદા અને ફિકહની કિતાબોમાં એક આખુય પ્રકરણ અલગથી જ રાખ્યું છે. (એમાં બધાય ફિર્કાના આલિમો સહમત છે.) આ પ્રકરણમાં તે કામો અને તે વાક્યોનાં વિગતવાર વર્ણનો લખેલાં છે, અને સ્પષ્ટ વિસ્તૃત છણાવટ સાથે કોઈપણ જાતની શંકા કુશંકાથી પર ખુલ્લા શબ્દોમાં વર્ણન કર્યાં છે કે જેણે આ કામ કર્યું તે કાફિર છે, જેણે આવા શબ્દો બોલ્યા કે લખ્યા તે કાફિર છે.

બલ્કે કુર્આન પાકમાં નજર કરવામાં આવે તો તેમાં પણ રસૂલે પાક ﷺ ની જાહેરી હયાતના જમાનામાં ઘણા નમાઝીઓ, ગાઝીઓને, કસમો ખાઈને કલેમો પઢનારાઓને કાફિર કહ્યા, ફક્ત એટલા જ કારણે કે તેઓ કોઈ કુફ્રીયા વાત બોલ્યા હતા.

ઈબ્ને અબી શૈબા ઈબ્ને મુન્ઝર *(તફસીરે દુર્રે મન્ષૈર, ભાગ–૩, પેજ–૨૫૩)* અબુશૈખ અદી ઈબ્ને અબી હાતિમે પોતાની તફસીરમાં આ હદીષ વર્ણન કરી છે કે અમુક લોકોએ એવું કહ્યું કે :–

يحدثنا محمد ان ناقة فلان بواد كذا وكذا
في يوم كذا وكذا وما
يدريه بالغيب

**અર્થાત** : મુહમ્મદ ﷺ બયાન કરે છે કે ફલાણાની ઊંટડી ફલાણા જંગલમાં છે, એમને ગૈબની શું ખબર !" આ મુજબ બોલનાર તે લોકો હતા કે જેઓએ પોતાના બારામાં જાહેર કર્યું હતું કે, **"આમન્ના બિલ્લાહિ વબિલ્ યવમિલ્ આખિર."** એટલે કે અમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા. અને તે કે જેમણે છડેચોક સ્પષ્ટ શબ્દોમાં પોતાની જીભોથી કબૂલ કર્યું હતું કે **"નશ્હદુ અન્નક રસૂલુલ્લાહ"** નિઃશંક ! અમે ગવાહી આપીએ છીએ કે આપ અલ્લાહના રસૂલ છો."

જે લોકોએ આપ ﷺ નો દીદાર કર્યો, જે લોકો આપની ઈકતેદામાં નમાઝો પઢયા, જે લોકો આપના ઝંડા હેઠળ રહી જેહાદમાં પણ નીકળતા હતા, પરંતુ જ્યારે તે લોકો બાબત હુઝૂર ﷺ ને ખબર પહોંચી કે તેઓ આવો બકવાસ કરે છે કે, "નબી ગૈબ શું જાણે ?!" તો તે લોકોને બોલાવ્યા અને પૂછયું; શું તમે આ પ્રમાણે બોલતા હતા ? તેમણે જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! إِنَّمَا كُنَّا نَخُوضُ وَنَلْعَبُ અમે તો એમ જ હંસી મજાકમાં વાતો કરી રહ્યા હતા !"

આ વાત પર તરત જ અલ્લાહ તઆલાએ વહી દ્વારા હુકમ ફર્માવ્યો, તે લોકો માટે કે ખૂબ જ જોરદાર અલ્ફાઝમાં કલેમો પઢનારા હતા, નબી પાછળ જમાઅતથી નમાઝ પઢનારા હતા, નમાઝીઓ હતા, ગાઝીઓ હતા, મદનીઓ હતો, ઈમાનના દાવેદાર હતા. *(સૂરએ તૌબા)*

قُلْ أَبِاللَّهِ وَآيَاتِهِ وَرَسُولِهِ كُنْتُمْ
تَسْتَهْزِئُونَ لَا تَعْتَذِرُوا قَدْ كَفَرْتُمْ بَعْدَ إِيمَانِكُمْ

**અર્થાત** : "અય મહબૂબ ! એમને કહી દો કે, શું અલ્લાહ અને એની આયતો અને એના રસૂલથી તમે ઠઠ્ઠા મજાક કરો છો ? બહાનાં ન બનાવો ! **ઈમાન લાવી મુસલમાન થયા પછી બેશક ! તમે કાફિર થઈ ગયા."**

રિસાલતકાળમાં બે વ્યક્તિઓ વચ્ચે ઝઘડો થયો, તેઓ ફેંસલા માટે હુઝૂર ﷺ ની

બારગાહમાં હાજર થયા, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકના હક્કમાં ફેંસલો કરી દીધો. જેના વિરૂદ્ધ ફેંસલો થયો હતો તેણે કહ્યું, આપણા ઝઘડાની અપીલ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની પાસે કરીએ. બંનેવ હઝરત ઉમર رضی اللہ عنہ ની બારગાહમાં હાજર થયા. હઝરતની સમક્ષ કેસની રજુઆત કરતાં એકે વાત વાતમાં કહી નાખ્યું; હઝરત નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ કેસનો ફેંસલો મારા તરફે કરી નાખ્યો છે, પરંતુ આ મારા વિરૂદ્ધ દાવેદાર મને આપની પાસે ફેંસલો કરવા લઈ આવ્યો છે. હઝરત ફારૂકે આ'ઝમે પેલા હરીફને પૂછયું, શું આની વાત સાચી છે ?! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આનો ફેંસલો કરી આપ્યો છે ? તેણે કહ્યું, હા ! એ સાચું કહી રહ્યો છે !

હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું; તમે બંનેવ પોતાની જગાએ ઊભા રહો, ઘરમાં જઈ તલવાર લઈ આવીને એકને કત્લ કરી દીધો. જે હઝરત પાસે અપીલ કરવા લઈને આવ્યો હતો, કહ્યું; જેને નબીનો ફેંસલો મંજૂર ન હોય તેની આ જ સજા હોય છે !

બીજો ત્યાંથી ભાગી આવી સરકારે صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં કહેવા લાગ્યો, હુઝૂર ! હઝરત ઉમરે મારા હરીફ સાથીને કત્લ કરી નાંખ્યો.

હુઝૂરે ફર્માવ્યું : ઉમર કોઈ મુસલમાનને કત્લ નથી કરી શકતા. *(તફસીર દુર્રે મુન્સૂર, ભાગ–૨, પેજ–૧૮)*

આના ઉપરથી તરત જ વહી નાઝિલ થઈ.

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِىْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا۔

*(સૂરે નિસાઅ)*

**અર્થાત** : અય મહબૂબ ! તારા પરવરદિગારની કસમ ! તે કદી પણ મુસલમાન ન હોઈ શકે જ્યારે કે તેઓ પોતાના પરસ્પરના ઝઘડાઓમાં તમને હાકિમ (જજ) ન બનાવે, અને તમે જે ફેંસલો કરી દો તેમાં તેમના દિલમાં ખતરો ન લાવે. અને તેને દિલથી સાચો માની ન લે. *(સૂરએ નિસાઅ, પારો–૫)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ કત્લના (ખૂનના) બદલામાં કિસાસ કે દિયત કાંઈ પણ વાજિબનો હુકમ નથી આપ્યો. (**કિસાસ** એટલે ખૂનના બદલામાં ખૂન, અને **દિયત** એટલે ખૂનના બદલામાં માલ કે રકમ.)

જેણે હુઝૂર સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કરેલા ફેંસલાને મંજૂર ન રાખ્યો અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના દરબારમાં અપીલ માટે ગયો. તે બદ્નસીબ કલેમો પઢનાર હતો, પોતાને મુસલમાન કહેતો હતો, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના કલામે પાકમાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું, કે **એવા લોકો કે જે મારા મહેબૂબ રસૂલના ફેંસલાનો ઈન્કાર કરે તે મુસલમાન નથી.**

હવે કુર્આને પાકની સ્પષ્ટ આયતે કરીમાના ફર્માનથી સાબિત થયું કે, જો કોઈનાથી કુફ્ર થઈ જાય અથવા કોઈ કુફ્રની વાત બોલી નાખે કે લખી નાંખે, તો તે નિઃશંક ! કાફિર છે ! ભલે પછી તે કલેમો પઢતો હોય, નમાઝ પઢતો હોય કે જેહાદ પણ કરતો હોય. અને જો એનો એ કુફ્ર બાબતનો ગુનોહ અલ્લાહના રસૂલની ગુસ્તાખીનો છે તો તે મામલો ઘણો જ ગંભીર સાબિત થશે, કેટલો ગંભીર કે જેને માટે ઉલમાએ કિરામે વર્ણન કર્યું છે કે કોઈ ગુસ્તાખે રસૂલ હોય અને ગુસ્તાખી બદલ તૌબા પણ કરી લે તો પણ ઈસ્લામી બાદશાહ તેને જીવતો નહીં છોડે. *(પ્રુફ : સાબિતી માટે જુઓ શિફા શરીફ અને એની શરહો તથા કિતાબ દુરર ગુરર, દુર્રે મુખ્તાર વગેરે.)*

આથી સાબિત થયું કે જો કોઈ માણસ પોતાને મુસલમાન કહે, નમાઝ પઢે, ઝકાત આપે, રોઝા રાખે, હજ્જ કરે, રાત–દિવસ કુર્આન હદીષની તા'લીમ આપે, ઘણો જ મુત્તકી પરહેઝગાર હોય ત્યાં સુધી કે કિબ્લા તરફ થૂંકે પણ નહીં, છતાં પણ જો તેનાથી કોઈ કુફ્રિયા કામ થઈ ગયું, કે કોઈ કુફ્રિયા વાત લખાઈ ગઈ કે બોલાઈ ગઈ તો તેને કાફિર કહેવું કુર્આનની સ્પષ્ટ આયતના આધારે ફર્ઝ છે. એ ગુનો નથી બલ્કે મહાન ઈબાદત છે, કલમી જિહાદ છે,

ઝબાની જિહાદ છે, અને ઈસ્લામી શરીઅતને ગંદા તત્વોથી પાક કરવાની બેહતરીન કોશિશ છે, વાસ્તવિક રીતે અલ્લાહ અને તેના રસૂલની સુન્નત છે, એને ગુનોહ કહેવું એક જિમ્મેદારી પૂરી કરનાર આલિમે દીનને ગાળ, ગલોચ કરવી, તેની શાનમાં ગુસ્તાખી કરવી, ખૂદ મહાપાપ છે.

આ બાબતમાં કેટલાક ગુસ્તાખો તરફથી એક ધોકો આપવામાં આવે છે કે, "અકાઈદના બારામાં સર્વસામાન્ય કાયદો એ છે કે એહલે કિબ્લાને કાફિર કહેવું જાઈઝ નથી, એટલે કે જે કા'બા શરીફ તરફ મોઢું કરી નમાઝ પઢનાર હોય તેને કાફિર કહેવું જાઈઝ નથી!

એ બાબતમાં અમારી બે નમ્ર અપીલો છે : **એક** એ કે જે લોકો ઉલમાના આ ઈર્શાદને પોતાની ઢાલ માને છે તેમનો અમલ એનાથી વિરૂદ્ધ જોવા મળે છે, દાખલા તરીકે કાદિયાનીને એ લોકો પણ કાફિર કહે છે, જ્યારે કે કાદિયાની પણ કા'બા શરીફને કિબ્લો માની તે તરફ મોઢું કરી નમાઝ પઢે છે. હવે દરેક માણસે વિચારવાની જરૂરત છે કે જો એહલે કિબ્લાનો મતલબ કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢે તે દરેક સંજોગોમાં મુસલમાન જ છે ભલે પછી ગમે તેટલો કુફ્રિયા ગુનો કરી બેસે, તો પછી કાદિયાનીઓને કાફિર શા માટે કહેવામાં આવે છે? **બીજી** વાત એ કે એહલે કિબ્લાનો અર્થ એ નથી જે તમે (દેવબંદી) લોકો બતાવીને પોતાના માટે ઢાલ બનાવો છો બલ્કે એહલે કિબ્લાનો અર્થ એ છે કે, જે કા'બા શરીફ તરફ મોઢું કરી નમાઝ તો પઢતો હોય પરંતુ તે સાથે જ તે દીનની તમામ જરૂરી બાબતો ઉપર સંપૂર્ણ ઈમાન પણ ધરાવતો હોય, દીનની જરૂરી વાતોમાંથી કોઈ એકનો પણ ઈન્કાર ન કરતો હોય. કોઈ માણસ કિબ્લા તરફ મોઢું કરી નમાઝ તો પઢતો હોય પરંતુ દીનની જરૂરી વાતોમાંથી કોઈ એકનો પણ ઈન્કાર કરતો હોય તો તે એહલે કિબ્લામાંથી ગણાશે જ નહીં. આવો ! આ બાબતનો સ્પષ્ટ ખુલાસો પોતાના સમયના સૌથી મહાન ફકીહ અને મુહદિષ હઝરત અલ્લામા મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ની ઝબાનથી સાંભળો :– اعلم ان المراد باهل القبلة الذين اتفقوا على ما هو من ضروريات الدين كحدوث العالم وحشر الاجساد وعلم الله بالكليات والجزئيات وما اشبه ذالك من المسائل فمن واظب طول عمره على الطاعات والعبادات مع اعتقاد قدم العالم او نفى الحشر او نفى علمه سبحانه بالجزئيات لا يكون من اهل القبلة وان المراد بعدم تكفير احد من اهل القبلة عند اهل السنة انه لا يكفر ما لم يوجد شئ من امارات الكفر وعلاماته ولم يصدر عنه شئ من موجباته۔

એહલે કિબ્લાથી તે લોકો પ્રતિ નિર્દેશ છે, જેઓ દીનની તમામ જરૂરી બાબતો ઉપર સંપૂર્ણપણે ઈમાન ધરાવતા હોય. જેમ કે દુનિયા અને તેની બધીય ચીજોનું હાદિષ હોવું, (હાદિષનો અર્થ જે હમેશાંથી ન હોય અને હમેશાં રહેનાર ન હોય.) બદનો–શરીરોનો હશ્ર (મરવા પછીની જિંદગી, હિસાબ–કિતાબ) અને એ કે અલ્લાહ તમામ મોટામાં મોટીથી લઈ નાનામાં નાની રજે રજ માત્રને જાણે છે, અને એવી જ બીજી બાબતોના બારામાં, જે માણસ જિંદગીભર ઈબાદતનો પાબંદ રહે, અને દુનિયાને કદીમ (હમેશાંથી છે) હોવાનો અકીદો રાખે અથવા હશ્ર–નશ્રનો ઈન્કાર કરે અથવા અલ્લાહ તઆલાના માટે અમુક બાબતોના ઈલ્મનો ઈન્કાર કરે તે એહલે કિબ્લામાંથી નથી. અને એહલે કિબ્લાને કાફિર ન કહેવાનો એહલે સુન્નત જમાઅતની નજદીક મતલબ એ જ છે કે, એને ત્યાં સુધી કાફિર કહેવામાં નહીં આવે જ્યાં સુધી તેનામાં કુફ્રની નિશાનીઓમાંથી કોઈ એક પણ નિશાની જોવાની ન મળે, કુફ્રિયા કામોમાંથી કોઈ એક પણ (કામ) એનાથી થયાની સાબિતિ ન મળે. *(શર્હે ફિકહે અકબર, પેજ–૧૮૯, મુલ્લા અલી કારી, વફાત : હિ.સ. ૧૦૪૦)*

આ વિષયમાં સૌથી વધુ ઉત્તમ અને ધ્યાન આપવાની વાત એ છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સમયકાળથી આજ સુધીના તમામ કલમો પઢનાર મુસલમાનોના રહનુમાઓ (આલિમો)નો અમલ શો છે તે જાણવું જોઈએ. *(ક્રમશઃ)*

# બુરી નજરથી બચો!

હપ્તો : ૦૧

★ લેખક ★
ફકીહે અસ્ર અલ્હાજ મૌલાના મુફતી મુહમ્મદ અમીન સાહબ ફૈસલાબાદી

★ અનુવાદક ★
જનાબ મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

الحمد لله الذى هدانا لهذا وما كنا لنهتدى لولا ان هدانا الله والصلاة والسلام على حبيبه ورسوله ونبيه رحمة للعالمين وعلى اله واصحابه اجمعين الى يوم الدين- امابعد!

કુર્આન મજીદે જ્યાં ઉમ્મતના લોકોને બીજી બુરાઈઓથી રોક્યા છે ત્યાં ગૈર ઔરતોની તરફ બુરી નજર જેવા અતિ ખરાબ કાર્યથી પણ રોક્યા છે.

કુર્આન શરીફની સૂરએ નૂરમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

قل للمؤمنين يغضوا من ابصارهم ويحفظوا فروجهم

**તર્જુમો** : ''હે મહબૂબ ! તમે મુસલમાન પુરૂષોને હુકમ આપો કે એ પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહ (સતર)ની હિફાઝત કરે. (ઝિનાથી બચે.)

وقل للمؤمنات يغضضن من ابصارهن ويحفظن فروجهن-

**તર્જુમો** : અને હે ! મહબૂબ મુસલમાન ઔરતોને હુકમ આપો કે એ પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહ (સતર)ની હિફાઝત કરે. (બુરા કામોથી બચે !) *(સૂરએ નૂર)*

**ચેતવણી** : અલ્લાહ તઆલાએ મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓને શરમગાહો (ગુપ્ત અંગો)ની હિફાઝતથી પહેલાં બુરી નજરથી બચવાનો હુકમ એટલા માટે આપ્યો છે કે જે બુરી નજરથી બચી ગયો તે બુરાં કામોથી આસાનીથી બચી શકે છે અને જે બુરી નજરથી ન બચ્યો તેનું બુરાં કામોથી બચવું ઘણુ મુશ્કેલ છે.

અમુક કથનો રજુ કરીએ છીએ :–

## ★ હદીષ નં. : ૧ ★

قال عيسى عليه السلام اياكم والنظرة فانها تزرع فى القلب شهوة وكفى بها فتنه-

હઝરત ઈસા નબી عليه الصلوٰة والتسليم એ ફર્માવ્યું, હે લોકો ! બુરી નજરથી બચો ! એટલા માટે કે બુરી નજર રાખી જોવાથી દિલમાં ખ્વાહિશ (વાસના) પેદા થાય છે અને આ ખ્વાહિશ ફિત્ના (ઝિના) માટે કાફી છે. *(નુઝહતુન્નાઝિરીન, પેજ–૨૦૬)*

## ★ હદીષ નં. : ૨ ★

قال داؤد عليه السلام لابنه امش خلف الاسد والاسود ولا تمش خلف المرأة-

હઝરત દાઊદ عليه الصلوٰة والتسليم એ પોતાના

છોકરાને ફર્માવ્યું, હે બેટા ! તું શેર (સિંહ)ની પાછળ જઈ શકે છે, કાળા નાગ પાછળ જઈ શકે છે પણ તું ઔરત (સ્ત્રી)ના પાછળ ન જા ! *(હવાલો ઉપર મુજબ)*

અગર ! ઈન્સાન શેર (સિંહ) અથવા ઝેરીલા સાપ પાછળ જશે તો વધારેમાં વધારે એટલું થશે કે જાન ચાલી જશે પણ ઔરતના પાછળ જવાથી ઈમાન જવાનો ખતરો છે. કેમ કે :–

### ★ હદીષ નં. : ૩ ★

હદીષ શરીફમાં છે :–

لا یزنی الزانی حین یزنی وھو مؤمن-

*(મિશ્કાત, પેજ–૧૭)*

જ્યારે ઝિના કરવાવાળો ઝિના કરે છે તો તે વખતે એ મો'મિન નથી હોતો. અને બેઈમાન જન્નતમાં નથી જઈ શકતો.

અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

قم یا بلال فاذن لا یدخل الجنۃ الا مؤمن-

હે બિલાલ ! ઉઠ અને એલાન કર કે ઈમાન વિના કોઈ જન્નતમાં નથી જઈ શકતો. *(સહીહ બુખારી, મિશ્કાત, પેજ–૫૩૪)*

### ★ હદીષ નં. : ૪ ★

હદીષ શરીફમાં આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

ان اللّٰہ لمّا

خلق الجنۃ قال لھا تکلمی قالت سعد من

دخلنی وقال الجبار جل جلالہ وعزتی

وجلالی لا یسکن فیك مدمن خمر ولا

مصر علی الزنا ولا قتات ولا دیوث......الخ

*(નુઝહતુન્નાઝિરીન, પેજ–૧૪૮)* બેશક ! અલ્લાહ તઆલાએ જ્યારે જન્નતને પેદા કરી તો ફર્માવ્યું કે તું મારાથી વાત કર ! જન્નતે કહ્યું કે તે નેક બખ્ત છે જે મારામાં દાખલ થાય. અને અલ્લાહ જબ્બારો કહ્હારે જન્નતથી ફર્માવ્યું, જન્નત મને મારી ઈજ્જત અને જલાલની કસમ ! દારૂ પીવાવાળો, ઝિના કરવાવાળો, ચુગલી કરવાવાળો અને દય્યૂષ (જે પોતાની સ્ત્રીઓને બિભત્સતાથી ન રોકે તે) નથી રહી શકતો

**નોંધ** : દય્યૂષનો અર્થ છે બેગૈરત એટલે પોતાના ઘરમાં બીવી અને બહુ બેટીયોના પાસે ગૈર પુરૂષોને આવવા જવાથી ન રોકે.

### ★ હદીષ નં. : ૫ ★

## ✪ ઝિના કરનાર પુરૂષો અને સ્ત્રીઓનો અંજામ ✪

وان فروج الزناۃ لتوذی اھل النار بنتن ریحھا-

*(હવાલો જામેઅ સગીર, પેજ–૮૧)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જહન્નમ (દોઝખ)માં બુરા કાર્ય કરનાર પુરૂષો અને સ્ત્રીઓથી જે દુર્ગંધ નીકળશે એનાથી દોઝખી લોકોને પણ સખ્ત તકલીફ થશે.

હે મુસલમાન ! વિચાર કર કે બુરાં કાર્યોથી કેટલી રુસ્વાઈ (ઝિલ્લત) થશે. અલ્લાહ તઆલા મુસલમાનોને બુરી નજરોથી બચાવે.

### ★ હદીષ નં. : ૬ ★

હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું :–

یقول ابلیس ھی قوسی القدیمہ التی ارمی بھا وسھمی الذی لا اخطی بہ یعنی النظرۃ-

*(નુઝહતુન્નાઝિરીને, પેજ–૨૦૬)* શયતાન ઈબ્લીસ કહે છે, બુરી નઝર એ મારું તીર કમાન છે જે હું ફેંકતો રહુ છું, અને આ મારું તીર ભૂલ નથી કરતું. એટલે બુરી નઝરથી ન બચનાર ઝિનાથી પણ નથી બચી શકતો.

★ **હદીષ નં. : ૭** ★

قال يحيى لعيسى عليها السلام لاتكن حديدة النظر الى ماليس لك فانه لن يزنى فرجك ما حفظت نظرك فان استطعت ان لاتنظر الى ثوب المواة التى لايحل لك فافعل ولن تسطيع ذالك الا باذن الله تعالىٰ-

*(નુઝહતુન્નાઝિરીન, પેજ–૨૦૬)*

હઝરત યહ્યા عليه الصلوٰة والتسليم એ હઝરત ઈસા عليه الصلوٰة والتسليم ના વાસ્તાથી ફર્માવ્યું, હે ઈન્સાન ! જે વસ્તુ તરફ તારૂં જોવું જાઈઝ નથી એના તરફ તું ન જો ! એટલા માટે કે જ્યાં સુધી તું પોતાની નજરની હિફાઝત કરતો રહીશ તો ઝિનાથી બચતો રહીશ. અને જો તું એવું કરી શકે કે કોઈ ગૈર ઔરતનાં કપડાં તરફ પણ નજર ન કરે તો એવું કર, અને આ અલ્લાહની તૌફીક વિના નથી થઈ શકતું.

★ **હદીષ નં. : ૮** ★

عن الحسن مرسلا قال بلغنى ان رسول اللّٰه صلى اللّٰه عليه وآله وسلم قال لعن اللّٰه الناظر والمنظور اليها-

*((તફસીરે મઝહરી, પેજ–૪૧૧, ભાગ–૨)*

હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાની લા'નત છે જોવાવાળા પર અને તે સ્ત્રી પર જેને પુરૂષ જુએ છે.

**સ્પષ્ટતા** : પુરૂષોમાં સ્ત્રીઓ તરફ જોવાનો શોખ હોય છે અને સ્ત્રીઓમાં દેખાડવાનો શોખ.

હદીષ શરીફમાં છે :–

هريرة رضى اللّٰه عنه قال قال رسول اللّٰه صلى اللّٰه عليه وسلم صنفان من اهل النار لم ارهما قوم معهم سياط كاذناب البقر يضربون بها الناس ونساء كاسيات عاريات مميلات لايدخلن الجنة ولايجدون ريحها وان مائلات رؤسهن كاسنمة الخت المائلة ريحها لتوجد من ميسرة كذا او كذا-

*(સહીહ મુસ્લિમ, મિશ્કાત, પેજ–૩૦૬)*

રસૂલે અકરમ صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું, બે ગિરોહ (જમાઅત) દોઝખી છે અત્યાર સુધી એ જાહેર નથી થયા, એક ગિરોહ એ હશે જેમના હાથમાં કોરડા હશે ગાયની પૂછડી જેવા, એ કોરડાથી લોકોને મારશે. બીજો ગિરોહ સ્ત્રીઓનો હશે જે કપડાં તો પહેરશે છતાં પણ નગ્ન હશે. પુરૂષને પોતાની તરફ આકર્ષિત કરવાવાળી અને પોતે પુરૂષોની તરફ આકર્ષિત થવાવાળી. એમના માથાં એવાં હશે જેવી રીતે બખ્તી ઊંટની કોહાન (ખુંધ) એક બાજુ નમેલી. **આવી સ્ત્રીઓ જન્નતમાં દાખલ નહીં થાય** અને **જન્નતની ખુશ્બુ પણ એમને મળશે નહીં !** જ્યારે કે જન્નતની ખુશ્બુ દૂર દૂર સુધી પહોંચતી હશે.

આ હદીષથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓને પોતાની જાત દેખાડવાનો શોખ હોય છે, નહીં તો કોણ અલ્લાહ તઆલાના હુકમની નાફર્માની કરી મેકઅપ કરી, બની સંવારીને બહાર નીકળી દોઝખને ખરીદે. જ્યારે સ્ત્રીને પણ શોખ હોય કે મને પુરૂષો જુએ તો આવી હાલતમાં જોવાવાળો અને જોવાવાળી બંનેવ લાઅનતના હક્કદાર થશે.

★ **હદીષ નં. : ૯** ★

રસૂલે અકરમ હબીબે આ'ઝમ صلى الله تعالىٰ عليه وسلم એ ફર્માવ્યું :– فزنا العين النظر -

*(તફસીરે ઈબ્ને કષીર, સૂરએ નૂર)*

"બુરી નજર આંખોનો ઝિના છે !"

### ★ હદીષ નં. : ૧૦ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

العينان زناهما النظر......الخ۔

બંનેવ આંખોનો ઝિના બુરી નજર છે.

### ★ હદીષ નં. : ૧૧ ★

ઝવાજિરે હિન્દીમાં છે કે સ્ત્રીઓની તરફ બુરી નજરથી જોવાવાળાને અલ્લાહ તઆલા કયામતના દિવસે આગનો સૂરમો લગાડશે.

**અપીલ** : મુસલમાનોથી ખેરખાહી સાથે અપીલ છે કે બુરી નજરથી બચે ! બચે ! એટલા માટે કે જે બુરી નજરથી નથી બચતો એનું ઝિના જેવા બુરા કાર્યથી બચવું ઘણુ મુશ્કેલ છે. અલ્લાહ તઆલા બચવાની તૌફીક અતા ફર્માવે– (આમીન) અને જેણે પોતાને બુરી નજરથી બચાવી લીધો એના માટે મોટા મોટા ઈનામો છે. વાંચો અને ઈનામ હાંસલ કરો.

### ★ હદીષ નં. : ૧૨ ★

عن ابى امامة عن النبى صلى الله عليه
وسلم قال مامن مسلم ينظر الى محاسن
امرأة اول مرة ثم يغض بصره الا احدث الله
له عبادة يجد حلاوتها۔

*(તફસીરે મઝહરી, સૂરએ નૂર)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે મુસલમાને કોઈ સ્ત્રીના હુસ્ન જમાલ તરફ અચાનક નજર કરી અને તરત નીચી કરી લીધી તો અલ્લાહ તઆલા એના માટે એવી ઈબાદતની એને તૌફીક આપશે જેની લજ્જત (મીઠાસ)ને તે અનુભવશે.

### ★ હદીષ નં. : ૧૩ ★

સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે :–

قال رسول الله صلى الله عليه وسلم
ان النظر سهم من سهام ابليس مسموم
من تركها مخافتى ابدلته ايمانا يجد
حلاوتها فى قلبه۔

*(તફસીરે ઈબ્ને કષીર, પેજ–૨૬૫)*

રસૂલે મોહતરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બુરી નજર શૈતાન (ઈબ્લીસ)નું ઝેરવાળું તીર છે અને જેણે અલ્લાહ عزوجل ના ખૌફથી બુરી નજરને રોકી લીધી તો અલ્લાહ તઆલા એને ઈમાનમાં બદલી કાઢશે જેની ચાસણી (લજ્જત) એ પોતાના દિલમાં અનુભવશે.

### ★ હદીષ નં. : ૧૪ ★

સયૈદેના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે :–

قال رسول الله صلى الله عليه وسلم
كل عين باكية يوم القيامة الا عينا غضت
من محارم الله وعينا سهرت فى سبيل الله
وعينا يخرج منها مثل راس الذباب من خشية
الله عزوجل۔

*(તફસીરે ઈબ્ને કષીર, પેજ–૨૬૬, ભાગ–૩, સૂરએ નૂર)*

રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કયામતના દિવસે બધી જ આંખો રડતી હશે પરંતુ જે આંખ અલ્લાહ તઆલાની હરામ કરેલી વસ્તુઓ જોવાથી બચી અને તે આંખ જે અલ્લાહની રાહમાં જાગી અને એ આંખ જેનાથી અલ્લાહના ખૌફના લીધે માખી જેટલું આંસૂ નીકળ્યું, તે કયામતના દિવસે રડશે નહીં. *(ક્રમશઃ)*

# બાબરી મસ્જિદથી શિક્ષણના કેસરીયાકરણ સુધી

(કાર્યાલય)

કોઈપણ કૌમની સરબુલંદીમાં શિક્ષણ કરોડરજ્જુની સમાન છે. દુનિયાની સૌથી મજબૂત તરીન તથા શક્તિશાળી ચીજ ફિક્ર (વિચારશીલતા) તથા સોચ છે. જ્યારે ફિક્ર ખીલી ઉઠે છે તો કૌમ આગળ વધી જાય છે, સમાજ સંવરે છે અને પ્રગતિના મેદાનમાં નવી ક્રાંતિ જન્મ લે છે. પણ ખૂદ એ ફિક્ર શિક્ષણ થતી પોષણ પામે છે.

દુનિયામાં ઈસ્લામ જ તે એકલો પ્રથમ મઝહબ છે જેણે પોતાનો પાયો ઈલ્મથી જ શરૂ કર્યો. પ્રથમ માનવી હઝરત આદમનો સૌ પ્રથમ મુકાબલો ફરિશ્તાઓથી થયો તે ઈલ્મના પાયા પર જ હતો. જેમ હઝરત આદમ ન કેવળ કામયાબ થયા બલ્કે મસ્જૂદે મલાઈકા પણ બન્યા (ફરિશ્તા પાસે સજદો કરાવવામાં આવ્યો) અને ખિલાફતના તાજથી પણ નવાઝવામાં આવ્યા. કુર્આનમાં નાઝિલ થનારી સૌ પ્રથમ આયત પણ ઈલ્મ (વિદ્યા)ની ફઝીલત તથા મહત્વને સ્પષ્ટ કરી રહી છે. મક્કાના મઝલૂમાના દૌરમાં જ્યારે ચોતરફ જુલ્મો સિતમની આંધીઓ ચાલી રહી હતી, મુસલમાનોએ જીવવું મુશ્કેલ હતું, ઈસ્લામ કબૂલ કરવા પર ચોતરફ લોહી વેરતી તલ્વારો ટીંગાઈ રહી હતી. પણ આવા ભયાનક દૌરમાં અને આવા ખતરનાક માહોલમાં પણ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ દારે બનીઅરકમમાં મદ્રસો સ્થાપ્યો. આ પરથી એવું કહેવામાં આવે તો ગલત ન ગણાશે કે ઈસ્લામના એલાન બાદ મસ્જિદોની સ્થાપ્ના બાદમાં થઈ પણ મદ્રસો પ્રથમ વજૂદમાં આવ્યો.

સારાંશ કે કૌમ તથા મિલ્લતના ઘડતરમાં તેની પ્રગતિ તથા કામયાબીમાં અને તેની ભલાઈ તથા અચ્છાઈમાં તા'લીમ અગ્રેસર રહી છે.

એ કારણે જયારે યૂરોપે મુસલમાનો પર હુમ્લા કર્યા તો તેણે એક તરફ મિશનરી સ્કૂલોના થકી મુસલમાનોની દિમાગી તબદીલી તથા તેમનું બ્રેઈન વોશિંગ (Brain Washing) કરીને તેમનામાં અધર્મતા તથા નાસ્તિકતાને હવા આપી અને પછી અધર્મી જેવા મુસલમાનોને દુનિયાના બુદ્ધિજીવી તથા કૌમના ચિંતક બતાવીને તેમને આગળ ધકેલ્યા છે જેનું ઉઘાડુ દષ્ટાંત સલ્માન રુશ્દી તથા તસ્લીમા નસ્રીન જેવા લોકો છે. અને બીજી બાજુ સાચા મુસલમાનોને ઈલ્મથી દૂર કરવા અને તેમને જાહિલ રાખવાના ખતરનાક મન્સૂબા તૈયાર કર્યા. એટલું જ નહીં બલ્કે જે સાચા મુસલમાનોએ પોતાની રીતે ઈલ્મે દીન શીખવા તથા શીખવાડવાની ગોઠવણ કરી તેમને તે ઈન્સાનિયતના દુશ્મનોએ ફન્ડામેન્ટલિસ્ટ અને રૂઢીચુસ્ત કહેતાં ટેરરિસ્ટ (Terrorist) તથા આતંકવાદના અડ્ડા સુદ્ધાં કહી દીધા, જેથી ભાવિમાં જે કોઈપણ આ કાંટાળી ભૂમીમાં કદમ વધારે તે ભયભીત થઈને પહેલેથી હિંમત હારી બેસે.

પહેલાં આ કાર્ય "તનના ગોરા મનના કાળા" અંગ્રેજ કર્યા કરતા હતા પણ આજે આપણા જ દેશ ભકત અંગ્રેજોની ગુલામીને ગર્વનો સામાન સમજતાં તે જ રવિશ અપનાવી રહ્યા છે. યૂરોપવાસીઓએ મુસલમાનોના બ્રેઈન વોશિંગ અને તેમનામાં અધર્મતાને ઉછેર આપવા માટે મિશનરીનો પાયો નાખ્યો અને હવે ખૂદ આપણા પ્રિય દેશમાં પણ આ મિશનને નવો રંગ રૂપ આપીને તા'લીમને કેસરીયાકરણ તથા ભગવાકરણ આપવા માટે ગુપ્ત મનસૂબો તૈયાર કરવામાં આવી રહ્યો છે. મુસલમાનોને દીન તથા મઝહબથી દૂર કરીને તેમને શિર્કના દલ દલમાં ફસાવવાના માટે "વંદે માતરમ"ને અનિવાર્ય ઠરાવવાની સાઝિશ રચવામાં આવી રહી છે.

આખુ જગત એ હકીકતથી સારી રીતે વાકેફ છે કે ઈસ્લામી મિલ્લતે ખુદા સિવાય કોઈની ઈબાદત ન કદી કરી છે અને ન કદી કરશે. દુનિયાની સર્વ કિતાબોમાં કુર્આને પાકની અઝમતના ગીત ગાવા છતાં અને ખાનાએ કા'બાની તરફ પાંચ વાર મોઢુ કરીને નમાઝ અદા કરવા છતાં આપણે તેની તા'ઝીમ તથા તકરીમ તો કરીએ છીએ પણ તેની "વંદના" અને તેની ઈબાદત આજ સુધી કોઈ મુસલમાને નથી કરી. એટલું જ નહીં પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મો'મિનોનો જે ઈમાની રિશ્તો તથા દિલી લગાવ છે તેના જમાલ તથા કમાલ અને તેના જાહોજલાલથી આખુ વિ□ વાકેફ છે, એ રિશ્તો એટલો અડગ તથા મજબૂત છે કે ન કેવળ બ્રિટનનો તાજ અને અમેરિકી વાઈટ હાઉસ તેનાથી કાંપે છે બલ્કે સાત ભોયરાંઓમાં છુપાયેલા રુશ્દી જેવા લોકો પણ તેની ભણકથી કાંપી રહ્યા છે. આજે તેની શાનો શૌકતો, અઝમતો તથા તેની ઈત્રમય મહેકોથી ન કેવળ ઈન્સાની દુનિયા મોઅત્તર તથા મુનવ્વર છે બલ્કે તૂબાની બુલંદી પણ ઝુકી ઝુકીને તેની અઝમતોને ખિરાજે અકીદત પેશ કરી રહી છે ! પણ આ જાહોજલાલ છતાં, આ શાનો શૌકતના છતાં, આ ઉચ્ચતા તથા અઝમતના છતાં અને અદબો એહતેરામના છતાં મુસલમાન તેમને ખુદાનો સૌથી મહાન બંદો અને મહબૂબ રસૂલ સમજીને તેમની રિસાલતની ગવાહી તો આપે છે પણ તેમની વંદના (ઈબાદત) નથી કરતા. બાતિલ પરસ્ત એ હકીકતથી પૂર્ણપણે વાકેફ હોવા છતાં એક વિચારી સમજીને આયોજિત કરેલી સાઝિશના હેઠળ તેને મુસલમાનો પર કેવળ એટલા માટે લાદવા ચાહે છે જેથી બાતિલ પરસ્તોની જેમ તેમનું ઈમાન પણ વ્યાપારનો સામાન બનીને બજારોમાં વેચવા માંડે અને એ ઈમાન જમાલ તથા કમાલ અને નૂર તથા મહેકની દુનિયામાંથી નીકળીને શિર્કના અંધકારોમાં અને કુફ્રના અંધારાઓમાં ખોવાઈ જાય. આ રીતે મિલ્લતે ઈસ્લામિયાનું અસ્તિત્વ ખત્મ કરવા અને ભારતને બીજુ સ્પેન બનાવવાનો પ્લાન લઈને કેટલાક લોકો દિવસ રાત એવા માર્ગોએથી પસાર થઈ રહ્યા છે જ્યાં ચોતરફ આંતકવાદીઓનું રાજ હશે, ઊંચનીચની ચુંગાલમાં ફસાયેલો સમગ્ર સમાજ હશે અને મુઠ્ઠીભર અમુક લોકોના હાથોમાં ભારતનું ભાવિ હશે, જેઓ દરેક કાળા તથા ધોળાના માલિક બનીને પૂરા ભારતવાસીઓને ગુલામીની જંઝીરોમાં જકડીને ઘેટાં બકરાંની જેમ હાંકી રહ્યા હશે. આ સ્થિતિ આખી જાતી માટે જ નહીં બલ્કે દરેક ભારતવાસીઓના માટે, દરેક દેશ ભક્તના માટે અને દરેક દેશ પ્રેમીના માટે ચિંતનનો વિષય છે.

એને બદ્કિસ્મતી કહો કે આંત્રિક કમજોરી કે આજે જે લોકો સત્તા પર બેઠા છે તેમણે દેશની આઝાદીમાં ન તો કોઈ હિસ્સો લીધો અને ન અંગ્રેજોની ગુલામી અને સાત સમંદર પાર આવેલા પરદેશીઓથી છુટકારાને સારું સમજ્યા, તેઓ આજે અતિ ચાલાકી તથા ખૂબ જ હોશિયારીપૂર્વક દેશ ભક્તનો સ્વાંગ રચીને શિક્ષણને ઝેરીલુ બનાવવાનો મનસૂબો લઈને તેને ખાસ રંગમાં રંગી રહ્યા છે. તા'લીમ (શિક્ષણ) અને માહિતી તથા પ્રસારણના માધ્યમો થકી તેઓ પૂરા હિંદુસ્તાનને એક ખાસ દિશામાં દોરી જઈ રહ્યા છે. પોતાના લાંબા કાળના

ખ્વાબની પરિપૂર્ણતાના માટે વૈચારિક કેન્દ્ર પર જે રીતે હુમ્લો કરી રહ્યા છે તે દરેક દેશ પ્રેમી તથા દરેક દેશ ભક્તના માટે ભયજનક સ્થિતિ છે. ખાસ કરીને સેકંડરી એજ્યુકેશનલ્ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), ઈન્ડિયન કાઉન્સિલ ફોર સોશ્યલ સાયન્સ રીસર્ચ (ICSSR) તથા ઈન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરીકલ્ રીસર્ચ (ICHR) જેવી મહત્વની સંસ્થાઓ તથા ચિંતનમય કેન્દ્રોમાં જે લોકોને લાવવામાં આવ્યા છે તેઓ પોતાના છુપા એજન્ડાની ચુગલી ખાઈ રહ્યા છે. બી. બી. લાલ, ડો. રસ્તૂગી તથા બી. આર. ગુરૂવર જેવા લોકોનો ભૂતકાળ કેવો રહ્યો છે અને તેમનાં દિલો કયા પ્રકારની ભાવનાઓથી ભરપુર છે તેનો અંદાજો કેવળ એનાથી લગાડો કે અંગ્રેજી દૈનિક પત્ર "હિંદુ" બીજી મે, ઈ.સ. ૨૦૦૦ માં દર્શાવ્યા મુજબ ડો. રસ્તગૂએ વતનની રક્ષા તથા માનવતાની હિફાઝત માટે નહીં, બલ્કે વતનના ભાગલાના હંગામાઓમાં એક મુસલમાન સ્ત્રીની ક્રુરતાપૂર્વક કત્લ તથા તેના વહેતા લોહી વડે ધરતીને લાલ કરવાના પ્રસંગને ઘણા જ ગર્વભેર રજુ કર્યો છે.

પેલેસ્ટાઈની વિચારશ્રેણી હેઠળ શિક્ષણ ખાતુ ખૂબ જ ગુપ્ત રીતે શિક્ષણના કોર્સમાં હાઈસ્કૂલથી લઈને યુનિવર્સિટી સુધી સંસ્કૃતને લાદવાની પદ્ધતિ માટે કાર્યરત છે. જ્યોતિષ વિદ્યા, વૈદક ગણિત, ધાર્મિક કર્મકાંડમાં પંડિત્વ એટલે હિંદુ ધર્મ કર્મ અને તેની રસ્મોની અદાયગીના માટે સ્કોલરશીપનું એલાન ખૂદ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) કરી રહ્યું છે. આ એટલી ભયાનક સ્થિતિ છે કે ન્યાય પ્રિય દેશના બુદ્ધિજીવીકો અને બિનસાંપ્રદાયિક કહેવાતા લોકો અને કૌમ તથા વતન માટે ભયભીત નજરે જોઈ રહ્યા છે. એના અનુસંધાનમાં ઈદારા કોમન કોઝના થકી લોક હિતમાં કેસ દાખલ કરવામાં દેશ વ્યાપી ખ્યાતિ ધરાવનાર આર. એસ. એસ. ના (Think Tank) અરૂણ શૌરીના પિતા મિ. એચ. ડી. શૌરીના આ બયાનને સાબિતીના રૂપે રજુ કરી શકાય છે જેનાથી દેશના બુદ્ધિજીવીઓની બેચૈનીઓ તથા અજંપાનો અંદાજો લગાડી શકાય છે. તે કહે છે :–

"જો કે સંસ્કૃત મહત્વની કલાસીકી ભાષા છે પણ આપણે હિંદુસ્તાનમાં રહીને અધિકતર પ્રગતિ પામેલા દેશોના સાથે ખભે ખભા મિલાવી પ્રગતિની દોડમાં સામનો કરવાનો છે. આપણે ભૂતકાળમાં રહીને જીવી નથી શકતા. એ ઘણા રંજ તથા અફસોસની વાત છે કે સંસ્કૃત જેવી એક પૂરાણી ભાષા લોકો પર લાદવામાં આવી રહી છે ! એવું કહીને ગવર્નમેન્ટ ખૂદ અન્ય કૌમોની માંગણીઓના દરવાજા ખોલી રહી છે. આગળ જતાં તે શિક્ષણ ખાતાના પ્રધાનને મશ્વરો આપે છે કે એ વાત દેશના લાભમાં હશે કે મંત્રી તાત્કાલિક રીતે આવી નિર્બળ તથા બિનલાભદાયી તજવીઝને પરત લે." *(મુસ્લિમ ઈન્ડિયન, જૂન–૨૦૦૧)*

એક અન્ય બુદ્ધિજીવી તથા લેખક ફિલ બદ્દુઈનું નિવેદન પણ વાંચતા ચાલો જેનાથી બિનસાંપ્રદાયિક મિજાઝ તથા દેશની સલામતી ચાહનારાની દિલી ભાવનાઓનો અંદાજો લાગે છે.

"બીજેપીને કેન્દ્રમાં સત્તાગ્રહણ કર્યે હજી મુશ્કેલીથી ત્રણ વર્ષો પસાર થયાં છે પરંતુ આ અરસામાં તેણે એક ખાસ હેતુસર શૈક્ષણિક ક્ષેત્રોમાં (ખાસ કરીને સ્કૂલી તા'લીમના ક્ષેત્રમાં) અને સામાજિક વિદ્યા, સંશોધન તથા સંસ્કારમાં એટલી બધી તબદીલીઓ કરી નાખી છે કે જો તેના પછી કોઈ બિનસાંપ્રદાયિક ગવર્નમેન્ટ આવી તો તેને તેની સફાઈ કરવાના માટે એક લાંબો કાળ જોઈશે." *(અંગ્રેજી માસિક મુસ્લિમ ઈન્ડિયન, જૂન–૨૦૦૧)*

આ એવી ખતરનાક સ્થિતિ છે જેનાથી હિંદુસ્તાનની તમામ લઘુમતી પ્રજા અને પછાત તબકાઓના માટે ચિંતિત થવું લા'ઝમી છે. ખાસ કરીને મુસ્લિમ પબ્લિક માટે અત્યંત જરૂરી છે કે દેશની રક્ષા, દેશની સલામતી અને અહીં રહેનાર ઈન્સાનોના

લાભોની રક્ષાના માટે આ ષડયંત્રના તળિયા સુધી પહોંચીને તે કોઈ ઠોસ અસરકારક અમલ તૈયાર કરે.

ઈતિહાસનો જાણકાર જો ભૂતકાળનાં પૃષ્ઠો ઉલટાવે તો તેને સ્પષ્ટ જોવા મળશે કે આ સાઝિશ પાછળ એ જ ભાવના તથા એ જ તરીકો કાર્યરત છે જેને કયારેક સ્પેનની ધરતી પર દોહરાવવામાં આવ્યો હતો. એના અનુસંધાનમાં મધ્ય ભારતના અઝીમ મસીહા ખલીફાએ આ'લા હઝરત મોહસિન મિલ્લત મૌલાના શાહ મુહમ્મદ હામિદ અલી સાહબ ફારૂકી علیہ الرحمۃ والرضوان નું તે બયાન આજે પણ આપણા માટે દીવાદાંડી સમાન છે જેમાં આપે બાબરી મસ્જિદ પર તાળુ લાગતી વખતે એ ફિત્નાની કૂખેથી જન્મ લેનાર મુસ્લિમકુશ પ્લાનને પ્રથમ જ નજરે જોઈને તેને એક મહાન તથા ભયાનક ષડયંત્ર ઠરાવતાં લોકોને ધ્યાનિત કરતાં કૌમને ફર્માવ્યું હતું :–

"આ કેવળ એક મસ્જિદનો મસ્અલો નથી બલ્કે પૂરી જાતીની સલામતીનો સવાલ છે. ફિત્નો કરનારાઓએ કેવળ મસ્જિદમાં તાળુ નથી માર્યું બલ્કે મુસ્લિમ કૌમની કિસ્મતો પર તાળાનો પ્લાન બનાવ્યો છે ! આ આપણા ઉજ્જવળ તથા ચમકતા કિરદારને દાગદાર બનાવવાનો મનસૂબો છે જેની આ પ્રારંભિક કડીઓ છે. આવા ભયાનક પ્રસંગે પણ કૌમી શઉર જાગૃત ન થયો, આપસી ઈખ્તેલાફ ન મિટયા તો એ દિવસો દૂર નથી જ્યારે કે ગરનાતા તથા સ્પનનો ઈતિહાસ અહીં દોહરાવવામાં આવશે કે જ્યાં ઈ.સ. ૭૫૬ થી લઈને ઈ.સ. ૧૪૯૨ સુધી ઈસ્લામી અઝમતોનો ઝંડો લહેરાતો રહ્યો, તકવા તથા તહારતની તજલ્લીઓ રકસ કરતી રહી અને ઈલ્મી તથા ફિક્રી કિયાદતથી યૂરોપવાસીઓનું મુકદ્દર ઝગમગતુ રહ્યું. પરંતુ પછી મુસ્લિમ હાકિમોના આપસના અણબનાવો અને ઝઘડાઓએ એ દિવસો દેખાડયા કે ત્યાંની મુસ્લિમ આબાદીઓ કત્લગાહમાં ફેરવી દેવામાં આવી અને કોઈ તે કફન તથા કબર વિનાની લાશો પર આંસૂ વહાવનાર પણ ન હતો." *(માહનામા આ'લા હઝરત, માર્ચ–એપ્રિલ : ઈ.સ. ૧૯૫૧)*

સ્પેનના ઈતિહાસના આ દર્દનાક પ્રકરણ પર રોશની નાખ્યા પછી હઝરત મોહસિને મિલ્લત علیہ الرحمۃ والرضوان કૌમના દાનિશ્વરો અને વતનના લીડરોને સંબોધીને અતિ દુઃખ તથા બેચૈનીપૂર્વક જણાવે છે : શું એ જ ઈતિહાસ અહીં પણ દોહરાવવામાં આવશે ? શું એટલા માટે આપણે જેલખાનાની તકલીફો વેઠીને એને આઝાદ કરાવ્યો હતો ? શું એટલા માટે આપણી માતાઓના ખોળા તથા બહેનોના સુહાગ ઉઝાડવામાં આવ્યા હતા કે સુલ્તાન ટીપુ, સિરાજુદ્દૌલા તથા બહાદુરશાહ ઝફરના આઝાદીના નારાની અમીન તથા નિગેહબાન કૌમ અઝાન તથા નમાઝ સુદ્ધાંથી વંચિત થઈ જાય ?!" *(હમારા કદમ, દિલ્હી, ૧૭–જાન્યુ. ઈ.સ. ૧૯૯૧)*

આ કેવળ હઝરત મોહસિને મિલ્લત علیہ الرحمۃ والرضوان નો જ અવાજ ન હતો બલ્કે દરેક દર્દમંદ મુસલમાનના દિલની સદા હતી. પણ અમુક આંતરરાષ્ટ્રિય સાઝિશોએ, અમુક રાષ્ટ્રિય સમસ્યાઓએ અને અમુક કૌમી મામલાઓએ ધીરે ધીરે પોતાનો તે રંગ દેખાડયો જ્યાં આજે કૌમે મુસ્લિમ ઉભી ઉભી હસરતભર્યી સ્થિતિમાં આસ્માની મદદની રાહ જોઈ રહી છે !

હિંદુસ્તાનને ગુલામ બનાવ્યા બાદ અંગ્રેજોએ ચાહ્યું કે ઈસ્લામી કૌમ પોતાનો ધર્મ બદલીને ઈસાઈયત સ્વીકારી લે. એના અનુસંધાનમાં પાદરી એડમન્ડ આ સરક્યૂલર લેટર (પરિપત્ર) પર એક નજર ફેરવી લેવામાં આવે જે તેમના નાપાક ઈરાદાઓ તથા ખતરનાક મનસૂબાઓની જીવતી જાગતી સાબિતી છે જેને તેણે ઈ.સ. ૧૮૦૦ માં વિવિધ લોકોની પાસે ખાસ કરીને સરકારી કર્મચારીઓને મોકલ્યો હતો. જેમાં તે લખે છે :–

"હવે આખા હિંદમાં એક અમલદારી થઈ ગઈ છે, વીજળીક તારો વડે સર્વ જગાની ખબરો

એક થઈ ગઈ, રેલ્વે વડે સૌ જગાએ આવજા એક થઈ ગઈ જેથી મઝહબ પણ એક હોવો જોઈએ. એટલા માટે મુનાસિબ છે કે તમે લોકો પણ ઈસાઈ એક મઝહબ થઈ જાવ.' *(અસ્બાબે સરકશીએ હિંદુસ્તાન બ હવાલા બાગી હિંદુસ્તાન, પેજ–૨૧૩)*

આ પત્રનો એક એક શબ્દ અને એક એક વાક્ય તેમના સીનાઓમાં છુપાયેલી બદમાશીને પ્રદર્શિત કરી રહેલ છે. પણ ઈસ્લામી મિલ્લતના સરફરોશ મુજાહિદોએ પોતાનાં સરોની કુર્બાનીઓ આપીને ન કેવળ દેશ તથા મિલ્લતની રક્ષાનો ઈતિહાસ સર્જયો બલ્કે દીન તથા મઝહબના ઈતિહાસમાં એક સુનેહરા પૃષ્ઠનો ઉમેરો કરીને ચળ વળના કારવાંના માર્ગોમાં ઉજાસ પણ પાથર્યુ, જેણે છેવટે દુનિયાની સૌથી મહાન શક્તિને પોટલાં બિસ્તરાં બાંધવા પર મજબૂર કરી કે જે હુકૂમતને એવો ઘમંડ હતો કે તેના રાજમાં સૂર્ય નથી ડૂબતો, અને આજે ખૂદ તેના પાટનગરમાં પણ સૂરજ કદી કદી પોતાની રોશની સમેટવા લાગે છે.

આજે ફરી દેશને એક ખાસ રંગમાં રંગવાનો મનસૂબો બનાવીને કેટલાક લોકો ગુલામીના યુગની તરફ તેને પાછો લઈ જવા ચાહે છે એવી હાલતમાં આપણો દીની ફરીઝો છે કે આપણી ભાવિ પેઢીઓની રક્ષા તથા તેમના દીન તેમજ ઈમાનની રક્ષાના માટે કોઈ ઠોસ તથા મજબૂત મનસૂબો બનાવીએ અને તેના થકી આવનારી પેઢીની રક્ષાની વ્યવસ્થા કરીએ.

**હાલમાં આપણે એ તો કરી જ શકીએ છીએ કે આપણા ઘરોમાં દીની માહોલ બનાવીએ તથા આપણા બાળકોને ઈસ્લામી સંસ્કાર તથા સભ્યતા તથા ઈસ્લામી કલ્ચરના માળખામાં એ રીતે ઢાળીએ કે બાતિલ પરસ્તોની સર્વ કોશિશો પર પાણી ફરી વળે.**

**એના માટે મદ્રસાઓથી સંપર્ક રાખીએ, મસ્જિદોથી સંબંધ જોડવાની સાથોસાથ આપણા ઘરમાં પણ દીની તા'લીમની યોગ્ય વ્યવસ્થા અતિશય જરૂરી છે. આવનારો સમય જબરદસ્ત મુશ્કેલીઓ તથા અસંખ્ય સમસ્યાઓ લઈને આવી રહ્યો છે, તેનો સામનો કરવાના માટે મિલ્લતની દરેક વ્યક્તિની બેદારી તથા દીનદારી જરૂરી છે.** મુજદ્દિદે આ'ઝમ સૈયેદેના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ والرضوان આવા જ સમયો માટે ઈર્શાદ ફર્માવે છે :–

*સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ*
*સોનેવાલો જાગતે રહીયો ચોરોંકી રખવાલી હૈ*

મિલ્લતનું બેધ્યાનપણુ, અને સંજોગોથી આંખ આડા કાન કરવાની વૃત્તિ પર અકળામણ દર્શાવતાં અતિશય બેચૈની સાથે અત્યંત અજંપાની હાલતમાં આપ ઈર્શાદ ફર્માવે છે :–

*સોના પાસ હૈ સૂના બન હૈ સોના ઝહેર હૈ ઉઠ પ્યારે*
*તૂ કહતા હૈ મીઠી નિંદ હૈ મત હી તેરી નિરાલી હૈ*

સૈયેદેના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી علیہ الرحمۃ والرضوان થી લઈને હઝરત મોહસિને મિલ્લત સુધી સર્વનો એક જ અવાજ છે કે આ સૂવાનો સમય નથી અને ન હાથ પર હાથ દઈને બેસી રહેવાનો મોકો છે, એટલા માટે ખુદારા જાગો, ! અને તમારી આગામી નસલ (પેઢી)ની હિફાઝતના માટે મિલ્લતે ઈસ્લામિયાની સલામતીના માટે, ભારત દેશની રક્ષાના માટે, દેશની પ્રગતિના માટે જરૂરી છે કે આપણે પોતે પણ જાગીએ અને અન્યોને પણ જગાડીએ.

દેશની આ આઝાદી જેને આપણા બુઝુર્ગોએ જબરદસ્ત કુર્બાનીઓ આપીને હાંસલ કરી હતી અને બહાદુરશાહ ઝફરથી લઈને હઝરત મોહસિને મિલ્લત સુધી સેંકડો નહીં બલ્કે હજારો બુઝુર્ગોએ લોહી વેરીને અને જેલની અંધારી કોટડીઓને આબાદ કરીને મેળવી હતી તે આજે ફરી ષડયંત્રોના ઘેરાવ છે.

અને એની રક્ષાના માટે આપણે ફરી એક નવી જાગૃતિ તથા નવી તબદીલીની જરૂર છે.

*–[માર્ચ–૨૦૦૨, કન્ઝુલ ઈમાન (માસિક)–દિલ્હીમાંથી સાભાર]*

من اعتق فی مرضه او باع وحابی او

# ફતવા વિભાગ


અઝ : હઝરત મુફતી મુહમ્મદ હારૂન રશીદ
કાદરી અમજદી કંબોલવી


### ★ ફતવા નં. : ૦૧ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે મહેરની રકમ મસ્જિદમાં આપી શકાય છે કે નહીં ? બૈયનૂ તૂજરૂ *[પ્રશ્નકર્તા : અબ્દુલબારી શૈખ મુહમ્મદ હાશિમ, રાવેળ, મહારાષ્ટ્ર]*

**જવાબ** : જો પતિ ચાહે કે મહેરની રકમ પત્નીને આપવાને બદલે મસ્જિદમાં આપી દઉં તો એ નાજાઈઝ છે, એટલા માટે કે મહેરની હક્કદાર ઔરત છે. અલ્બત્ત ! પત્ની પોતાની ખુશીથી ઈજાઝત આપે તો એ જાઈઝ છે અને જો પત્ની મૃત્યુશૈયા પર હોય અને કહે કે મહેરની રકમ મસ્જિદમાં આપી દો અથવા વસિયત કરે કે મહેરની રકમ મસ્જિદમાં આપી દેજો, તો એ બંને સંજોગોમાં જોવામાં આવશે કે મહેરની રકમ તેના કુલ માલનો ત્રીજો ભાગ છે કે ઓછી કે વધારે. જો ત્રીજા ભાગની અથવા એથી ઓછી છે તો વારસદારોની ઈજાઝત વિના પૂરી મહેરને મસ્જિદમાં આપી દેવી વાજિબ છે. અને જો ત્રીજા ભાગથી વધારે છે તો વધારાના માટે વારસદારોની ઈજાઝત જરૂરી છે. એટલા માટે કે વસિયત ત્રીજા ભાગ પર છે એનાથી વિશેષ પર નથી. ફતાવા આલમગીરી, ભાગ–૬, પેજ–૧૦૯ માં છે :–

من اعتق فی مرضه او باع وحابی او
وهب فذلك كله جائز وهومعتبر من الثلث

અને હિદાયહ્ ઉખ્રયય્ન કિતાબુલ વસાયા, પેજ નં. ૬૫૪ માં છે :–

لا تجوز بما زادعلی الثلث

અને એવું જ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان એ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૧૨૨ માં લખ્યું છે કે, "વસિય્યત ૧/૩ એટલે કે ત્રીજા ભાગના માલમાં લાગુ પડશે." અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

### ★ ફતવા નં. : ૦૨ ★

**સવાલ** : શું ફર્માવે છે દીનના મુફતીઓ આ મસ્અલામાં કે ઝૈદે કુર્બાનીનું ચામડુ વેચ્યું પછી તેના રૂપિયા મદ્રસામાં આપ્યા તો હિલાએ શરઈ વિના તે રકમને મદ્રસાની જરૂરતમાં ખર્ચ કરવી જાઈઝ છે કે નહીં ? બય્યનૂ તૂજરૂ. *[પ્રશ્નકર્તા : સૈયદ આરિફ શાહ કાદરી, કેમ્પ એરિયા, જનતા નગરી, ભૂજ–ગુજરાત]*

**જવાબ** : જો ઝૈદે એ નિય્યતે ચામડુ વેચ્યું કે તે રૂપિયા પોતાના માટે અથવા પોતાનાં બાળ બચ્ચાંના માટે ખર્ચ કરશે પછી તે રકમને મદ્રસામાં આપી દીધી તો શરઈ હિલા વિના તે રકમને મદ્રસામાં વાપરવી જાઈઝ નથી. હા ! જો એ નિય્યતથી વેચ્યું કે તેની રકમ મદ્રસામાં આપી દઈશ તો એ જાઈઝ છે. જેમ કે આજકાલ મોટાભાગે લોકો ખાલ મદ્રસામાં આપી દેતા હોય છે અને કેટલીક વાર ચામડુ ત્યાં

મોકલવામાં તકલીફ પડે છે તો તેને વેચીને રૂપિયા મોકલી આપે છે, એમાં વાંધો નથી. અને હદીષમાં જે એને વેચવાની મનાઈ આવી છે, તેનાથી મુરાદ પોતાના માટે વેચવું છે. એ જ પ્રમાણે બહારે શરીઅત, ભાગ–૧૫, પેજ–૧૪૫ ઉપર છે. અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عليه الرحمة والرضوان લખે છે કે, "કુર્બાનીની ખાલ વેચવાની ગરજે ન વેચી હોય બલ્કે નેક કાર્યમાં ખર્ચ કરવાના હેતુથી વેચ્યું હોય તો પણ જાઈઝ છે અને એને વપરાશમાં લેવું પણ જાઈઝ છે ભલે ત્યાં ફકીરને માલિક ન બનાવવામાં આવેલ હોય, કેમ કે કુર્બાનીનો મકસદ તદ્દન સવાબનું કામ જ છે, ફકીરને માલિક બનાવવાનો નથી. એટલા માટે કુર્બાનીનો ગોશ્ત વગેરે માલદારને આપવો પણ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૮, પેજ–૫૧૧)* અને ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૦૧ માં છે :–

ولو باعها بالدراهم ليتصدق بها جاز

જેથી આ સંજોગોમાં કુર્બાનીના ચામડાની કિંમત હિલાએ શરઈ વિના મદ્રસાની જરૂરતોમાં ખર્ચ કરવી જાઈઝ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

### ★ ફતવા નં. : ૦૩ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે નજદી હુકૂમતે તા. ૧૧, ૧૨ ઝીલ હજ્જના રોજ શૈતાનને કાંકરી મારવાનો સમય સવારથી કરી આપ્યો છે તો એ દિવસોમાં ઝવાલ પહેલાં કાંકરી મારવાના વિશે શરીઅતનો શો હુકમ છે ? *[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ અલી ઈસ્હાક સુમરા, ચાંદાંની મસ્જિદની સામે, જામ ખંભાલિયા–જામનગર]*

**જવાબ** : હુઝૂર સદરુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان લખે છે કે, "૧૧, ૧૨ મી તારીખની રમી ઝવાલથી પહેલાં મુદ્દલે સહીહ નથી." (બહારે શરીઅત, ભાગ–૬, પેજ–૧૧) અને લખે છે કે, "૧૨ મી તારીખે ઝવાલ પછી ત્રણેવ જમરાની રમી કરો. અમુક લોકો બપોર પહેલાં રમી કરીને મક્કા મુકર્રમા ચાલ્યા જાય છે આ આપણા અસલ મઝહબની વિરૂધ્ધ છે અને એ એક ઝઈફ રિવાયત છે તેના પર તમે અમલ ન કરો." *(બહારે શરીઅત, ભાગ–૬, પેજ–૧૦૯)*

જેથી નજદી હુકૂમતે જે રમીનો સમય સવારથી કરી આપ્યો છે તે ઝઈફ રિવાયતના પ્રમાણે છે એના પર કદાપિ અમલ કરવામાં ન આવે. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عليه الرحمة والرضوان લખે છે કે, "૧૨ મી તારીખે ઝવાલ પહેલાં ચાલી નીકળવાની જરૂર હવે ત્યાં આદત કાઢી છે અને એ આપણા મઝહબ તથા જાહેરી રિવાયતમાં ગુનોહ છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૬૮)* અને ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૨૩૩ માં છે :–

اماوقت الرمى فى اليوم الثانى والثالث فهو
ما بعد الزوال الى طلوع الشمس من الغدحتى لا
يجوز الرمى فيهما قبل الزوال اھ

જેથી ઝવાલથી પહેલાં કાંકરી હરગિઝ ન મારશો, ઝવાલ પછી જ મારશો ભલે રાત પડી જાય. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

### ★ ફતવા નં. : ૦૪ ★

**સવાલ** : શું ફર્માવે છે મુફ્તિયાને દીનો મિલ્લત આ મસ્અલામાં કે મસ્જિદથી પશ્ચિમે તેની પોતાની જમીન છે તો તેના નવા બાંધકામમાં તે જમીન મસ્જિદમાં સામેલ કરી શકીએ છીએ કે નહીં ? બૈયનૂ તૂજરૂ. *[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ દિલશાદ રઝા રઝવી, ભિકારીપૂર, પીલીભીત શરીફ, યુ.પી.]*

**જવાબ** : જો તે જમીન મસ્જિદને વિસ્તારવા માટે જ વકફ છે તો મસ્જિદમાં નમાઝીઓને તંગ જણાય અથવા ન તંગ હોય બંને સંજોગોમાં નવા બાંધકામમાં એને સામેલ કરી લેવી જાઈઝ છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عليه الرحمة والرضوان લખે છે, "જો મસ્જિદ સાંકડી હોય અને જમાઅતમાં તકલીફ થતી હોય અને જગ્યાની જરૂર છે તો એ જમીન (જે દુકાન વગેરેના માટે વકફ છે)ને મસ્જિદમાં સામેલ કરી દેવામાં આવે, નહીં તો નહીં. કેમ કે તે મસ્જિદના માટે વકફ છે, નહીં કે મસ્જિદ કરી દેવા માટે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ-૬, પેજ-૬૫૧)*

અને ફતાવા આલમગીરીમાં છે :-

لا يجوز تغيير الوقف عن هيئته۔اھ
فى الفتح ضاق المسجد وبجنبه ارض
وقف عليه او حانوت جاز ان يوخذ ويدخل فيه

અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*
***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

## ★ ફતવા નં. : ૦૫ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે મો'મિન જયારે કબ્રમાં ફરિશ્તાઓના સવાલોના સહીહ જવાબો આપશે તો તેને કહેવામાં આવશે કે સૂઈ જા ! જેવી રીતે દુલ્હો સૂએ છે. અને એના માટે જન્નતની ખિડકી ખોલી દેવામાં આવશે. તો જે એમાં ગુનેહગાર હશે એમના પર કબ્રનો અઝાબ કઈ રીતે થશે ? બૈયનૂ તૂજરૂ. *[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ ખુર્શિદ આલમ રઝવી, મુ. દબરા, પો. પાંચડમ્થી ઈસ્લામપુર, જિ. ઉત્તર દીનાજપુર, બંગાળ]*

**જવાબ** : કબ્રનો અઝાબ હક્ક છે અને જે મો'મિન ફરિશ્તાઓના સહીહ જવાબો આપી દેશે તેમના માટે ખુશખબરી સંભળાવવામાં આવશે અને આ ખુશખબરી આમ મો'મિનો માટે નથી બલ્કે જેઓ ફર્માંબરદાર હશે તેમના માટે છે. હા ! જે મો'મિનો ગુનેહગાર છે તેઓ જો મૃત્યુ પહેલાં તૌબા કરી લે અને જેને ખુદા પાક ચાહે તો એના માટે પણ કબ્રનો અઝાબ હશે નહીં. ઈર્શાદે રબ્બાની છે :-

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ
وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

એટલે કે "બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે અને કુફ્રની નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે." *(પારા-૫, સૂ. નિસાઅ, આયત-૪૮)* અને બાકીના ગુનેહગારો માટે અમુક પર તેમના ગુનાહો પ્રમાણે અઝાબ પણ થશે. પછી તેમના પીરાને એઝામ અથવા મઝહબના ઈમામ અથવા ઔલિયાએ કિરામની શફાઅત અથવા કેવળ રહમતથી તે ચાહશે તો નજાત પામશે. અને અમુકે કહ્યું કે ગુનેહગાર મો'મિન પર કબ્રનો અઝાબ જુમ્આની રાત સુધી છે, એના આવતાં જ ઉઠાવી લેવામાં આવશે. એવું બહારે શરીઅત, ભાગ-૧, પેજ-૨૭ ઉપર છે. અને શર્હે અકાઈદ, પેજ નં. ૯૮ માં છે :-

ولبعض عصاة المؤمنين خص البعض لان منهم
من لا يريد الله تعالى تعذيبه فلا يعذب۔

અને મુહક્કિક અલલ્ ઈત્લાક શેખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી عليه الرحمة والرضوان એ 'અશિઅતુલ લમ્આત' ભાગ-૧, પેજ-૧૧૬ એ જ પ્રમાણે દર્શાવ્યું છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*
***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ કામયાબીના શિખરો સર કરતો મુંબઈનો આલમી સુન્ની ઈજતેમા ! ★

આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી**નો આલમી સુન્ની ઈજતેમા તા. ૨૬–૨૭–૨૮ ડિસે.–૦૩ ના દિવસોમાં પોતાની અનોખી આન, બાન તથા શાનની સાથે યોજાઈ ગયો. પ્રથમ દિવસે જુમ્આ બાદથી મગરિબ સુધી બહેનોનો ઈજતેમા યોજાયો જેમાં દીની બહેનોએ સર્વ રેકોર્ડો બ્રેક કરી નાખ્યા એ રીતે વાદીએ નૂર આઝાદ મેદાનને ભરી દીધું હતું અને હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.) તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી સાહબ, મૌલાના સૈયદ અબ્દુલ જલીલ સાહબ વગેરેનાં અસરકારક બયાનો થયાં હતાં. ૨૮ તારીખ શનિ, રવિના બંને દિવસો મર્દો માટે ઈજતેમા તેના નિયમાનુસાર ચાલતો રહ્યો અને નઅત, તિલાવત, તર્જુમા કન્ઝુલ ઈમાન, બયાનોનો ક્રમ જારી રહ્યો, તર્બિયતી હલકા થતા રહ્યા અને ઉલમા તથા મુબલ્લિગોએ વર્ણવેલ ઈલ્મી વાતો તથા સુન્નતોના ફઝાઈલ મસાઈલથી હાજરજનો ફૈઝયાબ થતા રહ્યા. હઝરત મૌલાના કારી ઝહીરૂદ્દીને ફિક્ર અંગેઝ બયાન કર્યું હતું. મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબે લાખોના મજમાને ''કુર્આન મજીદ ઔર હમારી ઝિંદગી''એ વિષયમાં બંને દિવસ દિલને ઝંઝોળનાર બયાન કર્યું હતું. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર રઝવી નૂરી સાહબે પણ કુર્આની આયતો પર આયતો રજુ કરીને તેની ખૂબીઓ વર્ણવી ઈસ્લામો સુન્નિયત માટે મેહનત કરવાની લાખોના મજમાને દા'વત આપી હતી. ઉપરાંત અન્ય ઉલમાનાં બયાનો થયાં હતાં.

હાજરી આપનાર હસ્તીઓ :– હઝરત પીરે તરીકત સૈયદ દાદામિયાં બાપુ–સાવરકુંડલાવાળા, હઝરત મૌલાના સૈયદ સિબ્તૈન હૈદર સાહબ–મારહરવી, હઝરત મૌલાના શમ્સુદ્દીન સાહબ, હઝરત મૌલાના મન્સુર અલીખાં સાહબ (મુંબઈ), હઝરત મૌલાના સૈયદ અબ્દુલ જલીલ સાહબ (મુંબઈ), હઝરત મુફ્તી જુબૈર મિસ્બાહી (બાંદરા), હઝરત મૌલાના ફૈયાઝ અહમદ (જોધપુર), હઝરત મૌલાના ફઝલેહક્ક કોટા–રાજસ્થાન વગેરે. કારી રિઝવાન સાહબની નિઝામત તથા નઅતખ્વાની અજોડ રહી. બોલ્ટન યુ.કે. થી પધારેલા મુબલ્લિગ આરિફ પટેલ ટંકારવીએ ઈંગ્લિશમાં U.K., U.S.A. તથા કેનડામાં સુન્ની દા'વતે ઈસ્લામીના શા પ્રત્યાઘાત પડયા છે તેનો ચિતાર શાનદાર રીતે આપ્યો હતો. છેવટમાં દુનિયાએ સુન્નિયતની મહાન હસ્તી ખાનકાહે બરકાતિયા મારહરાના સજ્જાદાનશીન અમીને મિલ્લત હઝરત સૈયદ અમીનમિયાં સાહબે સુન્ની દા'વતે ઈસ્લામીના સમર્થનમાં કહ્યું કે **''સુન્ની દા'વતે ઈસ્લામી એ મસ્લકે આ'લા હઝરતનું એક્સટેન્સન જ છે ! કોઈ અલગ ફિર્કાની તેહરીક નથી''** તથા શાકિર રઝવી સાહબની મેહનતને બિરદાવી હતી અને સુન્નીઓને આ તેહરીકમાં જોડાવા તથા સાથ આપવા અપીલ કરી હતી. અને હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાંની કિતાબ **ખુત્બાતે મુફક્કિરે ઈસ્લામ, હિસ્સા–૧** તથા મૌલાના શાકિર સાહબની કિતાબ **હિકમતે નમાઝ** તથા આપણા આ ગુજરાતી માસિક **બરકાતે ખ્વાજા**ની રસ્મે ઈજરા હઝરત અમીને મિલ્લતે પોતાના મુબારક હાથો વડે કરીને તેના ખરીદાર થવા અપીલ કરી હતી. તેમ જ સક્રિય મુબલ્લિગોને તેહરીક તરફથી હજ્જ માટે જવા ડ્રો કરતાં માલેગાંવના મુબલ્લિગ સૈયદ અમીન સાહબનું નામ જાહેર થયું હતું. છેવટમાં લાઈટો બંધ કરીને ઝિક્ર દુઆમાં રડી રડીને લોકોએ તૌબા કરી દુઆ કરી હતી અને અંતે સલાતો સલામ બાદ મદીના શરીફથી તશરીફ લાવેલ **હઝરત શયખ મક્સૂમ** مدظلہ العالی એ દુઆ ગુઝારી હતી.

## ★ હુસૈની કમિટી–જંબુસરની ગતિવિધિ ★

જંબુસર નગરની મુસ્લિમ બહેનોની દીની અખ્લાકી તર્બિયત માટે સૌદાગર વાડી તથા તલાવપુરામાં ઔરતોના ઈજતેમામાં મુંબઈ તથા સૂરતની આલિમા મુબલ્લિગા બહેનોએ અસરકારક બયાનો કર્યાં જેની ઘણી સારી અસરો સ્ત્રી વર્ગમાં જોવા મળી છે. તેમ જ બહેનો માટે હજ્જનો તર્બિયતી કેમ્પ પણ એ જ આલિમાઓ થકી થયો હતો.

તેમજ વલી મુહમ્મદ અહમદભાઈ મોભારોડવાળા ટ્રસ્ટ સંચાલિત વિના મૂલ્ય કાદરિયા મહિલા સીવણ કલાસમાં તા'લીમ પામેલ ૩૦ જેટલી બહેનોને પ્રમાણપત્રો એનાયત કરવાનો પ્રોગ્રામ પણ થયો હતો. મર્હૂમ સૈયદ મજુમિયા બાપુના ઈંતેકાલ પછી તેમના સુપુત્ર સૈયદ હસ્મતઅલી બાપુ સીવણ કલાસનું સંચાલન બખૂબી અંજામ આપી રહ્યા છે.

*–(સંક્ષિપ્ત કરીને કે. એમ. રાજના રિપોર્ટ પરથી)*

## ★ ....અને એક કલમ થંભી ગઈ ! ★

ગુજરાતી સુન્ની સાહિત્ય ક્ષેત્રે અતિ મશહૂર હસ્તી જનાબ ઈસ્માઈલ મુહમ્મદ હાફેઝ નબીપુરી કે જેમણે પોતાની કલમરૂપી મશીનગન વડે અહલે સુન્નતની સરહદોની વર્ષોથી રક્ષા કરીને બાતિલ ફિર્કાઓને ઝેર કરવામાં કોઈ કસર નથી છોડી. આ બાહોશ કલમકારની કલમ જેણે દીન તથા સુન્નિયતની ખિદમત કાજે સુન્નીઓના હાથોમાં એક પછી એક કેટલીયે કિતાબો ભેટ ધરી છે, એ કલમ તા.૨૪–૧૨–૨૦૦૪ બુધવારના રોજ ખામોશ થઈ ગઈ. (ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન) આમેય ગુજરાતી દીની સુન્ની સાહિત્ય ક્ષેત્રે કલમકારોની અછત રહેલી છે તેમાંય આપના આ ફાની જગતને અલવિદા કહેવાથી એક અચ્છા કલમકારની ન પૂરાઈ શકે તેવી ખોટ ઉભી થઈ છે. આપે નબીપુર ખાતે **''હન્ફી કિતાબ ઘર''**ની સ્થાપ્નાથી કલમી સેવા શરૂ કરી. શરૂમાં આપ **''કલમ''**માં પણ લેખો લખતા હતા. ત્યારબાદ **''અલ મુઈન''** માસિક થામના પ્રારંભકાળમાં આપે તંત્રી તથા સંપાદક તરીકે બેનમૂન સેવા અર્પી છે તેમ જ **''તયબાહ''** માસિક સાથે આપ સતત સંકળાયેલા રહ્યા, અમુક સમય સહતંત્રી તરીકે **''તયબાહ''**માં ખિદમત આપી તેમ જ **''ફયઝે રઝા''** તથા અન્ય સુન્ની માસિકોમાં આપના લેખો સુન્નીઓ માટે હિદાયતનો સામાન બનતા રહ્યા હતા. **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને પણ **રહનુમાએ હક્ક** તથા **વહાબીની કહાની હમ્ફેની ઝબાની** જેવી બે લાજવાબ તથા અતિ મકબૂલ કિતાબો આપે ગુજરાતી કરી આપી હતી તે ઉપરાંત **હુસૈની કમિટી (સુન્ની) મોરબી** તથા **સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ** તથા અન્ય સુન્ની પ્રકાશક સંસ્થાઓને આપે ખિદમતોથી નવાઝેલ છે. **બઝમે રૂકનુદ્દીન મુજદ્દિદી–અમદાવાદ**ને આપે અલ્લામા જામીની મોટી કિતાબ **શવાહિદુન્નબુવ્વત**ના અનુવાદની ખિદમત આપી હતી ઉપરાંત અન્ય ઘણી કિતાબો આપની અનુવાદિત તથા સંપાદિત પ્રગટ થતી રહી છે. ઉપરાંત ભરૂચ જિલ્લામાં દીની જલસાઓના આયોજનોમાં, ઉલમા તથા મશાઈખનાં બયાનો, સુન્ની કોન્ફરન્સોમાં આપ નકીબે અહલે સુન્નત **હઝરત મૌલાના અલી મુહમ્મદ ધોરાજવી** મર્હૂમ સાથે સુન્નિયતની ધુમ મચાવતા હતા. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ સાથે આપને ગહરો લગાવ હતો, **મસ્લકે આ'લા હઝરત**ના આપ ઝંડાધારી હતા. આપે ''મસ્લકે આ'લા હઝરત શા માટે ?'' એ નામથી એક કિતાબ પણ સંપાદિત કરી હતી જેને **નૂરી એકેડમી–સૂરતે** પ્રસિદ્ધ કરી હતી ઉપરાંત લેખ રૂપે **અલમુઈન (માસિક)**માં પણ પ્રગટ થઈ હતી. આપ સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામના ભારે ચાહક હતા, સૌની સાથે આજીજીપૂર્વક વર્તનારા હતા. મશહૂર કલમકારોમાં **મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરી** પછી આપની વિદાય દરેક સુન્નિયતના ચાહકને ખટકનારી છે. મશહૂર કલમકાર મર્હૂમ ઈસ્માઈલ હાફેઝ નબીપુરીના ઈન્તેકાલના દુઃખદ સમાચાર એમના સુપુત્ર ગુલામ હાફેઝ થકી મળતાં જ ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના પ્રમુખ પટેલ શબ્બીર અલી રઝવીએ આપના સાથે સંકળાયેલા સર્વ દીની ઈદારાઓ પર ખબર કરી હતી અને આપના ઈસાલે સવાબ અર્થે દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ, દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ, દા.ઉ. મુસ્તફાઈયા–હલદરવા, દા.ઉ. આ'લા હઝરત–વડોદરા, દા.ઉ. અન્વારે ખ્વાજા–બેડી (જામનગર), અમીને શરીઅત એજ્યુકેશન ટ્રસ્ટ–ધ્રોલ, ગરીબખાના કાદરિયા–જંબુસર, મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ..... વગેરેએ કુર્આનખ્વાની કરાવી મર્હૂમને ઈસાલે સવાબ કર્યો હતો. મૌલા કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં આપણને તેનો નેઅમલ બદલ અતા કરે અને મર્હૂમની મગફેરત ફર્માવી તેમની કબ્રને રહમતો નૂરથી ભરી આપે અને તેમના ફરઝંદોને, સગાંઓને, ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા કરે એવી દુઆ છે. *(આમીન) –તંત્રી*

## ★ પાલેજમાં ઔરતોનો ઈજતેમા યોજાયો ★

પાલેજ મદ્રસાએ નૂરે મુહમ્મદી–અંકૂર સાસયટી ખાતે તા. ૪–૧–૦૪ ના રોજ ઝહોરથી અસર સુધી આલિમા ફાઝિલા કારી અનીસા યાકૂબ પટેલ (પાલેજ) તેમજ રઈસા ખલીલ જોહા (હલદરવા)એ કુર્આન હદીષ પરથી ઈમાન અફરોઝ બયાનો કર્યાં હતાં. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. *(રજુકર્તા : હાફેઝ ગુલામ નબી દાઊદ કંબોલ્વી–પાલેજ)* તદ્ઉપરાંત **દયાદરા**માં પણ ત્રણવાર આ મુબલ્લિગાઓ થકી અકુજી હોલમાં પ્રોગ્રામો કામયાબ રીતે યોજાયા હતા.

# એક નજર મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ તરફ પણ !

## મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ શું કરે છે ?

★ એક ઉગતી દીની સુન્ની મસ્લકે આ'લા હઝરતની પ્રખર હિમાયતી અનોખી સંસ્થા છે.

★ એક હિફઝ કલાસ સાથે કિરાઅતની તા'લીમ બાકાયદા ચાલે છે.

★ **તજવીદની સાથે સહીહ કિરાઅત પ્રમાણે જ કુર્આન હિફ્ઝ કરાવવામાં આવે છે.**

★ મુબલ્લિગો થકી દીની, અખ્લાકી તર્બિયત, દીની મસાઈલની સુન્નતોની અસરકારક તા'લીમ આપવાની કાર્યવાહી ચાલે છે. કાયમી તર્બિયતી કેમ્પ ચાલે છે તથા આસપાસના વિસ્તારો જંબુસર, આમોદ, ભરૂચ વગેરે તથા ગામડાંઓમાં ઈજતેમાઓ થકી દીની પ્રચાર કાર્ય ચાલે છે. ઔરતો માટે આલિમાઓ–મુબલ્લિગાઓ થકી ઈજતેમાઓ ગોઠવવામાં આવે છે. વગેરે દીની પ્રવૃત્તિઓ ચાલે છે. હિફઝો કિરાઅતમાં તેમજ તર્બિયતમાં આવનાર તલબા માટે **મફત રહેવા, જમવા, સૂવા વગેરેની સગવડો છે.**

## મદ્રસા બરકાતે ખ્વાજાને શું જરૂરત છે ?

★ મકાનની ખરીદી કરી છે તો તે જગાની ખાસ્સી રકમ આપવાની છે.

★ મકાનના ઉપલા માળે બાંધકામ શરૂ કર્યું છે જે નાણાના અભાવે અટકેલું છે.

★ નીચેના એક હોલમાં જ તા'લીમનાં સૌ કામો હાલ ચાલે છે તે પણ ફિનિશીંગ કરવાનો છે.

★ કિતાબો માટે કબાટો બનાવવાની જરૂર છે, તથા તલબા માટે લોકરો બનાવવાની જરૂર છે.

★ આમોદ જેવા વિસ્તારમાં **મદ્રસા બરકાતે ખ્વાજા**ને વિકસાવવો ખાસ જરૂરી છે.

**તો સખીદાતાઓ આ તરફ ધ્યાન કરે એવી નમ્ર ગુઝારિશ કરીએ છીએ.**

*લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી તથા સર્વ ટ્રસ્ટીઓ*

## અલ્લાહ જઝાએ ખૈર આપે

**મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ** માટે અમારી વિનંતિને માન આપીને ખોજબલના સુન્ની મુજાહિદ **જનાબ મૌલાના ઈસ્માઈલ ખોજબલવી** (બોલ્ટન, યુ.કે.) એ તેમજ **મૌલાના મોહસિન દયાદરવી**એ જે સહકાર કર્યો છે તે બદલ અમો એમના આભારી છીએ. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં તેમને તેમની ઔલાદને બંને જહાનમાં જઝાએ ખૈર આપે. *(આમીન)*

## ભૂલ સુધારો

**૧.** જાન્યુ–૦૪ ના અંકમાં પેજ નં. **૩૬**, કોલમ–૨, લીટી નં. ૧૦/૧૧ માં આ પ્રમાણે વાંચવું : "મક્કામાં હરમ શરીફમાં રહીને એક નમાઝ એટલે એક લાખ નમાઝ છોડવા જેટલો ગુનોહ થશે, મદીનામાં વહાબી પાછળ પઢવાથી એક નમાઝ જવાથી ૫૦ હજાર નમાઝોનો સવાબ જશે."

**૨.** એ જ અંકમાં પેજ–૪૩, ફતવા નં. ૩, લીટી–૧૭, **હમીરા**ને બદલે **હુમૈરા** વાંચવું.

## ''બરકાતે ખ્વાજા''નો પ્રથમ અંક કેવો લાગ્યો ?!

અસ્સલામુ અલૈકુમ વરહ્મતુલ્લાહે વબરકાતુહ.

મુકર્રમી આલી જનાબ અલ્હાજ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આપનું મેહબૂબ માસિક **''બરકાતે ખ્વાજા''** મળ્યું, ટાઈટલ જોતાં જ દિલ બાગ–બાગ થઈ ગયું. અને અંદરના લેખો પણ ઘણાં જ સારા છે જે હાલાતે હાઝરા અને કૌમની જરૂરત પ્રમાણે છે. ખુદાએ પાક બરકાતે ખ્વાજાની બરકતોથી મુસલમાનોને ફૈઝયાબ ફર્માવે અને આ માસિકને મકબૂલે આમ ફર્માવે. અને આપના કલમમાં ઈમામે ઈશ્કો મહબ્બતની ચાસણી અતા ફર્માવે. *(આમીન)*

**– (મુફ્તી) મુહમ્મદ હારૂન રશીદ કાદરી કંબોલ્વી**

*ખાદિમુલ ઈફ્તા વત્તદરીસ જામેઆ અન્વારે મુસ્તફા રઝા, ધ્રોલ, જિ. : જામનગર*

માનનીય હાજી શબ્બીરભાઈ પટેલ,

**''બરકાતે ખ્વાજા''** માસિકનો પ્રથમ અંક હાથમાં આવ્યો. ફ્રંટ પેજ જોતાં જ દિલ બાગ–બાગ થઈ ગયું. અંદરના હજ્જ વિશેના આપના લેખો વાંચ્યા. ઘણી જ જરૂરી માહિતી વાંચવા મળી. દીનની ખિદમતમાં એક કદમ આગળ વધારી એકદમ બીઝી જિંદગીમાં વધુ એક સાહસ હાથ ધર્યુ તે બદલ મુબારકબાદ પાઠવું છું. ખુદા તઆલા કામયાબી આપે અને સુન્ની આલમમાં આમ કરે એ જ દુઆ છે.

**–હાજી હનીફ મુહમ્મદ માસ્તર અરગામાવાલા**

*સેક્રેટરી નૂરે મુહમ્મદી મસ્જિદ મદ્રસા કમિટી ટ્રસ્ટ, રોશન પાર્ક, ભરૂચ*

અસ્સલામુ અલૈકુમ વરહ્મતુલ્લાહે વબરકાતુહ

જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ,

આપના તરફથી બરકાતે ખ્વાજાનો પ્રથમ અંક ટપાલ દ્વારા પ્રાપ્ત થયો વાંચી ખૂબ જ આનંદ થયો. આવી મહત્વના દીની અને ઈલ્મી જરૂરિયાતોને પૂરા કરવાનું શ્રેય (યશ) આપને પ્રાપ્ત થાય છે. આપના દ્વારા અલ્લાહ તબારક વ તઆલા વરસોથી કિતાબો પ્રકાશિત કરવા અને લેખનનું તથા સુન્નિયતના ફેલાવાનું ભરપૂર કામ લઈ રહ્યો છે. આવી જ રીતે અલ્લાહ તબારક વ તઆલા વધુ ખિદમત કરવાની તૌફીક બક્ષે. *(આમીન)* અંકમાં જે વિષયો જેવા કે કુર્આન પાકની તફસીર, મિર્કાત શરહે મિશ્કાત વિગેરે પ્રશંસાને પાત્ર તથા પસંદ પામે તેવા છે. અન્ય વિષયોની પસંદગી પણ ખૂબ મહત્વની છે.

***–હાજી જી. એ. મો'મિન (અશરફી) જુહાપુરા–અમદાવાદ***

મોહતરમ જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ,

બાદ સલામ જણાવવાનું કે આપના તરફથી મોકલેલ **''બરકાતે ખ્વાજા''**નો પહેલો અંક મળ્યો. વાંચી ઘણો ખુશ થયો. શરૂઆત ઘણી સારી છે. જોતાંની સાથે ગમી ગયો. અલ્લાહ તઆલા કામિયાબ કરે. બુઝુર્ગાને દીનની હયાતે પાકને ટૂંકમાં ક્રમવાર છાપતા રહેશો તો ઘણુ સારું રહેશે. તેમાં વાંચકોની જાણકારી વધશે અને માંગ વધતી જશે. મુસલમાનોને ચાલુ જમાના સાથે કદમ કેવી રીતે મિલાવવો જોઈએ, દુનિયામાં થતા પરિવર્તન, વિવિધ સમાચારો છાપશો તો વધુ આકર્ષિત થશે. વધુ પડતુ લખાયું હોય તો માફ કરશો.

**–અબ્દુલગની જ્યુબેલીવાલા** *તલાવ દરવાજા, મુ. બાલાશિનોર–૩૮૮ ૨૫૫*

## ''બરકાતે ખ્વાજા''નો પ્રથમ અંક કેવો લાગ્યો ?!

અસ્સલામુ અલૈકુમ,

બાદ સલામ કે **''બરકાતે ખ્વાજા''** પઢ કર બહુત ખુશી હુઈ. આજ કે મૌજૂદા દૌરમેં જબકે આમ ઔર ખાસ કિતાબો સુન્નત કે અહકામ સે બિલકુલ બેખબર હે. ઈસ દૌરમેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કા ઈશ્કો મહબ્બત સુન્નિયતમેં કાયમ કરને કી ઝરૂરત થી ઔર ઐસે માહોલમેં જબ કે લોગ અરબી, ફારસી, ઉર્દૂસે બિલ્કુલ અન્જાન હૈં ઔર હમારી ઝયાદાતર કિતાબેં ઈન્હીં ઝબાન મેં હે તો ઝરૂરત થી કે ગુજરાતીમેં કોઈ **મસ્લકે આ'લા હઝરત**કા મંથલી હો. ઈસ દૌરાન જનાબ શબ્બીર અલી રઝવી સાહબને ઈસ માહનામાકો શુરૂ કરનેકા બેહતરીન કામ અંજામ દિયા જિસસે ખાસ તૌર સે મુસલમાનોં કો વહાબીયોંકી અસલ હકીકતકી જાનકારી હોગી. યેહ બહુત હી ખૂશી કી બાત હંય. અલ્લાહ તઆલા બરકાતે ખ્વાજાકો કામ્યાબી ઔર કામરાની અતા ફર્માએં. *(આમીન)*

**લિ. કાઝી મસઊદ અહમદ એસ.**
*સે.-૨૯ (ગાંધીનગર)*

## અમારા માનનીય આજીવન ગ્રાહકો

૧. જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી-ભરૂચ
૨. જનાબ મુશ્તાક મુહમ્મદ અકુજી-દયાદરા
૩. જનાબ ઈબ્રાહીમ વલી બાજીભાઈ-દયાદરા
૪. જનાબ ગુલામ અહમદ લાકડાવાલા-દયાદરા
૫. જનાબ સલીમ દાઉદ કરાવાલા-દયાદરા
૬. જનાબ ઉસ્માન હાજી વો.સમનીવાલા-ભરૂચ
૭. જનાબ હાજી અબ્દુલ અઝીઝ મેમણ બરકાતી ધનાની-વડોદરા
૮. મોહતરમા સાયરા અહમદ મિસ્ટર-દયાદરા
૯. જનાબ સાજિદભાઈ ખત્રી બોડેલીવાળા-ભરૂચ (જી.એન.એફ.સી.)
૧૦. જનાબ ઈબ્રાહીમ ઈસ્માઈલ માસ્તર વહેમી ભરૂચ (ઝંઘારવાળા)
૧૧. પરફેકટ ઓટોમોબાઈલ-નેશનલટ્રેડ ભરૂચ
૧૨. જનાબ મુશ્તાકભાઈ ટોપીવાળા-વાગરાવાળા

**''બરકાતે ખ્વાજા''** (માસિક)ની આજીવન ગ્રાહક ફી રૂા. ૨,૫૦૦/- (ઈન્ડિયામાં અને ફોરેનમાં લાઈફ મેમ્બર ફી **£ 250**) છે. અમો અમારા આ માનવતાં ગ્રાહકોના સહકાર બદલ આભારી છીએ કે તેમણે આ ઉગતા છોડની સિંચાઈ માટે સહકાર કર્યો છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં જઝાએ ખૈર અતા કરે. *-તંત્રી (બરકાતે ખ્વાજા-માસિક)*

**અપીલ** : આપ પણ અલ્લાહે દૌલત આપી છે તો રૂા. ૨,૫૦૦/- (ફોરનવાળા **£ 250**) ભરીને આજીવન સભ્ય બની સ્ટાન્ડર્ડ કક્ષાનું દીની ઈલ્મી સાહિત્ય ''બરકાતે ખ્વાજા'' થકી મેળવો અને આજીવન સભ્ય બનો તથા બનાવો, વાંચો તથા વંચાવો અને દીનો ઈમાનને મજબૂત કરો. *-તંત્રી*